શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા

૧	**સુત્તનિપાત** એ સુપ્રસિદ્ધ બૌદ્ધગ્રંથનો ગુજરાતી અનુવાદ	૧-૦-૦
૨	**ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદ** મજ્ઝિમનિકાય ના પ્રથમ ૫૦ સંવાદો	૧- -૦
૩	**ભગવાન મહાવીરની ધર્મકથાઓ** નાયધમ્મકહાસુત્ત નો ગુજરાતી અનુવાદ	૧-૦-૦
૪	**ભગવાન મહાવીરના દશ ઉપાસકો** ઉવાસગદસાસુત્ત નો ગુજરાતી અનુવાદ	૦-૮-૦
૫	**જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્ય વિચાર** સ્વતંત્ર નિબંધ	૦-૫-૦
૬	**સન્મતિ પ્રકરણ** મૂળ ગુજરાતી અનુવાદ ટિપ્પણ ઇ	૧-૮-૦
૭	**जिनागमकथासंग्रह** પ્રાકૃત સંસ્કૃત કોશ ટિપ્પણ સાથે	૧-૪-૦
૮	**શ્રીમદ્દની જીવનયાત્રા** શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથા	૦- -૦
	શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો તેમનાં લખાણોમાંથી વિસ્તાર તારવેલા ઉતારા	૦ ૧૨ ૦
	મહાવીરસ્વામીનો સંયમધર્મ સૂત્રકૃતાંગ નો છાયાનુવાદ	૧-૦-૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ ૨

શ્રી પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા – ૧૧

મહાવીરસ્વામીનો આચારધર્મ

[જૈન આગમ 'આચારાંગ'નો છાયાનુવાદ]

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

'નેવ સયં લોગં અબ્ભાઇક્ખેજ્જા' ।
'મનુષ્ય અન્ય પ્રાણીઓની બાબતમાં બેદરકાર ન રહે' સૂ. ૧-૨૨.

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ અને મુંબઈ ૨

પ્રકાશક [illegible]
[illegible] જૈનસાહિત્ય પ્રકાશન મંડળ
અમદાવાદ

આવૃત્તિ પહેલી સં. ૧૯[illegible]૨

બાર આના

મુદ્રક [illegible]ભાઈ મગનલાલ દેસાઈ
મણિ મુદ્રણાલય અમદાવાદ

આચારાંગસૂત્રના અત્યાર આગમચ બે ગૂજરાતી અનુવાદો બહાર પડી ચૂક્યા છે એક મૂળ જ પહેલો (ઈ સ ૧૯૦૬, બીજી આવૃત્તિ) પ્રો રવજીભાઈ તરફથી, અને બીજો (માત્ર પહેલા ખંડનો જ) થોડા જ સમય પહેલાં (ઈ સ ૧૯૩૬) 'મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર" તરફથી બંને અનુવાદો મૂળના શબ્દશ અનુવાદો છે પરંતુ શરૂઆતમાં જ જણાવ્યું તેમ, આ અનુવાદ છાયાનુવાદ હોઈ તે રીતે તેમનાથી જુદો પડે છે

સૂત્રકૃતાંગના અનુવાદની પેઠે આમાં પણ પુસ્તકને અંતે, મૂળમાંથી કેટલાંક સુભાષિતો ચૂંટીને, ગુજરાતી ભાષાંતર સાથે મૂક્યાં છે તથા અભ્યાસીને ઉપયોગી થાય તેની ટૂંક સૂચિ પણ આપી છે

આશા છે કે, આ અનુવાદ તથા તેની પદ્ધતિ વાચકવર્ગને ઉપયોગી થઈ પડશે

આચારાંગસૂત્રના અત્યાર આગમચ બે ગુજરાતી અનુવાદો બહાર પડી ચૂક્યા છે એક બહુ જ પહેલાં (ઈ સ ૧૯૧૬ બીજી આવૃત્તિ) પ્રો રવજીભાઈ તરફથી, અને બીજો (માત્ર પહેલા ખંડનો જ) થોડા જ સમય પહેલાં (ઈ સ ૧૯૩૬) મહાવીર સાહિત્ય પ્રકાશન-મંદિર તરફથી બંને અનુવાદો મૂળના શબ્દશ અનુવાદો છે પરંતુ શરૂઆતમાં જ જણાવ્યું તેમ, આ અનુવાદ છાયાનુવાદ હોઈ તે રીતે તેમનાથી જુદો પડે છે

સૂત્રકૃતાંગના અનુવાદની પેઠે આમાં પણ પુસ્તકને અંતે, મૂળમાંથી કેટલાંક સુભાષિતો ચૂંટીને, ગુજરાતી ભાવાર્થ સાથે મૂક્યાં છે તથા અભ્યાસીને ઉપયોગી થાય તેવી ટૂંક સૂચિ પણ આપી છે

આશા છે કે, આ અનુવાદ તથા તેની પદ્ધતિ વાચકવર્ગને ઉપયોગી થઈ પડશે

ઉપોદ્ઘાત

૧

આચારાંગસૂત્ર જૈનોના ૧૧ અંગોમાં સૌથી પહેલું ગણાય છે માત્ર ક્રમની દૃષ્ટિએ નહિ, મહત્ત્વની દૃષ્ટિએ પણ. મહાવીર પછી જૈનધર્મના આચાર્યોની પરંપરામાં છઠ્ઠા અને મહાવીર પછી માત્ર ૧૭૦ વર્ષે થએલા શ્રી ભદ્રબાહુસ્વામીએ (આચારાંગ ઉપરની પોતાની નિર્યુક્તિમાં) જણાવ્યું છે

आयारो अंगाणं पढमं अंगं दुवालसण्हंपि ।
इत्थ य मोक्खोवाओ एस य सारो पवयणस्स ॥

'બારેય અંગોમાં આચારાંગ એ પ્રથમ છે. તેમાં મોક્ષનો ઉપાય વર્ણવેલ છે અને તે જ તમામ શાસ્ત્રોના સારરૂપ છે.'

વળી તે જણાવે છે : 'સર્વ તીર્થંકરોએ પણ પોતાનું તીર્થ પ્રવર્તાવતાં આચારને જ પ્રથમ પદ આપ્યું છે અને

અ ૨ ૧ ન્ગા ૨ ન ક ૨ તે જગતિ , મધા અ ગોના
સા ક્ષ્ય શ – અવ ૧ ૧ તના મા ૨ શ ? તેના
પ ની ધદ્ધ ય્ ન્ ન મ ૮ તના મા ક્ષ્ય શ – તે પ્રમાણે
આન્ ગ ન ૧૧ મ ન ન ક્ષ – નિયા ।

ના ૨ ત ના ધમ ગ્રથ ને ચ વિભા । મા વહેચી
ન ચ નુયોગ ગ ણિતાનયો ૧ ચ ગ ૨ ૧ નુયોગ
અને ય ન ન મ ૧ તના અ ત્મા વગેરે ૨ યા – તત્ત્વા – નો
અનુ ૧ ૧ અ ન ૨ ? મીમાં સા ત અનુયાગ તને માં
૨ ન્યાયથમા તત્વજ્ઞાન ન ૨ વપ ૧ ૨ છે અને બૌદ્ધ
ગ્રથ મા આભધમ ૧ વપ ૧ય છે સૂત્રકૃતાંગ ?
ચ રિમા વ્યાનય ગ ા વિરરની ર ધા ન ના છે એમ કહી
શકાય

ખગો ૧ પી મગ ના પ મિ ૧ વગ ન ગણિત એ
ગણિત નુયોગ સૂ ર ન પ્તિ ૧ ૧ ૨ ગ્રથોને વિષય
ગણિતાનુયોગ કહી શકાય

ક્રિયાકા ન ા પ ૧ મ ૧ નુ નામ ચ ણક ણાનુયોગ
બૌદ્ધોના વિનયપિ ના જેવો વિષય આવે છે

ક હિન ક ઐતિહાસિક કથ ચ િ તોને સગ્રહ એ
ગ િ તાનુ ૨ ૧ અથવા ધમ કથાનુયાગ બૌદ્ધોને સુત્તપિ મા
આવો વિષ ૨ આવે છે જિન ચરિત વગેરે ગ્રથામા
આ વિષ ય છે

ધીમ ૧ ૨ ચ ૨ આ ચ વિન ગ વિ ૨ ન મના જણાવે
છે મન તે મ ૨ ૨ શીલ થઈ ગયુ તાય તે વ્યાનુયાગ
વિચ ૨ વે ચ ન છે પ્રમ દી થઈ ગયુ તાય તો ચ ણ
૨ ણ નુય ગ વિચા જે યોગ્ય છ ૨ ૧ ૨ ૨ થઈ ગયુ તાર

તો ધર્મ-થાનુયોગ વિષય વો યોગ્ય છે અને જ. થઈ ગયુ હોય, તો ગણિતાનુયાગ વિષય વો યાગ્ય છે

આચારાંગસૂત્રનો ચ ણ ાનુયોગમા સમાવેશ કરવામા આવે છે ટીકાકાર શીલાંકસૂરિ જણાવે છે ચ ણક ણાનુયોગ જ ચારે યોગોમા પ્રધાનતમ છે ન, ણ , બીજા યોગો તેને અર્થે જ છે કહ્યુ છે કે

चरणदि-निहेत जम्हा सेसि अनुजागानि दम्मोहा दुसमगुणस्स चरण तु ।

ચ ણાનુયોગ જ્ઞાન કરાવવા માટે જ બીજા ત્રણ યોગો છે દ્રવ્યયોગથી શ નશુદ્ધિ થાય છે અને જેનુ દર્શન (શ્રદ્ધા — રુચિ) શુદ્ધ છે તે જ આચરણને લાયક છે ' ગ ાધ એ પા ; તેથી જ આ સૂત્રને સૌથી પ્રથમ મૂક્યુ છે

૪

આચારાંગસૂત્રને બે ખંડમા વહેચી નાખવામા આવ્યુ છે તેમા પહેલા ખંડનુ નામ જ 'આચાર' છે જ્યારે બીજાનુ નામ આચારાગ્ર છે 'અગ્ર નો અર્થ જણાવતા નિર્યુક્તિમા અને ટીકાકાર એને કહે છે કે ' પહેલા ખંડમા જે વાતો કહેવાની રહી ગઈ હોય, અથવા જેનો વિસ્તાર કરવો જરૂરી હોય તે વાતોનો અગ્ર – ખંડમા સમાવેશ કરવામા આવ્યો છે ' નિર્યુક્તિકાર તો એટલે સુધી કહે છે પહેલા ખંડના નવ અધ્યયનો જેનો જ આચાર અર્થ છે બીજા ખંડના અધ્યયનો તો શિષ્યોના હિતને ખાતર, અર્થનો વધુ વિસ્તાર કરવા જ્ઞાનવૃદ્ધ સ્થવિરાએ પહેલા ખંડના અધ્યયનોમાથી પ્રવિભક્ત કર્યા

હ[1] બીજી ગામે તે ક છ મૂળ વે (આચારાંગ) તે સંપ્રદાય ામના નવ અધ્યયનો[1] જ છે અને તમા ૧૮ પ છે પછીથી બીજા ખ ની ચાર ચૂ મ ( ) તથા ચમી ચૂ ારૂપે નિશીથ (સૂત્ર) તે તમા ગે ત ત થ યોગ થાય

ઉપ ન ુ તેમ પહેલા ખ ના નવ અધ્યયનોને પ અધ્ય ક ામા આવે છે કારણ કે તેમા ન ાનિ સાધન છે ચૂલિકા ના અ ાખ્યા પ્રમાણે મ ગર એટલ થઈ ની ઓળખાતા લોકોની ચર્યા ન ાન આ ની ના બસ્તિનિરોધ (ઉપસ્થ સયમ) પણ નહિ પ ત ચારિત્રનો[2] સપૂર્ણ સયમ એટલ ન ાના મ અનુમ ગ સપૂર્ણ મોક્ષમાર્ગનો સમાવેશ થાય ા ાર અધ્યયનોનો વિષય જાતા જ ની પ ગ છે ટીકાકારના શબ્દોમા નવે અધ્યયનોના ાર ામા પહેલા અધ્યયનમા ક ી હિંસાના ત્યાગનુ વિધાન છે પરતુ જીવોના અસ્તિત્વ જાણ્યા વિના તેમની હિંસાનો ત્યાગ ન થઈ શકે માટે તેમા જીવોનુ અસ્તિત્વ તથા તેમના જુદાજુદા વર્ગો પણ વ વેલા છે ીજા અધ્યયનમા તા કેવી રીતે અષ્ટવિધ કર્મથી

1 ટીક ાર એ નવ અધ્યયનોના કયા ક્રમ કે ારણ ઉપરથી ગોઠવ્યા ુ તે તે અ યયન વિસ્તારથી મા આ ુ છે, તે વિસ્તારથી જણાવે છે

2. પચ ઇન્દ્રિયોના નિગ્રહ પાચ મહાવ્રતોનુ પાલન ક્રોધ, માન અને મ હ એ ચાર કષાયોના જય તથા મન વચન અને ાયની વિરતિ — એ સયમના સત્ર ારો છે

બધાય છે, અને તેમાથી કેમ કરીને છૂટી શકાય, તે બતાવ્યુ છે ત્રીજામા, સયમમા સ્થિર થવા અને કષાયો જીતવા ઇચ્છનારા મુમુક્ષુએ, અનુકૂળ કે પ્રતિકૂળ વિઘ્નો કેમ કરી સહન કરવા જોઈએ, એમ જણાવ્યુ છે ચોથામા મુમુક્ષુએ તાપસો વગેરે 'કષ્ટતપ' આચરનારાઓનુ અષ્ટગુણ ઐશ્વર્ય જોઈને પણ દૃઢ સમ્યક્ત્વવાળા બનવુ, એમ કહ્યુ છે પાચમામા, અસાર વસ્તુઓનો ત્યાગ કરી લોકના સારરૂપ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રય મેળવવા ઉદ્યત થવુ એમ જણાવ્યુ છે છઠ્ઠામા, મુમુક્ષુએ નિસગ થઈ, અપ્રતિબદ્ધ થવુ એમ કહેવામા આવ્યુ છે સાતમામા, સયમીને કદાચિત્ મોહથી થતા પરિષહ ઉપસર્ગ વગેર આવી પડે તો પણ તેણે તે બરાબર સહન કરી લેવા, એમ કહ્યુ છે આઠમામા, વિઘ્ન રોગ, કે વૃદ્ધાવસ્થાથી સયમધર્મનુ પાલન શક્ય ન રહે, તો શરીરનો ત્યાગ કેવી રીતે કરવો તે જણાવ્યુ છે તથા નવમામા, આઠે અધ્યયનોમા જણાવેલો અર્થ મહાવીર સ્વામીએ પોતાના જીવનમા કેવી રીતે આચર્યો હતો તે, સાધકના પ્રોત્સાહન માટે વર્ણવ્યુ છે

આમ પહેલા ખડમા ઉત્સાહી સાધકની સપૂર્ણ સાધનસામગ્રી વિગતથી અને વિસ્તારથી વર્ણવી બતાવી છે તેની ભાષામા પ્રસાદ છે, ઊડાણ છે અને દૃષ્ટાની નવીનતા છે મોટા સઘના 'જડ અને વક્ર' ગળાને નિયમનમા રાખવાને તેનાથી રોજ થતા સામાન્ય તેમજ ગભીર દોષોની વિગતો અને તેમના પ્રાયશ્ચિત્તોના ઉદ્ભેજક વિધાનો તેમા નથી જેમ અમુક માર્ગે જઈને આવેલો માણસ બીજા જવા ઇચ્છનારને, સહૃદયતાઈથી તથા બારીકાઈથી તે માર્ગનુ

ાડુ રુવી મતારે તમ ગ રનમાન વિશ૯ વર્ડુંને
તમા

અનમન અમ ર્રન ન વ Cરગ ાથી ? તેમાના
૦ ે મન ીના ૩ પ ત્તુ તની ન્ચના જોનાર
ન અમ ામ્યા વિા ાઢિ ે તમા જે ઝમ ટ્ટા
મ મ ા ાવન ા અન તા ાત ન મ ા માા મરો ઠ તે
ન ની મ મનમા મપૂ અવા નરો વે ાનતા પડયા છે
ત મ ન ર ાના સ્રા ગ પ ભ્યા ામાવી ઝુઝ
ઝ મ ાા ના ભા ા ઇ 'સનરેનાગ વગ ના મૂતી,
મ ીા ન ઢપ ા માનગના ા ા ે તેનાના વાન્હોમા
ાન મ ી ન ચ વ નવા ઢે તમ ર ને નો તે
ન મની મ ના મ માધનો નના ર જ ા૦ પપુ અ વે છે
પ ન અમ ાગન મા ાનમા ના રર એમ ી નામાય
ે ન ાડુ નામા ન નદારીનના પાનાના જ શરે
ન મદ યા ા અમ ફ્ના શમ્ાઅ ના ને અ ચાર ગમા જ
ર ઝ્૯૦ ન જેવા ત ર ગ સુભાનિો જ વી ી ીણીને
(પ ી મ ફમ વિના ે મ ાધ વિના ાય નોય ન) ભેગા
ફ્ય રમ નના નની નન મ નના ઠે ફાગગ ાભિય ાા
મ વન વિન ન મ નફ શિ યા, ોન ના ઝુને ઉપદેશ માનર્ય
નતા હાય મને નમાથી એર ન મન ઉ ા ચોગી નય
નેવા વ રરો કે ભા ાા મનમા અ ઘરના જાય અને પ્રી
ભાા એમ નભી નેમને એકવિત કરે તો મગમ્રે આવા ાગ
સ્ત જ ી નન થક ને ભિના ગહ્દે

રઝ ભ્ન ખ મા બધે આપશે દ૮ને મ૦ને
'રમનિ ર ફ નગ્ પ એ રેને જોઈએ છીએ ગુરુએ

જે સત્યોનું પ્રતિપાદન કર્યું છે, તે સત્યને આચરણની વિગતોમાં ઉતારવાની સ્વાભાવિક અડચણ ન હોય તેવા રોગોને એક સ્થૂળ યાદી કરી આપવાની હોય એ રીતે તેની બાંધી આપી છે. તેની પાસે જાણે પોતાનું સ્વતંત્ર દર્શન પણ નથી. નથી તે અમુક નિયમ બાંધી, તેના સમર્થનમાં હમેશાં કહે છે 'જાણું — તેમ ન કરવામાં કેવળી ભગવાને ઘણા દોષો ગણાવ્યા છે.' તેથી જ કેટલીક વાર કોઈ કોઈ નિયમની બાબતમાં કે તેની પાછળ રહેલી દેખાતી ભાવનાની બાબતમાં આપણને આશંકા થાય છે અથવા આઘાત પણ પહોંચે છે. કોઈ પણ વિશાળ ભાવનાને સ્થૂળ વિધિ-નિષેધોમાં બાંધવાનો પ્રયત્ન થાય તો કોઈક પ્રસંગો એવા આવ્યા વિના ન રહે કે જ્યારે તે ભાવનાનું વિપરીત અથવા હાસ્યજનક સ્વરૂપ જ બાકી રહે.

પણ તે વાત ત્યાં જ પડતી મૂકીએ. એ ખંડમાં જે વર્ણન છે તે ઉપરથી જૂના સમયના જૈન ભિક્ષુસંઘનો અને તેની ચર્યાનો આપણને પૂરો ખ્યાલ મળી જાય છે. અભ્યાસી વાચક, એ ખંડના નિયમો વગેરેને બૌદ્ધસંઘના નિયમો અને ચર્યા[1] સાથે સરખાવવાનો પ્રયત્ન કર્યા વિના નહિ રહે.

ઘણા સુજ્ઞ વિચારકોની હવે માન્યતા થતી જાય છે કે વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મો એ જુદા, સ્વતંત્ર કે વિરોધી

---

1 એનું પ્રામાણિક તથા વિગતવાર વર્ણન, હવે ગુજરાતી વાચકને ગુજરાત વિદ્યાપીઠે પ્રસિદ્ધ કરેલા, અધ્યાપક ધર્માનંદ કોસંબીના "બૌદ્ધસંઘનો પરિચય" નામના પુસ્તકમાં, સુલભ થયું છે.

કેમો લેવાને ત્યારે વસ્તુત એક જ ધર્મની ત્રણ શાખાઓ છે. તેમના કેટલાક દાર્શનિક સિદ્ધાંતોમાં ભલે દેખીતો ભેદ કે વિરોધ હોય પણ ... સિદ્ધાન્તમાં અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે કરવાના આચારમાં તત્ત્વત એટલી એકતા છે કે તેમાંના પરસ્પર વિરોધ સમજી શકાતો નથી. ... ની ... વિગત પર જડ રીતરીને જોવા જઈએ તો તાત્ત્વિક લેવાને ... તત્ત્વની અમુક બાજુઓ ઉપર ભાર મૂકવા પૂરતા જ દેખાય છે અને સાધન-માર્ગની વાત કરીએ તો ત્યારે આપણને શું, તે વખતની ... જ મહાપુરુષોને દર્શન અને ઉપદેશ એટલા બધા ... તથા ... લાગ્યા હતા કે તે વિના મોક્ષ તેમને અનુભવવા મળી ગઈ હતી શુદ્ધ અને મહાવીરના ઉપદેશમાંથી તરફ નજર એ તો પણ, તેમણે બીજા સત્પુરુષો કરે છે તેમ વિવેક વૈરાગ્ય શમ, દમ અપ્રમાદ વગેરેનો જ ઉપદેશ આપ્યો હતો આચારાંગમાં (૬-૧૮૪) જ્યાં ધર્મ ઉપદેશવાની વાત આવે છે ત્યાં ચોખ્ખું જણાવ્યું છે કે, ભૂતમાત્રનું સ્વરૂપ વિચારી શાંતિ વૈરાગ્ય ઉપશમ, નિર્વાણ નૌચ ઋજુતા નિરભિમાનતા, અપરિગ્રહ અને અહિંસારૂપી ધર્મ તેને ઉપદેશવો અને તેના સમર્થનમાં જણાવ્યું છે કે 'એ પ્રમાણે ધર્મને કહેતો ભિક્ષુ પોતે તકલીફમાં પડતો નથી કે બીજાને તકલીફમાં નાખતો નથી તથા કોઈ ભૂત પ્રાણીને પણ પીડા કરતો નથી આવો ઉપદેશક મહામુનિ દુઃખમાં પડેલા સર્વ ભૂતપ્રાણીઓને અસહીન બેટની પેઠે શરણરૂપ થાય છે. ... કહેવાનું ... કરીને આમ-

જાણવામાંથી બચે માર્ગને ધર્મપરિતન કરી શકાય આવા પ્રશ્ન આખું જોઈ જાઓ, ત્યાં તમને દાર્શનિક ચર્ચાનો નવનેરા નહિ મળે પરંતુ આધ્યાત્મિક જીવનમાં ઉપયોગી એવી CPની બધી બાબતોનો ઉપયોગ પાણેથી છેડે સુધી મળશે માત્ર કટનાર પારિભાષિક શબ્દો બદનાયા હશે એટલું જ અને અંતિમ મુખ્ય સ્થાનાં વર્ણનના જે વાક્યો તેમાં મળે છે, તે તો ઉપનિષદના કે અદ્વૈત વેદાન્તના સિદ્ધાંતો કેટના બધા મળતા આવે છે? જીવની એકતા કે અનેકતા, કૂટસ્થ નિત્યતા કે પરિણામી નિત્યતા, જગતનું સત્યત્વ કે મિથ્યાત્વ, એ બધા દાર્શનિક બાદો ત્યાં ક્યાં ડોકિયું પણ કરી શકે છે?

અને આગળ જણ્યું તે પ્રમાણે, આચારાંગમાં જ મહાવીરના પોતાના વાક્યો સંગ્રહાયા છે એવો સંભવ નજર સામે રાખીએ, તો પછીના લોકોએ ગમે તે લખ્યું હોય, પણ જૈન માર્ગે કૈવલ્ય પ્રાપ્ત કરનાર પુરુષની વાણી ઉપનિષદના ઋષિની વાણીથી ક્યાં જરાય જુદી પડે છે? એ વાક્યો અહીં ટાંકીને વિરમીશું

तुमंसि नाम सच्चेव जं हतव्वंति मन्नसि, तुमंसि नाम सच्चेव जं अज्जावेयव्वंति मन्नसि० परियावेयव्वंति० परिधित्तव्वंति० उद्दवेयव्वंति० अजू चेय पडिबुद्धजीवी तम्हा न हंता नवि घायए।

"જેને તું હણવા માગે છે, તે તું જ છે જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે, તે પણ તું જ છે જેને તું સતાવવા માગે છે તે પણ તું જ છે તથા જેને તું મારી નાખવા માગે છે, તે પણ તું જ છે આમ જાણી, સમજુ માણસ કોઈને હણતો નથી કે હણાવતો નથી' સૂ ૧૬૪

अवह पासवण्णस्स वट्टमाणस्स विवरमाणस्स सव्व सरा निय ति

तक्का जत्थ न विज्जइ मई तत्थ न गाहिया। ओए अप्पइट्ठाणस्स

खेयन्ने। से न दीहे न हस्से न व न तंसे न चउरंसे न

परिमंडले न किण्हे न नीले न इत्थी न पुरिसे न अन्नहा परि।

सन्ने उवमा न विज्जए अरूवी सत्ता अपयस्स पयं नत्थि।

મમ્મા પુરુ। જ્ઞ મમ ખુના માગને ઓગી ઞાન

આમા ત્યાથી વાણી ઍ છ ત્યા મ તર્ક પદાર્થનો

નથી, અને બુદ્ધિ પેમી ગમ્મી નથી તે મનુષ્ય એ જ્ઞાન

શા ૭ જેની કોઈ મી ગતિ નથી એવા અપ્રતિષ

અ ન ત તે જાણે છે તે લાંબો નથી ટૂંકો નથી ગોળ

થી ત્રસા નથી ચાઉરસ નથી મ ડળાકા નથી કાળો

નથી લીલો નથી તે નથી પીળો નથી ધોળો નથી

સુગંધી નથી દુર્ગંધી નથી આ નથી પુરુષ ઈ્ી નપુંસક

પ ર નથી ત ન ના છે જાણે છે તેને બીજી ઉપમા નથી

તે અરૂપી સત્ત છ ન । નીત હોવાથી તને કોઈ

ઉપમા નથી   સૂ ૧૬

અનુક્રમણિકા

૧

હિંસાની સમજ

શ્રી સુધર્મસ્વામી કહે છે

હે આયુષ્મન્ જંબુસ્વામી! મહાવીર ભગવાને કહ્યું છે કે, જગતમાં કેટલાય લોકોને એવી ખબર નથી હોતી કે પોતે ક્યાંથી આવેલા છે અને ક્યાં જવાના છે પોતાનો આત્મા જન્માન્તરગામી છે કે નહીં, તેમજ પોતે કોણ હતા અને હવે પછી શું થવાના છે એ પણ તેઓ નથી જાણતા હોતા [૧ ૩]

પરંતુ કેટલાક લોકો, સહજસ્મૃતિથી[1] કે બીજાના કહેવાથી, પોતે ક્યાંથી આવ્યા છે કે ક્યાં જવાના છે તે જાણતા હોય છે પોતાનો આત્મા જન્માન્તરગામી છે, તે વિવિધ દિશાઓમાં કે યોનિઓમાં (કર્માનુસાર) ભટક્યા કરે

---

૧ આત્મા ઉપરથી અંતરાયક કર્મો દૂર થવાથી થયેલું સ્વાભાવિક જાતિસ્મરણજ્ઞાન

જ્ઞાનપુરુષની હાજરીમાં, જ્ઞાનપુરુષે બતાવેલી નિસંગતામાં, જ્ઞાનપુરુષના આશ્રમમાં, જ્ઞાનપુરુષની શિખામણમાં અને જ્ઞાનપુરુષની નજીકમાં જે રહે, એમ કહેનારા ઇંદ્રિયોનો પરાજય કરી, અન્ય વસ્તુ જોઈ શકે છે. [સૂ. ૧૬૭]

લોકો સર્વત્ર બીજાં પ્રાણોની હિંસા કરતા હોય છે કે તેમને પરિતાપ આપતા હોય છે એ વસ્તુ તેમને માટે અહિતકર છે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થવામાં આડે આવનારી છે

ભગવાને આપેલી આ સમજને બરાબર સમજતા તથા સત્ય માટે ઉદ્યમી થયેલા એવા કેટલાકએ ભગવાન પાસેથી કે ભગવાનના સાધુઓ પાસેથી જાણ્યું હોય છે કે, વિવિધ જીવોનો ઘાત કરવો એ ગ્રંથ (બંધન) છે, મોહ છે, માર (મૃત્યુ) છે, તથા નરક છે જે મુનિ આ જાણે છે, તે જ સાચો કર્મજ્ઞ છે અને જાણવાની વસ્તુ પણ એ જ છે હે સંયમોન્મુખ પુરુષ! તમે ઝીણવટથી વિચાર કરી જુઓ [૧૦૬]

મનુષ્યે અન્ય જીવોની બાબતમાં બેદરકાર ન રહેવું[1] જે અન્ય જીવની બાબતમાં બેદરકાર રહે છે તે આત્માની બાબતમાં પણ બેદરકાર રહે છે તથા જે આત્માની બાબતમાં બેદરકાર રહે છે, તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે [૭૭]

સર્વત્ર જુદા જુદા જીવો રહેલા છે તે જીવસમૂહને ભગવાનની આજ્ઞા અનુસાર બરાબર જાણીને ભયરહિત કરવો જેઓ વિવિધ જીવોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, તેઓ જ અહિંસાનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, અને જેઓ અહિંસાનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, તેઓ જ અન્ય જીવોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે વાસનાનો પરાજય

---

૧ મૂળમાં અભ્યાખ્યા ક્રિયાપદ વાપરેલું છે હોવા છતાં નથી કહેવું એવો તેનો અર્થ થાય

છે અને પોતે તેના જ છે એમ પણ તે જાણતા હોય. [૪]

આવું જાણે તે આત્મવાદી કહેવાય, ક્રિયાવાદી કહેવાય કર્મવાદી કહેવાય અને લોકવાદી કહેવાય.[1] [૫]

"મેં અમુક કર્યું, અમુક હું કરાવીશ" કે "આને હું અનુમતિ આપીશ" — એ પ્રમાણે સમગ્ર જગતમાં વિવિધ પ્રવૃત્તિઓ થયા કરે છે. પરંતુ, વિવિધ પ્રવૃત્તિ કરવાથી કર્મબંધન પ્રાપ્ત થાય છે તે નહિ જાણતા હોવાથી તેઓ વિવિધ દિશાઓમાં ને યોનિઓમાં જન્મ પામ્યા કરે છે, વિવિધ વેદનાઓ અનુભવ્યા કરે છે, અને એમ અણસમજના દુઃખો અનંતભવના સંસારમાં ભટક્યા કરે છે. [૭]

મહાવીર ભગવાને એ બાબતમાં આવી સમજ આપી છે —

લોભ વગેરે વિકારો તથા નાગપાદિ રોગોથી પીડિત છે તેવા મનુષ્યોને હિતાહિતનું ભાન નથી હોતું તેમને કોઈ સમજ આપવી પણ મુશ્કેલ છે. તેઓ આ જ જીવનના માટે, માન અને પૂજન માટે કે જન્મમરણમાંથી મુક્તિ મેળવવા માટે દુઃખનો પ્રતિકાર કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. તે બધાની તે પ્રવૃત્તિઓ વડે તે આતુર

---

1. "આત્મા છે, તે ક્રિયાનો કર્તા છે, તે ક્રિયાથી કર્મ બંધાય છે અને તેથી લોકાંતરપ્રાપ્તિ થાય છે" એવા સિદ્ધાંતના નામો અહીં જણાવ્યા છે. એમ બને કે તે સમયમાં આ શબ્દો જુદા જુદા વાદો માટે વપરાતા હોય પરંતુ તેમનો સાચો અર્થ અત્યારે તેમનો જાણીતો ન હોય.

લોગો સર્વત્ર બીજા પ્રાણીઓની હિંસા કરતા હોય છે કે તેમને પરિતાપ આપતા હોય છે. એ વસ્તુ તેમને માટે અહિતકર છે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થવામાં આડે આવનારી છે.

ભગવાને આપેલી આ સમજને બરાબર સમજતા તથા સત્ય માટે ઉદ્યમી થયેલા એવા કેટલાએ ભગવાન પાસેથી કે ભગવાનના સાધુઓ પાસેથી જાણ્યું હોય છે કે, વિવિધ જીવોનો ઘાત કરવો એ ગ્રંથ (બંધન) છે, મોહ છે, માર (મૃત્યુ) છે, તથા નરક છે. જે મુનિ આ જાણે છે, તે જ સાચો કર્મજ્ઞ છે અને જાણવાની વસ્તુ પણ એ જ છે. હે સંયમોન્મુખ પુરુષ! તમે ઝીણવટથી વિચાર કરી જુઓ. [૧૦૬]

મનુષ્યે અન્ય જીવોની બાબતમાં બેદરકાર ન રહેવું.[1] જે અન્ય જીવની બાબતમાં બેદરકાર રહે છે, તે આત્માની બાબતમાં પણ બેદરકાર રહે છે. તથા જે આત્માની બાબતમાં બેદરકાર રહે છે, તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે. [૨૨]

સર્વત્ર જુદા જુદા જીવો રહેલા છે. તે જીવસમૂહને ભગવાનની આજ્ઞા અનુસાર બરાબર જાણીને ભયરહિત કરવો. જેઓ વિવિધ જીવોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, તેઓ જ અહિંસાનું સ્વરૂપ જાણવામાં કુશળ છે અને જેઓ અહિંસાનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, તેઓ જ અન્ય જીવોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે. વાસનાનો પરાજય

---

[1] મૂળમાં અભ્યાહ્યા ક્રિયાપદ વાપર્યું છે. હોવા છતાં નથી કહેવું' એવો તેનો અર્થ થાય.

કરનારા, સમર્થ સદા પ્રયત્નશીલ અને સદા અપ્રમત્ત એવા વીર પુરુષોએ એ વસ્તુ બરાબર જોયેલી છે [૧૫,૨૧ ૩૦ ?]

નિરર્થ ભોગમાં આસક્ત લોકો પૃથ્વી પાણી વાયુ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસ (જંગમ) જીવોની હિંસા કર્યા કરે છે જેમને તે હિંસાનું ભાન પણ નથી હોતું આ તેમને માટે અહિતકર છે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થવામાં આડે આવનાર છે માટે ભગવાને એ વિષયમાં આપેલી સમજને બરાબર ગ્રહણ કરો

જેમ કોઈ આંધળા માણસને મ છેદે ભેદે મારે કે નામ આપે તા તે ન જોવા છતાં ત છ નમ ન દુખ અનુભવે છે તેમ ૃ ીને પ ત આપગા ના તેના પર શસ્ત્રપ્રયોગથી યત દુખ અન ભવ આવ છે જેઓ પૃથ્વીની આસક્તિ ક ભ ના હિંસા કરે છે તેમને પોતાની આસક્તિ આર ન હિંસાનું ભાન નથી હોતું પરંતુ પૃથ્વીની હિંસા ન કર ાર સંયમમાં પુરુષાને તેનું બરાબર ભાન હોય છે બુદ્ધિમાન નરે ક્યી જાતે પૃથ્વી હિંસા કરવી ક બી ર પાર કરાવી, ક ન કોઈ ક તા હોય તેને અનુમતિ આપવી જે મુનિ વિવિધ પ્રવૃત્તિઓથી થતી પૃથ્વીની હિંસા બરાબર જાણ છે ત જ સાચા કર્મ ત [૧૬-૭]

ત જ પ્રકારે પાણીમાં પણ અને પ્રાણો રહેલા છે જિનપ્રવચનમાં ના ર પુણ્યોને ભર્ દુ છે પાણી એ જ જી છે તેથી તેનો ઉપયોગમાત્ર હિંસા જ છે વળી, પાણી વાપ ા વતા બીજા પણ (પૃથ્વી, અગ્નિ વાયુ વન

૧ જિનોના ઉપદેશમાં-જૈનશાસ્ત્રમાં.

એવા) અનેક જીવોનો નાશ થાય છે ઉપરાંત, બીજાના શરીરનો તેની મરજી વિરુદ્ધ ઉપયોગ કરવો એ ચોરી પણ છે કેટલાય લોકો 'પાણી અમારે પીવા માટે કે સ્નાન વગેર માટે છે' એમ સમજી તેનો ઉપયોગ કરે છે અને પાણી જીવોની હિંસા કરે છે એ તેમને ઉચિત નથી જે મુનિ પાણીના ઉપયોગમાં રહેલી પાણીની હિંસા બરાબર જાણે છે, તે જ સાચો સમજુ છે માટે બુદ્ધિમાન પુરુષે ત્રણમાંથી એક પ્રકારે[1] પાણીની હિંસા ન કરવી [૨૩ ૩૦]

તે જ પ્રમાણે અગ્નિનું[2] પણ સમજવું જેઓ અગ્નિજીવોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, તેઓ જ અહિંસાનું સ્વરૂપ જાણવામાં કુશળ છે તેઓ વિષયભોગની આસક્તિને કારણે અગ્નિની અને સાથે બીજા પણ અનેક પ્રાણોની હિંસા કર્યા કરે છે કારણ કે અગ્નિ સળગાવતાં પૃથ્વીના, તૃણના પાંદડાંના, છાણાના, કચરાના તથા બીજા આજુબાજુ ઊડનારા કે ફરનારા એમ અનેકવિધ પ્રાણો અગ્નિમાં પડે છે અને અગ્નિથી સ્પર્શાઈને સંકોચ પામે છે, પરિતાપ પામે છે કે નાશ પામે છે [૩૬ ૮]

તે જ પ્રમાણે કેટલાક લોકો આસક્તિને કારણે વનસ્પતિની હિંસા કરે છે પરંતુ હું કહું છું કે આપણી પેઠે વનસ્પતિ

---

૧ જાતે કરવું બીજા પાસે કરાવવું કે કોઈ કરનારને અનુમતિ આપવી એ ત્રણ પ્રકારો છે

૨ મૂળમાં અગ્નિ માટે 'દીહલોગસત્થ' શબ્દ છે ટીકાકાર તેનો અર્થ એ પ્રમાણે કાઢે છે કે દીર્ઘ શરીરવાળી વનસ્પતિ — તેનું નાશક શસ્ત્ર — તે અગ્નિ

પણ જન્મશીલ છે [illegible] તથા સચિત્ત છે જેમ આપણે [illegible] ત્યારે આપણે મ્લાન થઈ જઈએ છીએ, તેમ તે પણ [illegible] હોય ત્યારે મ્લાન થઈ જાય છે આપણે જેમ ખોરાક [illegible] છીએ તેમ તે [illegible] ખોરાક લે છે આપણે અનિત્ય અને અશાશ્વત[1] છીએ તેમ તે પણ અનિત્ય અને અશાશ્વત છે આપણે વધીએ ઘટીએ છીએ તેમ તે પણ વધે ઘટે છે તથા આપણામાં જેમ વિકારો થયા કરે છે, તેમ તેનામાં પણ વિકારો થાય છે જેઓ વનસ્પતિની હિંસા કરે છે તેઓને તે હિંસાનું ભાન નથી હોતું પરંતુ લોકમાં ચાલતી વનસ્પતિની હિંસાને [illegible] જ મુનિ આચો [illegible] છે [૮૧૭]

અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સમ્મૂર્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક[2] આ બધા [illegible] એ [illegible] પ્રાણી છે અજ્ઞાની અને મંદ લોકોને વારંવાર અવતરવાની એ બધી યોનિઓ સંસાર કહેવાય છે જગતમાં

૧ અનિત્ય એટલે નિયત આયુષવાળા જેમકે વનસ્પતિ શરીરનું વધારેમાં વધારે આયુષ્ય ૧૦૦૦૦ વર્ષનું છે અને અશાશ્વત એટલે [illegible] નિરંતર વિકાર પામ્યા કરનારા — હંમેશ એકરૂપે ન રહેનારા.

૨ ઈંડાંમાંથી જન્મનારા તે અંડજ, [illegible] રૂપે જ અવતરનારા તે પોતજ, ઓરથી વીંટાઈને જન્મનારા તે જરાયુજ [illegible], દહીં વગેરેમાં [illegible] તે રસજ પરસેવાથી થનારા તે સંસ્વેદજ [illegible] બીજ વિના થનારા તે સમ્મૂર્છિમ જમીન વગેરે ફોડીને નીકળતા પતંગ [illegible] વગેરે તે ઉદ્ભિજ્જ અને [illegible] દેવ કે [illegible] જ જન્મનારા નારકો અને દેવો તે ઔપપાતિક

જ્યાં જુઓ ત્યાં પામર લોકો એ પ્રાણોને પરિતાપ આપ્યા જ કરે છે. એ પ્રાણો ચારે બાજુએ ત્રાસ પામી રહ્યા છે. કેટલાક કોના શરીર માટે તે પ્રાણોને હણે છે, તો કેટલાક ચામડા માટે, માંસ માટે, લોહી માટે, હૃદય માટે, પીછાં માટે, વાળ માટે, શીંગડાં માટે, વિષાણ[1] માટે, દાંત માટે, દાઢ માટે, નખ માટે, સ્નાયુઓ માટે, હાડકાં માટે, અસ્થિમજ્જા માટે, — એમ વિવિધ પ્રકારના પ્રયોજનો માટે ત્રસ પ્રાણીઓનો વધ કરે છે.[2] તો કેટલાક કાંઈ પ્રયોજન વિના પણ તેમને હણ્યા જ કરે છે, 'આણે મને માર્યો હતો, આ મને મારે છે, અને આ મને મારશે' એમ સમજીને ત્રસ પ્રાણીઓની હિંસા કરે છે. પરંતુ પ્રત્યેક પ્રાણીની શાંતિનો વિચાર કરીને તથા તેને બરાબર સમજીને

---

૧ હાથીના દંતશૂળ

૨ ટીકાકાર આ પ્રયોજનોનાં જે દૃષ્ટાંત આપે છે તે જાણવા જેવાં છે. તેમાંથી કેટલાંક અહીં બતાવ્યાં છે. વર્તમાન દૃષ્ટાંત વાચક ઘણી લે. શરીર માટે – ઉપર બેસી મંત્રસિદ્ધિ સાધવા કોઈ લક્ષણવંતા પુરુષને મારે અથવા ઝેર ખાધેલા માણસને હાથી મારી તેના શરીરમાં ઘાલે. લોહી માટે – ત્રિશૂળ વગેરેને લગાડવા માટે. હૃદય માટે – સાધકો હૃદય લઈને તેને વધે છે. પિત્ત માટે – મોર વગેરેને મારે છે. ચરબી માટે – વાઘ મગર વરાહ વગેરેને. પૂંછ માટે – રોઝ વગેરેને. વાળ માટે – ચમરી ગાય વગેરેને. દાંત માટે – શિયાળને (તેના દાંતથી અવાજ દૂર થાય છે). દાઢ માટે – વરાહને. નખ માટે – વાઘ વગેરેને. સ્નાયુઓ માટે – ગાય ભેંસ વગેરેને. હાડકાં માટે – શંખ છીપાની વગેરેના જીવોને. અસ્થિમજ્જા માટે – મહિષ, વરાહ વગેરેને.

દુઃખ કર્યું છે કે બધાં ભૂતપ્રાણીઓને પીડા અશાંતિ કે ભય એ દુઃખરૂપ છે. માટે મેધાવી પુરુષ તેમની હિંસા ન કરવી કે ન કરાવવી. [૪૮-૫૨]

તે જ પ્રમાણે વાયુકાયનું પણ સમજવું. જેઓ આસક્તિને કારણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વાયુની અને સાથે સાથે બીજા અનેક પ્રાણીની હિંસા કરે છે. કારણ કે, ઊડતાં પ્રાણીઓ એકાએક વાયુમાં પડી જાય છે અને ત્યાં આઘાત પામ્યે પરિતાપ કે વિનાશ પામે છે. [૫૮-૯]

જે મનુષ્ય વિવિધ પ્રાણીઓની હિંસામાં પોતાનું જ અનિષ્ટ અને અહિત જોઈ શકે છે તે જ તેનો ત્યાગ કરવા સમર્થ થઈ શકે છે. જે મનુષ્ય પોતાનું દુઃખ જાણે છે તે બહારનાનું દુઃખ જાણે છે; અને જે બહારનાનું દુઃખ જાણે છે, તે પોતાનું દુઃખ પણ જાણે છે. આ તુલના કરવી જોઈએ. શાંતિ પામેલા સંયમીઓ બીજા જીવની હિંસા કરીને જીવવાની ઇચ્છા નથી કરતા. [૫૫-૭]

પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમાં આસક્તિ એ જ હિંસા છે. માટે અહિંસાપુરુષ પ્રમાદથી જે મેં પહેલાં કર્યું તે હવેથી નહિ કરું એવો નિશ્ચય કરી લેવો જોઈએ. [૮૯૫]

હિંસાના મૂળરૂપ ઉક્ત કામગુણો જ સંસારના મૂળ છે. સંસારના મૂળ છે તે કામગુણો જ બીજું નામ છે. મનુષ્ય ...શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ ... ... જેનું

૧ સૂત્રમાં ... ... છે.

નામ જ સમાર છે એવો માણસ જિનોની આજ્ઞા અનુસરી શકતો નથી, પરંતુ ફરી ફરીને કામગુણોનો આસ્વાદ લેતો, હિંસાદિ વક્ર પ્રવૃત્તિઓ કરતો, પ્રમાદપૂર્વક ઘરમાં જ મૂર્છિત રહે છે [૪૦૪]

'વિવિધ કર્મોરૂપી હિંસાની પ્રવૃત્તિઓ હું નહિ કરું' એ વૃત્તિથી ઉદ્યત થયેલો અને એમ જ માનનારો તથા અભયના સ્વરૂપને સમજનારો એવો બુદ્ધિમાન પુરુષ તે પ્રવૃત્તિઓ નથી કરતો તેવા પુરુષને જિનપ્રવચનમાં 'ઉપરત' અને 'અનગાર'[1] કહેવામાં આવે છે લોકમાં ચાલતી જીવ જીવમાત્રો (વર્ગો)ની હિંસા જે બરાબર જાણે છે તે જ મુનિ કર્મોને બરાબર સમજતો કે એમ ... કહું છું માટે બુદ્ધિમાન પુરુષ જીવ જીવનિકાયોની હિંસા ન કરે, બીજા પાસે ન કરાવે કે કોઈ કરતો હોય તેને અનુમતિ ન આપે હિંસાથી વિરામ પામેલો વિવેકી વસુમાન[2] અકરણીય પાપકર્મોની પાછળ ન દોડે પાપકર્મમાત્રમાં છમાંથી કોઈ પણ જીવવર્ગની હિંસા કારણ રહેલો છે [૭૯૧]

છતાં, સ્વનાથ લોકો પોતાને 'અનગાર' કહેવરાવતા છતાં, વિવિધ પ્રવૃત્તિઓથી જીવોની હિંસા કર્યા કરે છે આ જીવિતના સત્કાર, માન અને પૂજન માટે કે જન્મમરણના ફેરા ટાળવા માટે, કે દુઃખના પ્રતિઘાત માટે, કે વિષયાસક્તિને કારણે, તેઓ તે હિંસા કરે છે તેવા લોકો પોતાને માટે બંધન જ લેવું કરે છે તેઓ આચારમાં સ્થિર નથી અને

1. અગાર એટલે ઘરબાર વિનાના — સન્યાસી
2. અહીં વસુ એટલે ગુણસંપત્તિ

હિંસા કરતા અને પોતાને ગર્ધમી કહેવરાવે છે પણ તે સ્વચ્છંદી પુરુષોમાં આસક્તિવાળા તથા પ્રવૃત્તિઓમાં મચેલા રહે છે. [ ]

જે ગ્રામમાં હોય, અરણ્યમાં હોય અને બીજે હોય, તે જ ગામમાં અનગાર છે જે નગરથી માલુમ ગૃહત્યાગ કરે, તે જ સઘળા સુખોની આસક્તિ છોડી, હમેશાં ટકાવી રાખનારા સંતોએ કહેલા ધર્મમાં જ ચાલતા છે [૧૮–]

૨

લોકવિજય

૧

જે કામગુણો છે, તે જ સંસારના મૂળસ્થાનો છે અને સંસારના જે મૂળસ્થાનો છે તે જ કામગુણો છે કારણ કે, તે કામગુણોમાં આસક્ત માણસ પ્રમાદથી માતપિતા, ભાઈબહેન, પત્નીપુત્ર, વહુદીકરી, મિત્રસ્વજન તેમજ બીજી ભોગસામગ્રી તથા અન્નવસ્ત્ર વગેરેમાં મમતાપૂર્વક તપ્યા કરે છે તે બધા વિષયોના સંયોગનો અર્થી તથા તેમાં જ લીન થયેલા ચિત્તવાળો તે માણસ રાત-દિવસ પરિતાપ પામતો, કાળઅકાળનો વિચાર કર્યા વિના સખત પરિશ્રમ ઉઠાવતો, વગર વિચાર્યે અનેક પ્રકારના કાળાં કર્મો કરે છે તથા અનેક જીવોના વધ છેદ, ભેદ તથા ચોરી, લૂટ, ત્રાસ વગેરે પાપકર્મો કરવા તત્પર થાય છે, એટલું તો શું, કોઈએ ન કરેલું એવું કરવાનો પણ ઇરાદો રાખે છે [૬૨,૬૬]

આ અો ધનના ામી તથા દૂખથી ડરતા એવા તે અજ્ઞાની ો પોતાના સુખ માટે શરીરબળ જ્ઞાતિબળ, મિ ત્ર લ ળ દેવબળ રાજબળ ચોરબળ, અ તથિ ળ અને શ્રમણ ળ મેળવવા ગમે તેવા કાર્યો કરે અને તેમ કરતા થતી અન્ય જીવોની હિંસાની જરાય પર ા કરતા નથી [૭૫]

મિ િ અને કાચનમ મૂ એવા ન ામો જીવિતમા આ ાન રાગ હોય મણિ , ણ અને િ ઘર વગેરેમા પ્રીતિવા ા તથા સ્ત્રીઓમ અત્યન આસક્તિવાળા તે લોકોને એમ જ દેખાય છે કે અહીં કોઈ તપ નરી દમ નથી કે િ યમ થી ન અને તના ાોની કામનાવાળો તે મરાન મનુષ્ય ગમે તમ બોલ છે તથા હિતાહિતજ્ઞાન રહિત ન ય છે [ ]

ન ત ા આમાથી હારી ગયેલા હોય છે તેઓ એમ જ માને છે કે એ જ સુખી થાય છે ખરી રીતે તો તે દુઃખ માટે જ છે તેનુ અને હલકી ણ ગતિનું કારણ છે [૮૮]

કામભોગોના જ વિચારમા મન વચન અને કાયાથી મગ્ન રહેનારા ત મનુષ્યે પોતાની પાસે જ કાંઈ ધન હોય તેમા અત્યત આસક્ત હોય તથા સેવકો ચાકરો

૧ જ્ઞાતિ ળ વ રેનુ બળ

૨ શ્રમણબળ એ છે કે તેમની પાસેથી મેળવેલું મત્રતત્ર બળ કે તેમની સેવા કરી મેળવેલુ પુણ્યની બળ, દૃપણ એટલે ભિખારી અને અતિથિનુ પણ તેમજ સમજવુ

કે ગમે તે પ્રાણીઓના વધ કે નિગ્રહથી પણ તેની વૃદ્ધિ કરવા ઇચ્છે છે [૮૦]

પરંતુ, માણસનું જીવિત અતિ અલ્પ છે જ્યારે આયુષ્ય મૃત્યુથી ઘેરાવા માંડે છે, ત્યારે શ્રોત્ર, ચક્ષુ વગેરે ઇંદ્રિયોનાં બળની હાનિ થવા લાગતાં માણસ મૂઢ બની જાય છે તે વખતે પોતાનાં માનેલાં સગાસંબંધી, કે જેઓની સાથે તે લાંબા કાળથી રહેતો હોય છે, તેઓ પણ તેનો તિરસ્કાર કરવા લાગે છે વૃદ્ધાવસ્થામાં હાસ્ય, ક્રીડા, રતિ કે શૃંગાર રહેતાં નથી વય અને યૌવન પાણીને વેગે ચાલ્યાં જાય છે તે વખતે પ્રિય માનેલા સગાસંબંધી મનુષ્યનું મૃત્યુમાંથી રક્ષણ કરી શકતાં નથી કે તેનું શરણ બની શકતાં નથી જે માતપિતાએ નાનપણમાં તેનું પોષણ કર્યું હતું તથા મોટો થયા પછી પોતે જેમનું રક્ષણ કરતો હતો, તે પણ તેને બચાવી શકતાં નથી [૬૦-૫]

અથવા, અસંયમથી કેટલીક વાર તેને રોગો થાય છે અથવા જેઓની સાથે તે લાંબા કાળથી રહેતો હોય છે, તે પોતાનાં માનેલાં માણસો પહેલાં જ તેને છોડીને ચાલ્યાં જાય છે આમ તેઓ તેના સુખનાં કારણ થઈ શકતાં નથી કે તેને દુઃખમાંથી બચાવી શકતાં નથી તેમ તે પોતે પણ તેઓને દુઃખમાં બચાવી શકતો નથી દરેકને પોતપોતાનું સુખ કે દુઃખ જાતે જ ભોગવવું પડે છે [૮૭]

તે જ પ્રમાણે, જે ઉપભોગસામગ્રી તેણે સગાસંબંધીઓ સાથે ભોગવવા માટે મહાપ્રયત્ને તથા ગમે તેવાં કુકર્મો કરીને એકઠી કરી હોય છે, તે ભોગવવાનો અવસર આવતાં કાં તો પોતે રોગથી ઘેરાઈ જાય છે કે તે સગાસંબંધીઓ જ તેને

છોડીને ના સા જાય છે કે પોતે તઆ ને છોડીને ચાલ્યો જાય છે [૧]

અથવા મોહ વા તે નગી થતી સંપત્તિ નાયા રહેવી ક ના ારી જાય છે, ગ ન લૂંટી લે છે, અથવા તે ખા ા મ ામે અગ્નિથી નષ્ટ થાય છે આમ, ધનની અ ાધી મળી ે ી ભોગસામગ્રી દ ખનુ જ કારણ થ પ ર ુ આ થી મ મનો મનુષ્ય તે જાણતા નથી [૮]

આમ ા, ક્ત ગ ણ કરી શકતું નથી કે ક્ત ને બચાવી કતુ નથી રેકને પોતાના સુખ દુખ ાતે જ ભ ાવવા પ છે ા ત્યાં ડી પોતાની ઉંમર ાનુ ઘડપણથી ઘેરા નથી, તથા ાન વગેરે ન્દ્રિયાનુ બળ તેમજ ાના તિ મેધા વગેરે કાયમ છે ત્યાં સુધી અવ ા ાે ામી ાગ ર ા પોતાનુ કલ્યાણ બરા ર સાધી લવુ જોઈ [૬૮ ૭૧]

જરા વિચાર તો કરો ! જગતમાં બધાને જ સુખ પસંદ છે, અને બધા સુખની જ પાછળ ફરતા હોય છે છતાં જગતમાં સર્વત્ર અંધાપો, બહેરાપણું, મૂંગાપણું, કાણાપણું, ઠૂંઠાપણું, કૂબડાપણું, ખૂંધિયાપણું, કાળાપણું, કોઢિયાપણું વગેરે દુઃખો નજરમાં આવે જ છે એ બધાં દુઃખો વિષયસુખની પાછળ પડેલા મનુષ્યોને પોતાની આસક્તિથી પ્રાપ્ત થાય છે એ વિચારી, બુદ્ધિમાન મનુષ્ય સાવધાન થાય અજ્ઞાની મનુષ્ય જ વિષયોની પાછળ પડી, અનેક પ્રકારની યાતિઓમાં જન્મ લેતો ફરતો હોય છે [૭૯-૮]

'મે અમુક કર્યું છે, અને હજુ અમુક કરીશ' એવા ઘોડા દોડા યા કરતો તે માયાપૂર્ણ મનુષ્ય પોતાના કર્તવ્યોમાં મૂઢ થઈ, ફરી ફરી લોભ વધાર્યા કરે છે અને એ રીતે પોતે પોતાનો વેરી બને છે તે સુખાર્થી, ગમે તેમ બોલતા અને દુઃખથી મૂઢ બનતા જતા મનુષ્યની બુદ્ધિ બધુ અવળુ જ સૂઝે છે એ રીતે પોતાના પ્રમાદથી તે પોતાનો નાશ કરે છે [૯૪,૯૭]

કામો પણ થવા અશક્ય છે, અને જીવિત વધારી શકાતુ નથી કામકામી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝૂર્યા કરે છે મર્યાદાઓનો લોપ કરતો જતો તે કામી, પોતાની કામાસક્તિ અને રાગને કારણે પીડાય છે અને પરિતાપ પામે છે જેના દુઃખ કદી શમતા નથી એવો તે મૂઢ મનુષ્ય, દુઃખોના ચક્રમા જ ફર્યા કરે છે [૯૨, ૮૧]

ભોગોથી કદી તૃષ્ણા શમી શકતી નથી વળી તે મહાભયરૂપ છે તથા દુઃખના કારણ છે માટે, તેમની કામના છોડી દો તથા તેમને માટે કોઈને પીડા ન કરો પોતાને અમર જેવો માનતો જે માણસ ભોગોમા મહા શ્રદ્ધા રાખે છે, તે દુઃખી થાય છે માટે તૃષ્ણાનો ત્યાગ કરો કામોનું સ્વરૂપ અને તેમના વિકટ પરિણામો ન સમજતો કામકામી અને રડે છે અને પસ્તાય છે [૮૪ ૫,૯૪ ૫]

વિષયકષાયાદિમા અતિ મૂઢ રહેતો માણસ સાચી શાંતિના મૂળરૂપ ધર્મને ઓળખી જ શકતો નથી માટે, વીર ભગવાને કહ્યું છે કે, એ મહામોહમા બિલકુલ પ્રમાદ ન કરવો હે ધીર પુરુષ! તુ આશા અને સ્વચ્છંદનો ત્યાગ કર તે બેનુ શળ સ્વીકારીને જ તુ રખડ્યા કરે છે સાચી

[illegible]તિના [illegible]ના અંત [illegible]નો વિચાર કરીને તથા [illegible]ગીને નાશવંત જાણીને કુશળ પુરુષ [illegible] કરીને પ્રમાદ કરે ? [illegible]

[illegible] તેઓ ક્ષણિક તથા [illegible] જીવનને [illegible] નથી. જન્મ અને મરણનો [illegible] કરીને મુનિ [illegible] એવા સંયમમાં [illegible] તથા [illegible] સંયમ માટે ઉત્સુક થયા બાદ, અવસર ઓળખી એક મુહૂર્ત પણ પ્રમાદ ન કરવો. કારણ કે મૃત્યુ આવવાનું જ છે. [૮ [illegible]]

[illegible] કહેવામાં આવે છે તે સંયમની [illegible] [illegible]

[illegible] [illegible] સાંસારિક [illegible] અને પ્રવૃત્તિઓથી છૂટા થઈ [illegible] થાય છે. તેઓ [illegible] સમજતા હોય છે તથા [illegible] [illegible] કરવાના આગ્રહ [illegible] [illegible]

[illegible] તેઓ ખરેખર [illegible] પ્રાપ્ત થતા કામભોગોમાં પણ ખૂંચતા નથી. [illegible]

[illegible] આપેલી આ [illegible] અને અન્ય [illegible] મનુષ્ય [illegible] આ [illegible] [illegible]

1 મૂળમાં [illegible]

૨. મૂળમાં [illegible] શબ્દ [illegible] શબ્દ [illegible] વાચક છે [illegible] એટલે [illegible] — [illegible]

અર્થે પાપકર્મ કરે નહિ. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કોઈ પણ પ્રાણીની જાતે હિંસા ન કરે કે બીજા પાસે ન કરાવે. બધા પ્રાણીઓને આયુષ્ય અને સુખ પ્રિય છે, તથા દુઃખ અને વધ અપ્રિય છે. સર્વ જ પ્રાણીઓ જીવિતની કામનાવાળા અને જીવિતને પ્રિય માનનારાં છે. પ્રમાદને લીધે અત્યાર સુધી જે વ્યથા પ્રાણીઓને આપી હોય, તેને બરાબર સમજી લઈ, ફરીથી તેમ કરતા અટકવું તેનું નામ જ ખરી સમજ છે. અને એ જ કર્મની ઉપશાંતિ છે. આર્ય પુરુષોએ એ માર્ગ જણાવેલો છે. એ સમજીને માણસ પછી ત્યાં લેપાતો નથી. [૯૬,૧૦,૯૮ ૭૬]

૨

જેવું અંદર છે, તેવું બહાર છે, અને જેવું બહાર છે તેવું અંદર છે. પંડિત પુરુષ શરીરની અંદરના દુર્ગંધથી ભરેલા ભાગોને જુએ છે અને શરીરના મળો ઝરતાં બાહ્ય સ્થાનોનું સ્વરૂપ બરાબર સમજે છે. બુદ્ધિમાન મનુષ્ય તેને બરાબર સમજીને, બહાર કાઢેલી લાળો પાછી ચૂસતા બાળકની જેમ ત્યાગેલા ભોગોમાં ફરી પડતો નથી. [૯૨ ...]

વિવેકી પુરુષ અરતિને વશ થતો નથી; તેમજ રતિને વશ થતો નથી. તે સ્થિતપ્રજ્ઞ[1] છે. તે ક્યાંય રાગ નથી કરતો. પ્રિય અને અપ્રિય શબ્દો અને સ્પર્શો સહન કરતો તે વિવેકી જીવિતની તૃષ્ણાથી નિવૃત્તિ પામે છે, અને

૧ મૂળ : અવિમણે – અવિમનસ્ક. રતિ અને અરતિનો ત્યાગ કરેલો હોવાથી વિમનસ્ક–બુદ્ધિભ્રષ્ટ ન થનારો.

સંયમનું[1] પાલન કરી કર્મશરીર ખંખેરી નાખે છે [૯૮]

ઊંચ પુરુષો નીચ અને તીરછે — બધી બાજુ આ રમતમાં રહે છે, તે હિંસાદિથી લેપાતો નથી. જે અહિંસામાં કુશળ છે અને જે બંધથી મુક્તિ મેળવવાની જ તત્પરતામાં રહે છે, તે બુદ્ધિમાન છે. તે કુશળ પુરુષ સંયમનો પ્રારંભ કરે છે પણ હિંસાદિ પ્રવૃત્તિનો નથી કરતો [૧૦૨]

જે મનુષ્ય એકનો આરંભ [હિંસા] કરે છે તે છએ કાયના બીજાનો પણ કરે છે. કર્મને બધી રીતે બરાબર સમજી, તેમાં પ્રવૃત્તિ ન કરવી [૯૯-૧૦૧]

આ મારું છે એવો સંકલ્પ જ બંધ છે. તે મમત્વને છોડે છે જેને મમત્વ નથી, તે જ મુનિ માર્ગનો દ્રષ્ટા છે [૯૮]

આ જીવ અનેક વાર ઊંચ ગોત્રમાં આવે છે તેમજ નીચ ગોત્રમાં પણ જાય છે. આવું જાણી માણસે પોતાના ગોત્રનું ગૌરવ કરવું કે તેમાં આસક્તિ રાખવી કે નીચ ગોત્ર માટે શોક કરવો [૭૭]

જે મૂઢ મનુષ્યોને જે વીર વળગી જાય છે, તે પ્રશંસાને પાત્ર છે. તેવો મુનિ જ 'જ્ઞાની' એટલે 'પ્રસિદ્ધ

---

૧ મૂળ 'મૌન', એટલે કે મુનિના આચાર — સર્વથાપૂર્વક સંયમનું પાલન

૨. મૂળ પાણી વગેરે છ જીવનિકાય. આરંભનો મુખ્ય અર્થ પ્રવૃત્તિ છે, પરંતુ તે હિંસાના અર્થમાં પણ વારંવાર વપરાય છે

કહેવાય છે એધાની પુરુષે લોકનું સ્વરૂપ બરાબર જાણીને તથા લોકસંજ્ઞાનો[1] ત્યાગ કરીને પરાક્રમ કરવું એમ હું કહું છું [૧૦૦,૯૮]

પદાર્થોને જે યથાવસ્થિત રૂપે જાણે છે, તે જ યથાર્થતામાં રહે છે અને જે યથાર્થતામાં રહે છે, તે જ પદાર્થોને યથાવસ્થિતરૂપે જાણે છે એવા મનુષ્યો જ બીજાને દુઃખની સાચી સમજ આપી શકે છે તે લોકો ઓઘને તરી ગયેલા છે અને તે જ તીર્ણ મુક્ત અને વિરક્ત કહેવાય છે, એમ હું કહું છું [૧૦૧,૯૯]

જે સાચમ જ્ઞાની[2] છે તેને માટે કશો ઉપદેશ નથી તેવો કુશળ પુરુષ કાંઈ કરે અથવા ન કરે તેથી તે બદ્ધ પણ નથી અને મુક્ત પણ નથી [તોપણ,] લોકસંજ્ઞાને બધી રીતે બરાબર સમજીને અને સમયને ઓળખીને તે કુશળ પુરુષ પૂર્વેના મહાપુરુષોએ ન આચરેલા કર્મો આચરતો નથી [૯૧,૧૦૦]

જે બંધાયેલાઓને મુક્ત કરે છે, તે વીર પ્રશંસાપાત્ર છે [૧૦૨]

---

૧ લોકરુચિ કે લોકપ્રવૃત્તિ લોકોની શરમ કે લોકોનું અનુસરણ છોડી આત્માના વિભાવોરૂપ લોકને જીતવો એ જ આ અધ્યયનનો વિષય પણ છે, અને નામ પણ છે

૨ મૂળ 'પશ્યક'

૭

મ મ્ર્યાદ મા ા દુ નુ ર્દ્દ ક ા ર કહુરતા નથી પાતા ા ન ા મ ાતા કેટલાક તીર્થિકો[1] માનક છેક એક તા ક ઉ ાળી અને ફેર વગાવવાગા લોક છે કા અ તા ટે ુ એનુ અ ા કોઈએ એમ તમો માને છે નમ ા અનુયાયીઓ ા ન ગનના જન્ન લોક છ એન મ ક મનુષ્યાના મ સ્રમ ન ા વા તના દુરસ્ત અમથી અને જીવનન્યામા િ િ ા નનિએ સાધુરુતાની આજ્ઞાના વિ ાધક હે ા ુ ા ૪ [ા ા ા ૬]

મ ઇ આ ા મ ઇ થા મો ાધ્ય કેટલાક તાકા મ યમ સ્વીકારીને પણ ાિ ાનાના મ ખ ઘ થતા ફરી સ્વ ર્ દેવ વા કાો છે અર્પ મ ા ય ગુ એમ ચિન્તવીને ઉદ્યત થયા છતા મ મ ાગા મજીના જ તેમા નમા પૂરી જાય છે અને સ્વ વર્ગ મોહમા વારવાર ડૂબ્યા કરે છે તેઓ આ કાઠે પણ નથી આ ા પણે કાંઠે પણ નથી આથી સાધુ નથી હાતા નથી મ યમમ ની અગતિ ફર ન ાઝ અને સ યમથી ન થાકનાર મધાની વી પ્રમગાને પા ા છે તેવો ગામુમ શીઘ્ર મુક્ત થાય છે [૭૩ ૮૫ ૬૨ ૮૫]

ઉદ્યમવત આર્ય આર્યપ્રજ્ઞ અને આર્યદર્શી[3] એવો મ ન્યાસી મ િ સમયો મગામક વર્તીને પ્રવૃત્તિ કરે છે કારણ

૧ તીર્થ એટલે સંપ્રદાય પ્રવર્તાવનારાઓ
૨ આરાધકથી ઊલટા
૩ આર્ય એટલે પ્રશુ – આરોપણ દર્શન છે જેનું

બળ, પ્રમાણ ક્ષેત્ર, અવસર, વિનય ભાવ તથા સ્વપર સિદ્ધાંતો[1] જાણનારો, પરિગ્રહમાં મમતા વિનાનો, યથાસમય પ્રવૃત્તિ કરનારો એવો તે નિષ્કપટ ભિક્ષુ રાગ અને દ્વેષ છેદીને પોતાના સંયમધર્મમાં પ્રવર્તે છે પોતાને જોઈતા વસ્ત્ર પાત્ર, કંબળ, રજોહરણ, ગૃહસ્થની અને આસન – એ બધું તે નિર્દોષ રીતે ગૃહસ્થો પાસેથી યાચી લે છે ગૃહસ્થો પોતાને કે પોતાના માટે વિવિધ કર્મસમારંભોથી ભોજન, વાળુ શિરામણ કે ઉત્સવાદિ માટે ખાદ્યો તૈયાર કરે છે કે સંઘરે છે તેમની પાસેથી પોતાને જોઈતો આહાર તે ભિક્ષુ વિધિપૂર્વક માગી લે છે

તે ભિક્ષુ મહા આરંભથી[2] બનેલો આહાર લેતો નથી, લેવડાવતો નથી કે બીજાને તેની સંમતિ પણ આપતો નથી અલ્પદર્શી વીરપુરુષો જાડું પાતળું અને લુખુસૂકું ભિક્ષાન્ન જ લે છે સવ પ્રકારના ભિક્ષાના દોષો[3] સમજીને, તે દોષોથી મુક્ત બની તે મુનિ પોતાની ચર્યામાં વિહરે છે તે જાતે કશું ખરીદતો નથી, ખરિદાવતો નથી કે તેમ કરવાની બીજાને સંમતિ આપતો નથી મને કોઈ આપતું નથી એમ કહી, તે ક્રોધ કરતો નથી થોડું આપે તેની નિંદા

---

૧ મૂળ સમય'

૨ જુઓ પા ૨૦ નોંધ ૨

૩ મૂળમાં 'આમગંધ' છે ટીકાકાર આમ એટલે અપરિશુદ્ધ એવો અર્થ કરી, ગંધ શબ્દથી 'ઉદ્દેશીને કરેલું વગેરે કારણે દોષિત એવો અર્થ લે છે ભિક્ષાન્નના દોષોની વિગત માટે જુઓ મહાવીરસ્વામીનો સંયમધર્મ' પા ૧૭૧ ઇ અથવા "આ સૂત્રનો બીજો ખંડ અધ્યયન ૧

કરતો થી કોઈ આપવાની ના પાડતો [illegible] આમા
જાય અને તો ઇચ્છા પડે ઉતારે આવે છે આહાર
અને તો ખુશ થતો નથી અને તો માઠું કે તો નથી
એ આ અદનું પરિમાણ [illegible] છ વધારે એમ તો
ગમ્યો કરતા નથી તથા પોતાની જાત સર્વ પ્રકારે
પરિમાણથી [illegible] આવરુંરેને કે [illegible] જાણીતા
છે તથી કુશળ પુરુષો લપાતા નથી અને [illegible]
[૮૫૮૬]

તે સમની મુનિ જેવા રીતે કાઈ પૈસો ઉત્પન્ન
મળમાં ઉત્પન્ન આવે છે તેવીજ રીતે ગુણ એવા
કરાવીને પણ સ્પાર્શ છે જવા રીત ગરીબને આપે છે
તેવી રીતે ધનિકને પણ આપે છે ધર્મ પ્રદેશ કરતા કાઈ
આ [illegible] થી માગવા હાથ ઉપર છે તા ત્યા પાછું એમ છે
એમ માને છે ને એમ પણ જાણે છે કે સામો શ્રોતા
કોણ છે અને કોનો અનુયાયી છે એવો ખ્યાલ રાખવાના
નથી [૧૦૧]

મધ્યસ્થને મુક્ત કરનાર તે વીર પ્રશંસાપાત્ર છે
[૧૦૨]

૩
સુખ અને દુઃખ

૧

જગતના લોકોની કામનાઓને પાર નથી તેઓ ચાળણીમા પાણી ભરવાનો પ્રયત્ન કરે છે તે કામનાઓ પૂરી કરવા જતા બીજા પ્રાણીઓનો વધ કરવો પડે તેમને પરિતાપ આપવો પડે, તેમને તાબે કરવા પડે કે આખા જનપદોને તેમ કરવુ પડે, તો પણ તેઓ પાછુ જોતા નથી કામમૂઢ અને રાગદ્વેષમાં ફસેલા તે મંદ પુરુષો આ જીવિતના માન, સત્કાર અને પૂજનમા આસક્ત રહે છે, અને અનેક વાસનાઓ ભેગી કરે છે તે વાસનાઓથી ભીંચાયેલા તેઓ ફરીફરીને ગર્ભમા આવે છે વિષયોમા મૂઢ માણસ ધર્મને જાણી શકતો ન હોવાથી જરા મૃત્યુને જ વશ રહે છે [૧૧૩,૧૧૧,૧૧૯,૧૦૮]

એટલે, વીરપુરુષે વિષયસંગથી પ્રાપ્ત થતા બંધનના સ્વરૂપને અને પરિણામે પ્રાપ્ત થતા [જરામરણરૂપી] શોકને

જાણીને સંયમી થવું તથા મોટા અને નાના—બધી જાતના રૂપોમાં વૈરાગ્ય ધારણ કરવો. હે બ્રાહ્મણ! જન્મ અને મૃત્યુને[1] સમજીને તું સંયમ[2] સિવાય બીજી તરફ ન જા. હિંસા ન કર કે ન કરાવ. તૃષ્ણાથી નિર્વેદ પામ. સ્ત્રીઓથી વિરત થા. ઉચ્ચદર્શી થા તથા પાપકર્મથી વિરામ પામ. સંસારના સ્વરૂપને સમજીને રાગ અને દ્વેષથી અસ્પૃષ્ટ રહેતો પુરુષ આ સંસારમાં શસ્ત્રથી છેદાતો નથી, ભેદાતો નથી, બળાતો નથી કે હણાતો નથી. [૧૧૪ ૧૧૬]

માન વગેરે કષાયોવાળો[3] તથા વિષયાસક્તિરૂપી પ્રમાદથી યુક્ત મનુષ્ય ફરી ફરીને ગર્ભમાં આવે છે. પરંતુ રાગ અને દ્વેષમાં તટસ્થ રહેતો સમજણો (સરળ)[4] અને મૃત્યુથી ડરતો મનુષ્ય જન્મમરણથી મુક્ત થઈ શકે છે. તેવો મનુષ્ય કામોમાં અપ્રમત્ત, પાપકર્મથી ઉપરત, વીર, આત્માનું સર્વ પ્રકારે (પાપથી) રક્ષણ કરનાર, કુશળ તથા સંસારનું ભયસ્વરૂપ સમજનારો અને સંયમી[5] હોય છે. [૧૦૯ ૧૧૧]

---

૧ એટલે કે જન્મ અને મરણમાં રહેલા દુઃખને તથા તેના કારણરૂપી સકામ પ્રવૃત્તિ અને હિંસાને (આરંભને)

૨ મૂળ ગ્રન્થમ્

૩ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે

૪ ટીકાકાર એવો અર્થ લે છે કે, સ્ત્રી વગેરે બાહ્ય પદાર્થોને આસક્તિ ન જાણનારો વક્ર નહિ તેવો

૫. મૂળમાં મુનિ શબ્દ છે. પ્રવ્રજ્યાપૂર્વક સંયમધર્મનું આચરણ તે જ મૌન અથવા મુનિનો ધર્મ છે. તેથી સંયમી, મુનિ અને અનગાર (ગૃહત્યાગી) એ સમાનાર્થક શબ્દો છે

લોકમાં જે અજ્ઞાન છે, તે અહિત માટે છે. દુઃખમાત્ર આરંભ (સકામ પ્રવૃત્તિ અને તેને પરિણામે થતી હિંસા)થી ઉત્પન્ન થાય છે એમ સમજીને અને માનીને એ આરંભો અહિતકર છે એમ સમજે. કર્મથી આ બધી સુખદુઃખાત્મક ઉપાધિ પ્રાપ્ત થાય છે. નિષ્કર્મ આત્માને સંસાર નથી. માટે કર્મનું સ્વરૂપ અને કર્મજનક હિંસાના સ્વરૂપને સમજીને સર્વ પ્રકારે સંયમ સ્વીકારી, રાગ અને દ્વેષથી દૂર રહેવું જોઈએ. બુદ્ધિમાન પુરુષ લોકનું સ્વરૂપ સમજીને કામિનીકાંચન પ્રત્યની તેની પિપાસાનો[1] ત્યાગ કરીને તથા બીજું પણ બધું છોડીને સંયમધર્મમાં પરાક્રમી થાય. [૧૦૬,૧૦૯ ૧૦]

કેટલાક લોકો આગળ અને પાછળનો ધ્યાનમાં લેતા નથી — શું થયું અને શું થશે તેનો વિચાર કરતા નથી. કેટલાક વળી એમ પણ કહે છે, જે થયું છે તે જ થવાનું છે. પરંતુ તથાગત[2] પુરુષો કહે છે કે, કર્મની વિચિત્રતાને લીધે જેવું થયું છે તેવું જ થવાનું છે એમ પણ નથી અને જેવું થવાનું છે તેવું થયું હોવું જોઈએ એમ પણ નથી. આ વસ્તુ બરાબર સમજીને, મનુષ્યે શુદ્ધ આચરણવાળા થઈ કર્મનો નાશ કરવા તત્પર થવું. [૧૧૬]

હે ધીર પુરુષ! તું સંસારવૃક્ષના મૂળ અને પાંખડાં બંનેને તોડી નાખ. તથા તેનું સ્વરૂપ બરાબર સમજીને નૈષ્કર્મ્યદર્શી[3] થા. દુઃખના સ્વરૂપને સમજનારો સમ્યગ્દર્શી મુનિ,

---

1 મૂળ 'લોકસંજ્ઞા' એટલે કે લોકોની સ્વાભાવિક વૃત્તિ.
2 પદાર્થોને યથાર્થ રૂપે જાણનાર — સત્યદર્શી.
3 નિષ્કર્મ એવા આત્માને જોનાર — અનુભવનાર.

પ્રગમ માર્ગ જાણ્યા બાદ પાપ નથી કરતો પદાર્થોનું સ્વરૂપ સમજીને Cઽ ત થયેલો તે બુદ્ધિમાન બધાં પાપકર્મોનો ત્યાગ કરે છે [૧૧૧]

હે આર્ય પુરુષ! તું જન્મ મરણનો[1] વિચાર કરીને અને તેમને બરાબર સમજીને પ્રાણીઓના સુખનો વિચાર કર તું પાપના મૂળ અને ૩ન નોકર માથેના પાપને તોડી નાખ એ પાછળી જ મનુષ્ય હિંસાદિથી તથા જન્મમરણ જેટારો થાય છે [૧૧૩]

બુદ્ધિમાને સમસ્ત લોક ન ક સમભાવ રાખીને તથા સમારના મમ ધોને બરાબર જાણીને બહારના પ્રાણી તરફ પોતાની કેડે જેવું જોઈએ અને હિંસાથી વિરત થઈ કોઈને હણવું ? હણાવવું ન જોઈએ મૂર્ખ મનુષ્ય જ પ્રાણીઓ હણીને ખુશી થાય છે તથા હસે છે પણ તે મૂર્ખ હાવે કરીને વેર વધારે છે તે જાણતો નથી અનેક વાર દુર્લભ મહામુશ્કેલીએ મળેલા મનુષ્યજન્મને પામીને કોઈ પણ પ્રાણીની ઘાતની હિંસા ન કરવી એમ હું કહું છું શ્રદ્ધાવાળા અને જિનાજ્ઞાને અનુસરતા બુદ્ધિમાન પુરુષે લોકનું સ્વરૂપ બરાબર સમજી તેને કોઈ રીતે ભય ન થાય તે રીતે વર્તવું જોઈએ હિંસામાં ગોળાવત્તાપણું હોય અહિંસામાં નહિ [૧૦૬ ૧૧૧ ૧૧૪ ૧૨૪]

જે લોકો શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને જાણવામાં કુશળ છે તેઓ જ અહિંસાને સમજવામાં કુશળ છે અને

૧ મૂળમાં જન્મ તથા બાલ, કુમાર યૌવન વગેરે તેની વૃદ્ધિને

જેઓ અહિંસાને સમજવામાં કુશળ છે, તેઓ જ શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને જાણવામાં કુશળ છે. જેણે આ શબ્દો, રૂપો, ગંધો, રસો અને સ્પર્શોનું સ્વરૂપ બરાબર જાણેલું છે, તે જ પુરુષ આત્મવાન, જ્ઞાનવાન, વેદવાન, ધર્મવાન અને બ્રહ્મવાન છે. તે આ લોકના સ્વરૂપને બરાબર સમજે છે. તે જ સાચો મુનિ છે. તે મનુષ્ય સંસારના ફેરા અને તેના કારણરૂપ માયાના સંગને બરાબર ઓળખે છે. [૧૦૯,૧૦૬-૭]

૨

જગતના કિંકર્તવ્યમૂઢ અને દુઃખસાગરમાં ડૂબેલા પ્રાણીઓને જોઈને અપ્રમત્ત માણસે સર્વ તજી સંયમધર્મ સ્વીકારવો અને તેના પાલનમાં પ્રયત્નશીલ થવું. જેમને સંસારના સર્વ પદાર્થો પ્રાપ્ત હતા, તેવાઓએ પણ તેમનો ત્યાગ કરી, સંયમધર્મ સ્વીકાર્યો છે. માટે જ્ઞાની પુરુષે એ બધું નિઃસાર સમજી, સંયમ સિવાય બીજાનું સેવન ન કરવું. [૧૯૨,૧૧૪]

હે પુરુષ! તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ છોડી, તું તારા જ આત્માને નિગ્રહમાં રાખ. તે રીતે તું દુઃખથી મુક્ત થઈ જઈશ. [૧૧૭-૮]

જે ઉત્તમ છે તે દૂર છે, અને જે દૂર છે તે ઉત્તમ છે. હે પુરુષ! તું સત્યને જ ઓળખ. સત્યની આરાધના કરતો, પ્રયત્નશીલ, સ્વહિતમાં તત્પર, તથા ધર્મને અનુસરતો મેધાવી પુરુષ જ મૃત્યુને તરે છે અને શ્રેયનું દર્શન કરે છે.

કષાયોનો ત્યાગ કરનારો તે પોતાના પૂર્વ કર્મોનો નાશ કરી શકે છે [૧૬૮]

પ્રમાદી મનુષ્યને જ બધે પ્રકાર ભય હોય છે અપ્રમાદીને કોઈ રીતે ભય હોતો નથી લોકનુ દુખ સમજીને અને લોકના સંયોગોને છાડીને વીર પુરૂષો મહામાર્ગે વળે છે ઉત્તરોત્તર ઊંચે ને ઊંચે ચડતા તેઓ અસયમી જીવન ઇચ્છતા જ નથી [૧૨૦]

મમા મા તિ શુ ને અરતિ શુ ? મુમુક્ષુએ એ બ ેનો ગ્રહ છોડી દેવો સર્વ પ્રકારના હાસ્યનો ત્યાગ કરી તથા મન વચન અને કાયાને સયમમા રાખી બુદ્ધિમાને વિચર [૧૨૭]

પોતાના ન્ય સાધવામા પ્રયત્નશીલ થયેલા સયમી ોથી ો ા ેતા ગભ ાય નહિ અને વિચારે કે આ જગતમા સયમી પુ ા જ લોકાલોકના પ્રપંચથી મુક્ત થઈ કે છે [૧]

અમુનિ (અસારીઓ) જ સુતેલા છ મુનિઓ હમેશ જાગતા હોય છે તે નિગ્રંથો શીત અને ઉષ્ણ વારે ોને ત્યાગ ાગ ાય છે તિ અને અરતિ સહન ના ાય છે તથા (ગમે તેવા કષ્ટોમા) કષાય પરુ ાતા અનુભવતા નથી તે હમેશા જાગૃત હોય છે ર્થી વિ ત હોય છે હે વીર ! તું આવો થઈ દુ ોથી મુક્ત થઈ [૧ ૫ ૧ ૮]

તે રીતે મિતાહારથી તરીન નભાવવુ તથા તાકમા હમેશા પરત્શાં, એકાતનામી ઉપવાત, સમભાવી, મહ ય તથા સાવધાન થઈને, કાળની વાટ જોતા વિચરવુ [૧૧૮ ૧૧૧]

એકબીજાની ના મથી કે ભયથી પાપકર્મ નહિ કરનાર શુ મુનિ કહેવાય ? ખરા મુનિ તો સમતાને[1] બરાબર સમજીને પોતાના આત્માને નિર્મળ કરનારા હોય છે, [૧૧૫]

ક્રોધ માન માયા અને લોભને છોડીને હમેશા સયમીએ વર્તવુ એમ હિંસાનો ત્યાગ કરી સસારનો અત કરનારા દ્રષ્ટાઓ કહે છે જે એકને જાણે છે તે સર્વને જાણે છે, અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે જે એકને નમાવે છે તે સર્વને નમાવે છે અને જે સર્વને નમાવે છે તે એકને નમાવે છે અથાત્ જે ક્રોધાદિ આ માથી એકનો નાશ કરે છે તે બીજાઓનો પણ કરે છે અને જે બીજાઓનો નાશ કરે છે તે એકનો નાશ કરે છે [૧૨૧ ૧૨૪]

જે ક્રોધદર્શી[2] છે તે માનદર્શી છે જે માનદર્શી છે તે માયાદર્શી છે જે માયાદર્શી છે, તે લોભદર્શી છે જે લોભદર્શી છે તે રાગદર્શી છે જે રાગદર્શી છે તે દ્વેષદર્શી છે જે દ્વેષદર્શી છે તે મોહદર્શી છે જે મોહદર્શી છે, તે ગર્ભદર્શી છે જે ગર્ભદર્શી છે, તે જન્મદર્શી છે જે

1 મૂળ 'સમય' તેનો બીજો અર્થ 'સિદ્ધાન્ત' પણ થઈ શકેય

2 '-ને જાણે છે અને ત્યાગે છે' એમ બન્ને અર્થ સમજવા.

નદર્શી છે તે મૃત્યુદર્શી છે જે મૃત્યુદર્શી છે તે નરકદર્શી છે જે નરકદર્શી છે, તે તિર્યચદર્શી છે જે તિર્યંચદર્શી છે તે દુખદર્શી છે માટે મેધાવી પુરુષે ક્રોધ, માન, માયા લોભ રાગ દ્વેષ અને મોહને દૂર કરી ગર્ભ, જન્મ, મૃત્યુ નરક અને તિર્યચગતિના દુખ દૂર કરવા, એમ હિંસાનો ત્યાગ કરી સમાગનો અંત આણનારા દ્રષ્ટાઓ કહે છે

દ્રષ્ટા નવા કર્મોને અટકાવનારો પૂર્વ કર્મોનો નાશ કરી શકે છે દ્રષ્ટા પુરુષને કશી ઉપાધિ નથી હોતી [૧૨૫]

૧ પશુ વગેરે યોનિ

૮

સમ્યક્ત્વ[1]

૧

જે અરહંત ભગવાનો પૂર્વે થઈ ગયા છે વર્તમાનમા છે, અને ભવિષ્યમા થવાના છે તે બધાયનુ એમ જ કહેવુ છે કે, કોઈ પણ ભૂતપ્રાણીને[2] હણવુ ન જોઈએ તેના ઉપર હુકમ ન ચલાવવો જોઈએ તેને ગુલામ કે નોકર બનાવી તેની ઉપર બળાત્કાર ન કરવો જોઈએ કે તેને સંતાપવુ યા મારવુ ન જોઈએ એ ધર્મ શુદ્ધ છે નિત્ય

---

૧ પદાર્થમાત્રને યથાર્થ રૂપમા જાણી હેયને છોડી દેવાની અને ઉપાદેયને ગ્રહણ કરવાની રુચિ તથા તે રુચિના બળથી ઉત્પન્ન થતી ધર્મતત્ત્વનિષ્ઠા, એનુ નામ સમ્યક્ત્વ

૨ મૂળમા પ્રાણ જીવ, ભૂત અને સત્ત્વ એ ચાર શબ્દ છે તેમનો ભેદ એવી રીતે પાડવામા આવે છે કે, બે, ત્રણ, અને ચાર ઇંદ્રિયવાળા તે પ્રાણ વૃક્ષ વગેરે તે ભૂત પાચ ઇંદ્રિયવાળા તે જીવ અને પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિના જીવ તે સત્ત્વ

છે વાસ્તવ છે અને તેનું સ્વરૂપ સમજીને જ્ઞાની પુરુષોએ ગમ્ય [illegible] લાગી મર્યાદે [illegible] છે એમ [illegible] છે, અને જિનપ્રવચનમાં એ જ ઠીક કહેલું છે. [૧૮]

પરંતુ જુદા જુદા વાદ ચલાવનારા કેટલાક શ્રમણો બ્રાહ્મણો એમ કહે છે કે અમે [illegible] જાણ્યા [illegible] આ માન્યતા મુજબ તેમજ ઊંચે નીચે બધી દિશાઓને બરાબર તપાસીને અમે કહીએ છીએ કે, સર્વ ભૂતપ્રાણીને હણવામાં કે તેમની પાસે બળાત્કારે કામ લેવા વગેરેમાં દોષ નથી. પરંતુ આર્યપુરુષો કહે છે કે, તેમનું એ કહેવું અનાર્યવચન છે. અને તે બરાબર નથી. સર્વ પ્રાણીઓને ન હણવા જોઈએ, ન સતાપવા જોઈએ, ન મારવા જોઈએ કે તમને ગુલામ નોકર બનાવી તેમના ઉપર [illegible] હુકમ ન ચલાવવો જોઈએ એ આર્યવચન છે.

તમે કહેનારા બધા શ્રમણબ્રાહ્મણોમાંથી દરેકને એક એકને પૂછો કે ભાઈ! તમને સુખ એ દુઃખરૂપ છે કે દુઃખ એ દુઃખરૂપ છે? જો તેઓ સાચું કહે તો એમ જ કહે કે, અમને દુઃખ એ દુઃખરૂપ છે. તો પછી તેમને કહેવું જોઈએ કે, તમને જેમ દુઃખ એ દુઃખરૂપ છે તેમ સર્વ ભૂતપ્રાણીને પણ દુઃખ એ મહાભયરૂપ છે તથા અશાંતિકર છે. જગતમાં [illegible] પુરુષો ને અધર્મીઓની[1] ઉપેક્ષા કરે છે. ધર્મજ્ઞ અને સરળ પુરુષો શરીરની પરવા કર્યા વિના વિચારીને હિંસાના ત્યાગપૂર્વક

---

૧ મૂળ (ધનવી) ના. બીજો અર્થ

કર્મોનો ત્યાગ કરે છે દુ ખમાત્ર આરંભ — સકામ પ્રવૃત્તિ અને તેને કારણે થતી હિંસા — થી થાય છે એમ સમજીને તેઓ તેમ કરે છે દુ ખનુ સ્વરૂપ સમજવામા કુશળ એવા તે પુરુષો કર્મનુ સ્વરૂપ બરાબર સમજીને લોકોને સાચી સમજ આપી શકે છે [૧ ૨૪]

જગતમા કેટલાકોને પાપકર્મો કરવાની જ ટેવ પડી હોય છે પરિણામે તેઓ અનેક જાતના દુ ખો ભોગવે છે ક્રૂર કર્મો કરનારા તેઓ ઘણી વેદના ભોગવે છે જેઓ તેવા કર્મો નથી કરતા તેઓ તેવી વેદના નથી ભોગવતા, એમ જ્ઞાની પુરુષો કહે છે [૧૩૨]

અજ્ઞાની અને અધિકારમા ખડતા મનુષ્યને જિનની આજ્ઞાનો લાભ થતો નથી જે મનુષ્યમા પૂર્વે ભોગવેલા ભોગોની કામના નષ્ટ થઈ છે અને જેને [ભવિષ્યના] પરલોકના ભોગોની પણ કામના નથી તેને વર્તમાન ભોગોની ઇચ્છા શાની હોય? તેવા શમયુક્ત પોતાના કલ્યાણમા પરાયણ, હમેશા યત્નશીલ શુભાશુભના જાણનારા, પાપકર્મથી નિવૃત્ત લોકને બરાબર સમજી તે તરફ તટસ્થ રહેનારા તથા બધી બાબતોમા સત્ય ઉપર ઊભનારા વીર પુરુષોને જ અમે જ્ઞાન બતાવીશુ જ્ઞાની અને બુદ્ધ પુરુષો આરંભના ત્યાગી હોય છે તે હકીકત તરફ નજર રાખો જેણે વધ, બંધ, પરિતાપ તથા બહારના પ્રવાહોને[1] રોક્યા છે, તથા કર્મના

1 ધન ધાન્ય પુત્ર, સ્ત્રી વગેરેની કામના કે જે હિંસાદિ પ્રવૃત્તિ તથા પાપનો પ્રવાહ આત્મામા દાખલ થવાનુ કારણ છે તે

પરિગ્રહોને સમજીને જે નૈષ્કર્મ્ય[1] થયો છે તે વેદવિદ્[2] કર્મબંધનાં કારણોથી પર રહે છે. [૧૮૯]

૨

અજ્ઞાનીઓને જે બંધનાં કારણ છે, તે જ જ્ઞાનીને મુક્તિનાં કારણરૂપ છે; અને જ્ઞાનીને જે મુક્તિનાં કારણ છે, તે અજ્ઞાનીને બંધનાં કારણ છે. આ પદોને સમજતા સંયમીએ જ્ઞાનીઓની આજ્ઞાનુસાર લોકના સ્વરૂપને સમજી, તેમણે બતાવેલા માર્ગે જ ચાલવું જોઈએ. સંસારમાં પડી પીડા પામતાં અને સમજવા માગતાં માણસોને જ્ઞાની પુરુષો ધર્મ કહી સમજાવે છે. [૧ ૧]

ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને અને સ્વીકારીને સંઘરી ન રાખવો, પરંતુ પ્રાપ્ત થયેલા મનગમતા ગુણ ભોગપદાર્થોમાં વૈરાગ્ય પામી લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેવું. મેં જાણ્યું છે અને સાંભળ્યું છે કે સંસારમાં આસક્ત થઈ વિષયોમાં ખૂંચનારા મનુષ્યો ફરી ફરીને જન્મ પામે છે. તેવા પ્રમાદીઓની બહાર બુદ્ધિમાન પુરુષે હંમેશાં સાવધાન, અપ્રમત્ત તથા પ્રયત્નશીલ રહી પરાક્રમ કરવું જોઈએ એમ હું કહું છું. [૧૭૭-૯]

જિનની આજ્ઞાને અનુસરનારા અને નિઃસ્પૃહી બુદ્ધિમાન પુરુષો પોતાના આત્માનો યથાર્થ વિચાર કરીને,

---

૧ જુઓ પા. ૨૭ નોંધ ૩

૨ વેદ એટલે સાચું જ્ઞાન; તેને જાણનાર — જ્ઞાની.

તેને પ્રાપ્ત કરવા માટે નગીરની મમતા છોડી નૈઈએ જેવી રીતે જૂનાં લાકડાંને અગ્નિ એકદમ બાળી નાખે છે તેમ આત્મામા મમાહિત અને સ્થિર બુદ્ધિવાળા પુરુષ ક્રોધાદિ કષાયોને બાળી નાખવા આ આયુષ્ય નાશવત છે અને ભવિષ્યમા કર્મોના પરિણામરૂપ દુખ અવશ્ય ભોગવવુ જ પડવાનુ છે કર્મોને પરિણામે તરફડતા અનેક નાગો તથા તેમના અનેક જાતના કડવા અનુભવો તરફ નજર કરો! તથા પૂર્વસબધોનો ત્યાગ કરી વિષયાગ્નિમાથી ઉપશમ પામી, શરીરને નરાબર કમો ફરીથી જન્મ નહિ પામનાર વીર પુરુષોનો માર્ગ કઠણ છે માસ અને લોહીને સૂકવી નાખો સ્થિર મનવાળો વીરપુરુષ સયમમા રત, સાવધાન, પોતાના હિતમા તત્પ અને હમેશા પ્રયત્નશીલ હોય છે બ્રહ્મચર્યમા હીન કમનો નાશ કરનાર સયમી વીરપુરુષને જ જ્ઞાની પુરુષોએ માન્ય કર્યો છે [૧૩૫ ૭]

નેત્ર વગેરે ઇંદ્રિયોને વશ કર્યા પછી પણ મમતિ પુરુષ વિષયોના પ્રવાહમા તણાઈ જાય છે સયોગથી પર નહિ થયેલા તેવા તે મનુષ્યના બધનો કપાતા નથી વિષયભોગને પરિણામે દુખથી પીડાયેલા અથવા હજુ તેમા જ પ્રમત્ત એવા હે મનુષ્યો! હું તમને સાચી વાત કહી સભળાવુ છુ કે, મૃત્યુ અવશ્ય આવવાનુ જ છે પોતાની ઇચ્છાઓને તાબે થતા અસયમી, કાળથી ઘેરાયેલા અને પરિગ્રહમા ખૂચેલા લોકો ફરી ફરી જન્મ પામ્યા કરે છે [૧-૮,૧૩૧]

જે લોકો પાપકર્મથી નિવૃત્ત છે તેઓ જ વસ્તુતાએ વાસના વિનાના કહેવાય માટે બુદ્ધિમાન[1] તથા સંયમી પુરુષ ભૂતકાળનો ત્યાગ કરે જેને આ લોકમાં બાંધનારું નથી તેને અન્ય ઉપાધિ પ્રવૃત્તિ શાની હોય? શું એવા વીતરાગને ઉપાધિ થાય છે? દ્રષ્ટાને ઉપાધિ નથી હોતી એમ હું કહું છું [૧ ૧૨૮ ૧૪]

૧ મૂળમાં અનાવધ શબ્દ છે તે આ સૂત્રમાં વારંવાર વપરાય છે ઉપનિષદોમાં જ્ઞાની માટે વિદ્યાથી (તેમજ આવવાથી) પર થયેલો એવું વિશેષણ આવે છે પરંતુ અહીં તો સાધક માટે પણ એ શબ્દ વપરાતો હોઈ તેનો ટીકાકાર કરે છે તેવો જ્ઞાનાદિ અતિશય ધરાવનારો અર્થ જ સ્વીકાર્યો છે

૨ મૂળમાં ઝાડુ શબ્દ છે ટીકાકાર તેનો જ્ઞાનિ એટલે કે જ્ઞાનચારિત્ર ઉદ્યોગાનુષ્ઠાન એવો અર્થ કરે છે

૫

લોકમાગ

૧

વિષયી મનુષ્યો પોતાના ભોગોના પ્રયોજન માટે કે કોઈ પણ પ્રયોજન વિના પણ હિંસા વગેરે પ્રવૃત્તિ કર્યા કરે છે તેથી તેઓ તે તે યોનિઓમા જ ફર્યા કરે છે તેમની કામનાઓ મોટી હોય છે તે કારણે તેઓ મૃત્યુમા ઝપડાય છે પોતાની કામનાઓથી જ તેઓ સત્ય સુખથી દૂર રહે છે તેવા મનુષ્યો વિષયોને ભોગવી પણ શકતા નથી કે ત્યાગી પણ શકતા નથી [૧૪૧]

થઈ જશે માટે તે મારા ભોજનને હલકા ભોજન વડે ઢાંકી કરીને આચાર્યાદિને બતાવે તો તેને દોષ લાગે માટે તેમ ન કરતા, કશુ છુપાવ્યા વિના તેને ખુલ્લુ બતાવવુ તેમજ જો મુનિ મળેલા ભોજનમાંથી સારુ સારુ ખાઈ કરી, બાકીનુ આચાર્યાદિને બતાવવા લાવે તો પણ તેને દોષ લાગે માટે તેમ ન કરવુ [૫૭]

કોઈ ભિક્ષુઓને સારું ખાવાનુ મળતા તેઓ મુનિ પાસે આવીને કહે કે તમારામા અમુક મુનિ બીમાર છે તો તેને આ સારુ ભોજન લઈ જઈને આપો જો તે ન ખાય તો તમે ખાઈ જજો હવે પેલો સાધુ તે સારુ અન્ન ખાઈ જવાના ઇરાદાથી સાચી વાત છુપાવીને પેલા માંદા ભિક્ષુને એમ કહે કે 'આ અન્ન તો લૂખુ છે, યા તીખુ છે, યા કડવુ છે યા કસાણુ છે કે માંદાને લાયકનુ નથી તો તેને દોષ લાગે માટે તેમ ન કરતા તે અન્ન જેવુ હોય તેવુ તેને કહી બતાવવુ હવે પેલા ભિક્ષુઓએ જો તેને એમ કહ્યુ હોય કે તે માંદો મુનિ જો ન ખાય તો આ અન્ન અમારી પાસે પાછુ લાવજો તો પણ પોતે ખાઈ જવા માટે જુદું બોલવાને બદલે તેમણે જેમ કહ્યુ હોય તેમ કરવુ [૬૦-૧]

મુનિએ ભિક્ષા માગવા જતા માર્ગમા મુસાફરખાનામા બગીચાઓમા ગૃહસ્થના ઘરોમાં કે ભિક્ષુકાદિના મઠોમાંથી આવતી અન્ન કે પાનની સુગંધ તેના સ્વાદ માટે આસક્ત થઈ, વાહ સુગંધ' એમ કહી સૂંઘવી નહિ [૯૪]

પાણી કેવું લેવું – ન લેવું ?

ભિક્ષુએ આટ પલાળેલું[1] તલ ધોયેલું[2] ચોખા ધોયેલું કે તેવું બીજું પાણી તરતનું જ ધોયેલું હોઈ તેનો સ્વાદ ફર્યો ન હોય, તેનું પરિણામાંતર ન થયું હોય તથા તે પૂરેપૂરું નિર્જીવ ન થયું હોય તો તેને સદોષ જાણી ન લેવું. પરંતુ ઘણો વખત થયો હોવાથી તેનો સ્વાદ ફરી ગયો હોય, તો તેવા નિર્જીવ થયેલા પાણીને નિર્દોષ જાણી લેવું.

ભિક્ષુએ જાણવું જોઈએ કે જવનું પાણી, ઓસામણ, ઉમનો નીતાર કે ગોળનું અથવા બીજું નિર્જીવ પાણી હોય, તો તેના માલિક પાસે માગવું અને જો તે જાતે લેવાનું કહે તો જાતે લેવું અથવા તે જ આપે તો તે રીતે લેવું. [illegible] નિર્જીવ પાણી [illegible] જમીન ઉપર કે [illegible] ઉપર મૂકેલું હોય, અથવા જો પાણી ગૃહસ્થ સજીવ પાણી કે માટીવાળા વાસણ વડે આપવા માંડે કે [illegible] બીજું [illegible] પાણી ઉમેરીને આપવા માંડે, તો તેને સદોષ જાણી ન લેવું. [૧-૭][3]

---

૧ [illegible]—ટીકા. અથવા લોટની કથરોટ [illegible] પાણી [illegible]

૨ [illegible]—ટીકા. અથવા [illegible] ઠારવા કે [illegible] પાણી [illegible] આવે છે.

૩ અહીં ટીકાકાર [illegible] ઉમેરે છે કે [illegible] નિર્જીવ કરેલું (પ્રાસુક) પાણી

આમાનુ અમાડાનુ કાઠનુ બિજોરાનુ, દ્રાક્ષનુ, દાડમનુ ખજૂરનુ, નાળિયેરનુ કેરાનુ બોરનુ આમળાનુ આમલીનું તથા એવી જાતનુ પીણુ કળિયા છાને કે બીજવાળુ હોઈ ગૃહસ્થ સાધુને માટે બનાવી, કપડ઼ કે વાળાની ચાળણીમા દાખી કે ગાળીને આપે તો મુનિએ તે પીણુ સદોષ જાણી ન લેવુ [૪૩]

સાત પિંડૈષણાઓ[૧] અને પાનૈષણાઓ

૧ વણખરડયા હાથે તથા પાત્રે આપેલુ જ નિર્જીવ ભોજન જાતે માગવુ કે બીજો આપે તો ગ્રહણ કરવુ, એ પ્રથમ પિંડૈષણા

૨ ખરડેના હાથે અને પાત્રે આપેલુ નિર્જીવ ભોજન જ ગ્રહણ કરવુ, એ બીજી પિંડૈષણા

૩ ચોખ્ખા હાથે અને ખરડેના પાત્રે કે ખરડેના હાથે અને ચોખ્ખા પાત્રે હાથમા કે પાત્રમા આપેલુ નિર્જીવ ભોજન જ જાતે માગવુ કે બીજો આપે તો ગ્રહણ કરવુ[૨] એ ત્રીજી પિંડૈષણા

૪ નિર્જીવ પૌવા, પોંક ધાણી વગેરે કે જેમા ફાંકી નાખવાનુ બહુ અલ્પ હોય છે તથા દાતાને પણ પછી વાસણ

---

૧ ભિક્ષાની વસ્તુઓમા અને ક્ષેત્રમા મર્યાદા બંધાય એ અર્થે ભિક્ષાદિના કેટલાક નિયમો શિષ્ટસમત થયેલા છે તે આ વિભાગમા વર્ણવ્યા છે એષણા એટલે માગવુ તે — માગવાનો વિધિ.

૨ મૂળમા આટલુ વધારે છે થાળ, હાન્ડા, સુપડા, છાબ કે બહુમૂના વાસણમા શ્રદ્ધાળુ ગૃહસ્થોને ઘેર અન્ન મૂકી રાખેલુ હોય, તેમાથી ઇ

[illegible] ઓછું કરવાનું હોય છે તે [illegible] ઊંચે આપે તો ગ્રહણ કરવા એ ચોથી પિં[illegible]

[illegible] ગૃહસ્થ પોતે [illegible] મારે [illegible] (અને તેથી હાથ વગેરે [illegible] બાના ન હોય,) તેવું [illegible] ગ્રહણ કરવું, [illegible]

ગૃહસ્થ [illegible] [illegible] કાઢવા [illegible] ભોજન જ હોય કે [illegible] એ [illegible]

[illegible] હોય તથા જેને બીજો [illegible] તેવું નિરુપદ્રવ ભોજન [illegible] તો લેવું એ સાતમી પિંડૈષણા

[illegible] ભિક્ષુએ [illegible] અનુસાર [illegible]

[illegible] સ્વામીની [illegible] ગ્રહણ કરવું, [illegible] નીચા [illegible] ઊંચું [illegible] નિરુપદ્રવ [illegible] (ઘણા

૧ [illegible]
૨ [illegible]

માટે કરવાનું) ખામ પશ્ચાત્કર્મ બહુ ઓછું કરવું પડે તે જ લેવું [૬૦]

આ ખાત પિંડૈષણા કે પાનૈષણામાની કોઈ એક પ્રતિજ્ઞા અંગીકાર કરનાર એમ કદી ન બોલવું કે મે જ મારી પ્રતિજ્ઞા લીધી છે અને બીજાઓએ ખોટી પ્રતિજ્ઞા લીધી છે પણ એમ માનવું કે, બીજાઓએ જે પ્રતિજ્ઞા લીધી છે, અને મે પણ જે લીધી છે તે સર્વ જિનની આજ્ઞા પ્રમાણે જ છે અને બધા પોતાનાથી શક્ય તેવો આચાર પાળી રહ્યા છે [૬૪]

---

૧ ટીકાકાર કહે છે સ્વચ્છ હોવાથી આ પછીપી હોય અને તેથી ચોટે કે નહિ

ટિપ્પણો

ટિપ્પણ ન ૧ એ ફકરામા મૂળમા નીચેની વિગતો છે

સાલુય (જળકંદ) વિરાલિય (સ્થળકંદ) સાસવણાલિય (સર્ષપકદળી) વગેરે કંદ પીપર મરચા આદુ, આંબો, અંબાડો, તાડ, જિજ્ઝરી (વેલ) શતકુ અને સલ્લકિ વગેરેના ફળ પીપરાની વડની પીપળની તથા નદી અને શલ્લકિ વૃક્ષની કૂંપળો, આંબો, કોઠ દાડમ અને બીલુ વગેરેના ગોટલી ન બધાયેલા બોર સડેલા કે ખોરા થયેલા ખોળ મધ, મદ્ય ઘી તથા મદ્યની નીચે બેસતો દારૂ વગેરેથી ન કાપેલી વસ્તુઓ જેવી કે છાલ ઉતારેલો શેરડીનો સાંઠો અકકરેલું કમેરુ, શ્રુગાટક પૂતિઆલુક કમળ, તેની નાળ (બીસ) તેનો તંતુ, તેનું કેસર અને તેની કાકડી, લસણ, તેના પાન, તેની છાલ, તેનો કંદ અને તેની છાલ જેની ટોચમાં બીજ

[illegible] છે જેના મૂળમાં બીજ હોય છે, જેની શાખામાં બીજ હોય છે અને જેની પેરાઈમાં બીજ હોય છે તેવી બધી વનસ્પતિઓ, તથા ત્યાં જ ઉગેલા અંકુરો જેમ નાળિયેર ખજૂરી અને તાડના [illegible] [illegible] તેવી બીજી વસ્તુઓ (કારણ કે, તે તો છેદી એટલે તરત [illegible] થઈ જાય છે ત્યારે બીજ નથી થતી.) કાચાં પડેલ કે [illegible] પાકાં [illegible], [illegible] કે [illegible] વગેરે ખાનારે (આ [illegible] [illegible] ૬૦) [illegible] [illegible], [illegible] [illegible] [illegible], [illegible] કે [illegible] [illegible].

શય્યા[1]

૧

કેવા મકાનમાં રહેવું – ન રહેવું ?

ભિક્ષુ અથવા ભિક્ષુણીને રહેઠાણની જરૂર પડે એટલે તેણે ગામ, નગર કે રાજધાની વગેરેમાં જવું [૬૪]

ત્યાં જે મકાન ઈંડાં, જીવજંતુ તથા જાળાં વગેરેવાળું જણાય, તેમાં સ્થાન બેઠક કે શય્યા ન કરવાં[2] પણ જે મકાન તેવું ન હોય તેને સારી રીતે જોઈતપાસી વાળી-ઝૂડી સાવધાનીપૂર્વક આસન શય્યા કે બેઠક કરવાં

---

૧ મૂળમાં સેજ્જા–શય્યા શબ્દ છે તેનો અર્થ પથારી તેમજ મકાન બંને થાય છે

૨ હવે પછી એ ત્રણે ન ગણાવતાં માત્ર 'રહેવું' એટલું જ અનુવાદમાં જણાવ્યું છે સ્થાન, ધ્યાનાદિ માટે, અને બેઠક, અભ્યાસાદિ માટે સમજવી

[illegible] કે અનેક સ્વધર્મી (જૈન) [illegible] પ્રાણોની હિંસા કરીને તૈયાર [illegible] કરીનું લીધું હોય [illegible] (બધાની) [illegible] વિના [illegible] નિવેદન કર્યું હોય, [illegible]

[illegible] અમુક [illegible] નહિ પણ ગમે [illegible] તૈયાર કર્યું [illegible] મકાન ભીંતઓ [illegible] વાળીઝુડી તેમાં [illegible]

[illegible] ભિક્ષુને ઉદ્દેશી [illegible] કે વાસની [illegible] હોય [illegible] કરાવ્યું હોય કે ધૂપથી [illegible] ન હોય.

[illegible] [સૂત્ર ૧-૮ ૫૦.૪] [illegible] સ્ત્રી [illegible] તે બધાં [illegible]

તો તેમા ન રહેવુ પ ι જો તે બીજા વડે વપરાયુ હોય, તો તેને જીર્ણતપામી, વાળી ઝૂડી તેમા રહેવુ[1] [૬૪]

જે મકાનમા માધુને ઉદ્દેશી ગૃહસ્થ નાના બારણા મોટા કરાવે, કે મોટા બારણા નાના કરાવે કે અ દર તેમજ બહાર પાણીથી થયેલ કદમૂળ પત્ર પુષ્પ ફળ કે બીજી હરિયાળી એક જગાએથી બીજી જગાએ ખસેડે કે અદરથી બહાર જ કાઢી નાખે તથા બાજઠ પાટ નિસરણી કે આસણિયો વગેરે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય, કે અંદરથી બહાર કાઢી નાખે તે મકાનમા પણ ભિક્ષુએ જ્યા સુધી તે બીજા વડે વપરાયુ ન હોય ત્યા સુધી વાસ ન કરવો પણ બીજા વડે વપરાયા પછી તેમા વાસ કરવો [૬૫]

ભિક્ષુએ સ્થભ ઉપર માચડા ઉપર માળ ઉપર અગાસી ઉપર કે તેવા આકાશવર્તી ભાગમા ખાસ કારણ વિના ન રહેવુ કદાચ કોઈ કારણસર રહેવુ પડે તો ત્યા રહી હાથપગ, દાત કે મો ન ધોવા ત્યાથી મળમૂત્ર, લીંટ ગળફો વગેરે શૌચક્રિયાઓ ન કરવી કારણ કે તેમ કરવા જતા પડી જઈ હાથપગ ભાગે કે અન્ય જીવજતુની હિંસા થાય [૬૬]

ભિક્ષુએ સ્ત્રી, બાળક પશુ તથા તેમના ખાનપાનની પ્રવૃત્તિવાળા ગૃહસ્થના ઘરમા ન રહેવુ કારણ કે, તેમા

---

૧ એટલે કે, ઉદ્દેશીને નવુ જ બધાવે તો કદનિજ સ્વીકાર્ય નથી પરતુ તૈયાર મકાન સુધરાવે યા લીંપાવે તો બીજાએ વાપર્યા પછી સ્વીકારી શકાય

૨. આ બધુ સૂત્ર ૧૩, પા ૯૧ ઉપર જણાવ્યા પ્રમાણે સમજી લેવુ

નીચે [illegible] થવાના [illegible] કહ્યા છે જેમકે, ત્યાં ભિક્ષુને (અગ્નિ સળગાવવા જાણતો નથી) [illegible] તેનાથી [illegible] થવાને [illegible] અને તેવું વખત ગૃહસ્થ તેના [illegible] લાવી તેના [illegible] તેમ [illegible] ચરબી [illegible] માલિશ કરે કે [illegible] હવાવે, સેપ [illegible] [૬૭]

વળી ત્યાં ગૃહસ્થ તથા પત્ની પુત્ર પુત્રવધૂ કે નોકર-ચાકર અને તેના અસત્ય [illegible] બોલવાથી કે મારામારી કરે તો તેથી તેનું મન [illegible] થાય [૬૮]

વળી ગૃહસ્થ [illegible] માટે અગ્નિ સળગાવે તે દેખીને પણ તેનું મન [illegible] થાય [૬૯]

વળી ગૃહસ્થને ઘેર તેના મણિ મોતી તથા સોના ચાંદીના અલંકારો કે તે અલંકારોથી વિભૂષિત તેની તરુણ કન્યા જોઈ તેનું મન ક્ષુબ્ધ થાય [૭૦]

વળી ગૃહસ્થોની સ્ત્રીઓ પુત્રીઓ, પુત્રવધૂઓ દાસીઓ દાસીઓ કે નોકરડીઓ [illegible] શ્રમણ સાથે સંભોગ કરવાથી બળવાન દીપ્તિમાન રૂપવાન, યશસ્વી [illegible] અને દેખાવડો પુત્ર થાય છે એમ માનતી હોવાથી તેને લોભાવવા કે [illegible] પ્રયત્ન કરે [૭૧]

---

૧ એ લોકો એમ કરે, કે ન કરે એ પ્રમાણે

૨ મૂળમાં તેમની વિગતો આ પ્રમાણે છે કુંડલ, કંદોરો, મણિ, મોતી, સોનું, રૂપું, કડાં બાજુબંધ [illegible], સાંકળા હાર, અર્ધહાર એકાવળી, મુક્તાવળી રત્નાવળી વગેરે

વળી, ગૃહસ્થો સ્નાનાદિની અનેક પ્રેમાની દાન છે અને ભિક્ષુ તો સ્નાન ન કરનારો તથા (પ્રસંગવશાત્) મનથી શૌચાદિ ક્રિયાઓ કરનારો દુર્ગંધી કોઈ અળખામણો થઈ પડે અથવા ગૃહસ્થને પોતાના કાર્યો ભિક્ષુને કારણે વિલંબપૂર્વક કરવાં નાખવા પડે કે જતા કરવા પડે [૭૨]

વળી ગૃહસ્થે પોતાને માટે ભોજન તૈયાર કરી દીધું હોય, એટલે પછી ભિક્ષુ માટે તે નવું વિવિધ જાતનું ખાનપાન તૈયાર કરવા માંડે અને તે જોઈ ભિક્ષુને તેની આકાંક્ષા પણ થાય [૭૭]

વળી ગૃહસ્થે પોતાના ખપપૂરતાં લાકડાં ફાડી રાખ્યાં હોય અને પછી ભિક્ષુ માટે વધુ લાકડાં ફાડવા માંડે કે ખરીદીને કે ઊછીનાં લઈ આવીને અગ્નિ સળગાવે તથા તે જોઈ ભિક્ષુને તાપવાની આકાંક્ષા પણ થાય [૭૮]

વળી, ગૃહસ્થને ઘેર રહેનાર ભિક્ષુ રાતે કે મોડીવહેલા મળમૂત્ર કરવા ગૃહસ્થના ઘરનું બારણું ઉઘાડવા જાય અને તે વખતે તક જોઈને બેઠેલો ચોર અંદર પેસી જાય તે વખતે સાધુથી એમ તો બોલાય નહિ કે, 'આ ચોર પેઠો આ ચોર સંતાયો આ ચોર આવ્યો આ ચોર ગયો આણે ચોર્યું બીજાએ ચોર્યું, આનું ચોર્યું બીજાનું ચોર્યું આ ચોર છે, આ તેનો સાગરીત છે આણે માર્યું કે આણે આમ કર્યું' એટલે ગૃહસ્થ તે તપસી ભિક્ષુ ઉપર જ ચોરીની શંકા લાવે માટે, પહેલીથી જ તેવા મકાનમાં ન રહેવું એવો ભિક્ષુને ઉપદેશ છે [૭૯]

... નજીક ... મનિએ ... અને ... [૭૬]

... એવા ... અનેક ... [૭૭]

... મુકેલી હોય ... ની ... ન હો ... નહીં ... રહેવું ... અગ્નિ અને પાણીના ... વચ્ચે થઈને ... કપડાં ... ઉપર ... તેલ વગેરેથી ... ઉપર ... વગેરેનું વિલેપન ... સ્નાન કરતા ... હોય કે નગ્ન ... કે નગારખાનામાં ગુપ્ત રીતે ... ની ... હોય કે બીજી ... વાતો કરતાં હોય અથવા ... કામોદ્દીપક ચિત્રો ... એવા મકાનમાં મુનિએ ન રહેવું [૯૧૮]

રહેઠાણ કેવી રીતે માગવું ?

મુનિએ મુસાફરખાના વગેરેમાં જઈને પૂરેપૂરી તપાસ કર્યા બાદ રહેઠાણ માગવું. તેનો જે ગૃહસ્વામી કે અધિષ્ઠાતા હોય તેની આ પ્રમાણે રજા લેવી: "હે આયુષ્મન્! તારી મરજી હોય તો તારી રજા અને પરવાનગી પ્રમાણે અમે

અહીં થોડો યા વધુ વખત રહીશું અથવા (વધુ વખત રહેવાનું હશે તો પણ) ત્યાં સુધી હું અહીં રહેવાનો છું કે આ મકાન તારે કબજે છે ત્યાં સુધી જ રહીશું અને ત્યાર બાદ ચાલ્યા જઈશું તથા (કેટલા જણ રહેશો એમ પૂછે તો મુકરર સંખ્યા ન કહેતાં) જેટલા આવશે તેટલા રહીશું (એમ કહેવું — ટીકા૦) [૮૯]

ભિક્ષુ જેના મકાનમાં રહે તેનું નામ પહેલેથી જ જાણી લેવું જોઈએ, તે નિમંત્રણ આપે કે ન આપે તો પણ તેનું ભિક્ષાન્ન ટાળી શકાય [૯૦]

કેટલાક દોષો

કોઈ ભિક્ષુ મુસાફરખાના વગેરેમાં (અન્ય ઋતુમાં એક માસ અને વર્ષાઋતુમાં ચાર માસ એમ) એક વખત રહ્યા પછી ફરી ત્યાં વારંવાર રહેવા આવે તો તે કાલાતિક્રમદોષ કહેવાય [૭૯]

કેટલાક શ્રદ્ધાળુ ગૃહસ્થો પોતાને માટે તબેલા, વખારો, પરબો, કારખાનાં કે તેવાં બીજાં મકાનો[1] બનાવતી વખતે શ્રમણ-બ્રાહ્મણ વગેરેને રહેવા કામ આવે તે માટે જાણી જોઈને તેમને મોટાં બનાવરાવે છે તેવાં મકાનોમાં શ્રમણ-બ્રાહ્મણો આવતા જતા થયા હોય ત્યાર પછી સાધુ

---

૧ મૂળમાં આ પ્રમાણે વિગતો છે લુહારનાં કારખાનાં, મંદિરની બાજુના ઓરડા, દેવાલયો, સભાઓ, પરબો, દુકાનો, વખારો, તબેલાઓ, ચૂનાનાં, દર્ભનાં, વલ્કલનાં, જંગલનાં, અગ્નિનાં, અને કાષ્ઠનાં કારખાનાં, સ્મશાનગૃહો, શાંતિગૃહો, શૂન્યગૃહો, ગિરિગૃહો, કંદરાઓ તથા પાષાણમંડપો

જઈને ઊતરે, તો તે અભિક્રાન્તક્રિયા દોષ કહેવાય; અને માસવર્ષાના જ જઈને ઊતરે, તો અનભિક્રાન્તક્રિયા દોષ કહેવાય. [૮૧]

કેટલાક શ્રદ્ધાળુ ગૃહસ્થોએ એમ સાંભળ્યું હોય છે કે શ્રમણ ભગવાનો પોતાને ઉદ્દેશીને બંધાવેલાં મકાનોમાં નથી રહેતા; તથી તેઓ એવો વિચાર કરે છે કે આપણે પોતાને માટે મકાન વગેરે બંધાવીશું અને પછી તે શ્રમણોને આપી દઈ આપણે માટે બીજાં બનાવીશું. આવું જાણવા છતાં જો કોઈ સાધુ તેવા મકાનમાં ઊતરે તો તે વર્જ્યક્રિયા દોષ કહેવાય. [૮૨]

તે જ પ્રમાણે કેટલાક શ્રદ્ધાળુ ગૃહસ્થોએ અમુક ગણીને શ્રમણ બ્રાહ્મણ અતિથિ કૃપણ વગેરે માટે મકાનો તૈયાર કરાવ્યાં હોય છે. તેવા મકાનોમાં રહેવા જવું તે મહાવર્જ્યક્રિયા દોષ કહેવાય. [૮૩]

તે જ પ્રમાણે શ્રમણ વગેરે જ અનેક ભિક્ષુઓ માટે તૈયાર કરાવેલાં મકાનોમાં ઊતરવું તે સાવદ્યક્રિયા દોષ કહેવાય.[1] [૮૪]

કોઈ ગૃહસ્થ સમાનધર્મી અમુક એક શ્રમણને ઉદ્દેશીને છયે પ્રકારના જીવોની મોટી હિંસા કરીને, ઢાંકણ લીંપણ વગેરેથી મકાન વગેરે તૈયાર કર્યું હોય, તેમાં રહે પાપી

---

૧. આ સૂત્રના પાઠમાં ઘણો ફેરફાર છે. અહીં — 'बहवे समणजाए समुद्दिस्स' એ પાઠ સ્વીકાર્યો છે. ટીકાકાર શ્રમણોના પાંચ વર્ગો જણાવે છે: નિગ્રંથ (જૈન), શાક્ય (બૌદ્ધ), તાપસ, ગૈરિક અને આજીવિક.

ભરી રાખ્યુ હોય, અને અગ્નિ મગાવી રાખ્યો હોય તેવા પોતાને માટે તૈયાર કરેલા મકાનમા ઊતરવુ એ મહાસાવદ્ય-ક્રિયા દોષ કહેવાય અને તેમ કરનારો નથી ગૃહસ્થ કે નથી સાધુ [૮૫]

પરંતુ, જે મકાન ગૃહસ્થે પોતાને ઉદ્દેશીને લીંપણગૂપણ વગેરેથી તૈયાર કર્યું હોય, તેમા જઈને રહેવુ એ અલ્પ-સાવદ્યક્રિયા દોષ કહેવાય[1] [૮૬]

કેટલાક સરળ મોક્ષપરાયણ તથા નિષ્કપટ ભિક્ષુઓ કહે છે કે, ભિક્ષુને નિર્દોષ અને નિર્વર્તિ રહેઠાણ મળવુ સુલભ નથી કારણ કે કાઈ નહિ તો તે છાદન, લીંપન, બારીબારણા[2] તેમજ ભિક્ષાદાનની[3] બાબતમા શુદ્ધ નથી જ હોતું વળી, ભિક્ષુ વખત ચક્રમણ કરે છે વખતે સ્થિર બેસે છે વખતે સ્વાધ્યાય કરે છે વખતે સૂવે છે અને વખતે ભિક્ષા માગે છે એટલે તે બધી બાબતોમા અનુકૂળ એવુ રહેઠાણ તેને મળવુ મુશ્કેલ જ છે આવુ સાભળી કેટલાક ગૃહસ્થો ભિક્ષુને અનુકૂળ આવે તેવી જગાઓ તૈયાર કરી રાખે છે અને તેમા થોડુક જાતે રહી, કિંવા વહેચી પોતાની સમજ પ્રમાણે ભિક્ષુને સ્વીકારવા યોગ્ય કરી, રાખી

---

૧ ટીકાકાર જણાવે છે કે અહીં સુધી વર્ણવેલા નવ પ્રકારના રહેઠાણમાથી અભિક્રાતક્રિયા અને અલ્પસાવદ્યક્રિયા એ બે દોષવાળુ રહેઠાણ સ્વીકારવા યોગ્ય છે, અને બાકીના ત્યાગવા યોગ્ય છે

૨ નાના મોટા કરવા કે વાસવા ઉઘાડવા

૩ ઉતારો આપનાર જ ભિક્ષુને ભિક્ષા આપવાનો પણ આગ્રહ કરે અને ભિક્ષુ તે સ્વીકારી શકે નહિ એટલે તેનુ મન દુભાય

મૂકે છે તો હવે પ્રશ્ન થાય છે કે મુનિઓએ પોતાને નીકાગ્રા થામ્યા કે ન સ્વીકાર્યા ચાલ્યા [illegible] વખતે [illegible] આ [illegible] કરી બતાવવું ન થા [illegible] છે? [illegible] છે? [૯૮]

પાથરણું* કેવું માગવું ?

ભિક્ષુને પાથરણું માગવાની જરૂર પડે ત્યારે તેણે જે પાથરણું [illegible] ઈંડાં કે જીવજંતુ વગેરે વાળું જણાય તે ન સ્વીકારવું પણ ઈંડાં કે જીવજંતુ વિનાનું સ્વીકારવું તે પણ દાતા તેનો [illegible] ન સ્વીકારવું પરંતુ દાતા તેને [illegible] મજબૂત થતા [illegible] તેજ સ્વીકારવું વળી તે [illegible] શિથિલ કે [illegible] તેને ન સ્વીકારવું તથા મજબૂત હોય તો જ સ્વીકારવું [૯૮]

અત્યાર સુધી વર્ણવેલા દોષો ત્યાગ્યા પછી ભિક્ષુએ પાથરણું માગવાના ચાર નિયમો[3] જાણવા જોઈએ અને તેમાંથી કોઈ એકનો અનુભવ લેવો જોઈએ

૧ ભિક્ષુએ ઘાસ [illegible] દાભ કે પરાળ આદિના પાથરણામાંથી કોઈ પણ એકનું નામ લઈને જ ગૃહસ્થ પાસેથી પાથરણું માગવું જેમકે ઘાસનું દાભનું ધાસનું

---

૧ અગવડ, તેમ કરવામાં કાંઈ બીજો ઇરાદો મનમાં ન હોવો જોઈએ

૨. મૂળમાં સંસ્તારક શબ્દ છે પણ તેમાં પાટ, પાટિયું બધું આવી જાય

૩ મૂળમાં 'પ્રતિમાઓ' શબ્દ છે

પરાળનું, વાસની ચીપોનું કે પીપળા વગેરેના પાટિયાનું[1] એમાનું કોઈ નક્કી કરેલું પાથરણ પોતે માગે કે બીજો આપે તો લે, એ પહેલો નિયમ

૨ ઉપર જણાવેલામાંનું નક્કી કરેલું કોઈ પાથરણ ગૃહસ્થને ઘેર દેખીને માગે અથવા તે આપે તો લે, એ બીજો નિયમ

૩ જેને ઘેર ઉતારો કર્યો હોય, તેની પાસે ઉપર જણાવેલામાથી કોઈ પાથરણ માગે, અથવા તે આપે તો લે નહીં તો ઉભડક કે પલાઠી વગેરે વાળીને બેસી રહી આખી રાત વિતાવે એ ત્રીજો નિયમ

૪ જેને ત્યા ઉતારો કર્યો હોય તેને ત્યા સૂવા લાયક પથ્થર કે લાકડાની છાટ[2] તૈયાર પડેલી જ મળી આવે તો તેના ઉપર સૂવે નહિ તો ઉભડક કે પલાઠી વગેરે વાળીને બેસી રહી, આખી રાત વિતાવે એ ચોથો નિયમ [૧૦૦૨]

આ ચારમાથી કોઈ પણ એક નિયમ લેનારે એમ કદી ન માનવું કે, મે જ ખરો નિયમ લીધો છે, અને બીજાઓએ ખોટો નિયમ લીધો છે પરંતુ એમ માનવું કે, બીજાઓ જે નિયમ અનુસરે છે અને હું પણ જે નિયમને

---

૧ મૂળમા નીચે પ્રમાણે નામો છે ઈક્કડ (ઘાસ)નું, વાસની ચીપોનું (કઢિણ) જંતુક (ઘાસ)નું, પરગ (ઘાસ)નું, મોરપીછનું તૃણનું દાભનું કૂર્ચકનું, પીપળા (વગેરેના લાકડા)નું કે પરાળનું

૨ મૂળમા પૃથ્વીશિલા તથા કાષ્ઠશિલા શબ્દ છે તે જે દાભાદિકને વિષે પાટિયા જડ્યાં હુઈ, તેહવા સથારા પાથર્યાં જ લહિસ્યુ તો સથારો કરિસ્યુ ' — ટબાકાર

ચામડું ૧૮ ૯ જિનની આજ્ઞા પ્રમાણે ૭૮ છે, અને દરેક સાધ્વીઓ ૮ ૨ તેવો આચાર પાળ્યો છે [૧૦૩]

કેવી રીતે પથારી કરવી તથા સૂવું

મુકામ જોયા બાદ ભિક્ષુએ તે જગાને જોઈ તપાસી તથા પૂંજી નહીં તેના ઉપર સાવધાનતાપૂર્વક આસન પથારી કરવાં [૧૦૪]

પથારી નાખવાની વખતે આચાર્ય, ઉપાધ્યાય વગેરે તથા બાળ, બીમાર કે મહેમાન વગેરે માટે રખાયેલી જગા છોડીને બાકીની જગામાં — છેડે કે વચમાં સરખી જગામાં કે વિષમ જગામાં પવનવાળી જગામાં કે પવન વિનાની જગામાં સંતોષથી પથારી કરવી [૧૦૭]

સાધુએ સૂતા પહેલાં મળમૂત્રની જગા જોઈ લેવી નહિ તો રાતમાં મોડેથી મળમૂત્ર કરવા જતાં તે પડે આખડે અને હાથ પગ ભાંગે કે જીવોની હિંસા કરે [૧૦૬]

સૂતા પહેલાં ભિક્ષુએ માથાથી પગ સુધીના શરીરને લૂછી નાખી સાવધાનતાપૂર્વક પથારીમાં સૂવું [૧૦૮]

ઘણા જણા એક જગાએ સૂતા હોય તો બીજા કોઈને હાથ પગ કે શરીર અડે નહીં તે રીતે સૂવું તથા સૂતાં (જોરથી) શ્વાસોશ્વાસ લેતી વખતે, છીંકતી વખતે બગાસું ખાતી વખતે ઓડકાર ખાતી વખતે કે વાછૂટ કરતી વખતે મોં કે ગુદા હાથથી ઢાંકીને સાવધાનતાપૂર્વક તે તે ક્રિયા કરવી [૧૦૯]

મકાનમાં બીજા ઘણા સૂતા હોય અને ઘર નાનું, નીચું કે નીચા બારણાવાળું તથા બીડેલું હોય તો તેવા

મકાનમા નત ઃ સ્થાન કે મોડાવહના નીકળતી કે પેસતી વખતે, હાથ આગળ કરીને પછી પગ મૂકીને સાવધાનતાપૂર્વક પેસવુ કે નીકળવુ કારણ રસ્તામા શ્રમણાદિના પાત્ર, પાત્ર દંડ, લાકડી, સમડળ વસ્ત્ર પડદા ચામડા, પગરખા કે ચામડા કાપવાના હથિયારો આમ તેમ રખડતા પડ્યા હોય તેથી, એકાએકથી ચાલવા જતા સાધુ ત્યા પડી આખડી હાથ પગ ભાગે કે ઉવજતુની હિંસા કરે [૮૮]

પાથરણુ કેવી રીતે પાછુ આપવુ ?

માગેલુ પાથરણ ગૃહસ્થને પાછુ આપવુ હોય તો ઈંડાં કે ઉવજતુવાળુ પાછુ ન આપવુ પણ ઈંડા કે ઉવજતુ વિનાનુ જોઈ તપાસી તથા સાફ કરીને આપવુ [૧૦૫]

સમતા

ભિક્ષુને રહેવા માટે કોઈ વાર સરખી જગા મળે, તો કોઈ વાર ખરબચડી મળે કોઈ વખત પવનવાળી મળે, તો કોઈ વાર પવન વિનાની મળે કોઈ વખત કચરાળી મળે, તો કોઈ વખત સાફ મળે કોઈ વખત ડાંસમચ્છરના ઉપદ્રવ વાળી મળે તો કોઈ વખત તેવા ઉપદ્રવ વિનાની મળે કોઈ વખત પડેલ ખડેલ મળે, તો કોઈ વખત આબાદ મળે કોઈ વખત ભયપૂર્ણ મળે, તો કોઈ વખત નિર્ભય મળે તોપણ મુનિએ તે દરેક જગાને સમતાપૂર્વક સ્વીકારવી પરંતુ, ખિન્ન કે હર્ષિત ન થવુ મુનિના આચારની એ જ સંપૂર્ણતા છે કે, તે બધી બાબતોમા રાગદ્વેષ રહિત તથા પોતાના કલ્યાણમા તત્પર રહીને, સાવધાનતાપૂર્વક વર્તે [૧૧૦]

૩

મુસાફરી[1]

ચાતુર્માસ

ભિક્ષુ અથવા ભિક્ષુણી એમ જાણે કે હવે વર્ષાઋતુ આવી ચૂકી છે તથા સારી પેઠે વરસાદ વરસવાથી ઘણા જીવજંતુ ઉત્પન્ન થયા છે ઘણા અંકુર ફૂટી નીકળ્યા છે તથા રસ્તાઓ ઘણા જીવજંતુ વનસ્પતિ વગેરેથી ભરપૂર થઈ ગયા છે અને જવર અવર બંધ પડવાથી ધામમા દેખાય તેમ પણ રહ્યા નથી તો તેણે ગામેગામ ફરવાનું બંધ કરવું અને સંયમપૂર્વક કોઈ ઠેકાણે ચાતુર્માસ[2] કરીને રહેવું [૧૧૧]

---

૧ મૂળ ઇર્યા। સાધુ એક જગાએ સ્થિર ન રહી શકે; તે એક ગામથી બીજે ગામ ફરતો રહે અન્ય ઋતુમા કારણસર વધારેમા વધારે એક માસ અને વર્ષાઋતુમા તે ચાર [illegible] સ્થિર રહી શકે

૨ મૂળમા " "

જે ગામ કે શહેરમાં મોટી સ્વાધ્યાયભૂમિ[1] ન હોય ખરચુ પાણી જવાની મોકળ પડતી જગા ન હોય સૂવા[2] માટેનું પાટિયું પીઠ ટેકવવાનું પાટિયું, પાથરણું રહેઠાણ અને નિર્દોષ ભિક્ષાન્ન સુલભ ન હોય તથા જ્યાં ઘણા શ્રમણ બ્રાહ્મણ, ભિખારી વગેરે આવ્યા હોવાથી અથવા આવવાના હોવાથી મોટી ભીડ થવાને કારણે જવર અવર, સ્વાધ્યાય ધ્યાન વગેરેમાં અડચણ પડે તેમ હોય તેવા ગામ કે શહેરમાં ભિક્ષુએ ચાતુર્માસ ન રહેવું પરંતુ જ્યાં તેવું ન હોય ત્યાં મર્યાદાપૂર્વક ચાતુર્માસ કરીને રહેવું [૧૧૨]

વર્ષાઋતુના ચાર માસ પૂરા થઈ જાય અને હેમંત ઋતુના પણ પાંચ-દશ દિવસ વીતી જાય છતાં જો રસ્તાઓ હજુ બહુ જીવજંતુ તથા ઘાસ વગેરેવાળા હોય અને શ્રમણ-બ્રાહ્મણ વગેરે લોકોની આવજા શરૂ ન થઈ હોય તો ભિક્ષુએ ગામેગામ ફરવાનું શરૂ ન કરવું પરંતુ રસ્તાઓ ઉપર જીવ-જંતુ, ઘાસ વગેરે ઓછા થઈ જાય અને શ્રમણાદિની આવજા શરૂ થઈ જાય ત્યાર બાદ સાવધાનીથી એક ગામથી બીજે ગામ ફરવાનું શરૂ કરવું [૧૧૩]

ગામેગામ કેવી રીતે ફરવું?

ભિક્ષુએ ચાલતી વખતે પોતાની આગળ ચાર હાથ જેટલી જમીન ઉપર નજર રાખીને ચાલવું રસ્તામાં જીવજંતુ ફરતું દેખી પગને આગળથી કે પાછળથી કે આડો અવળો ઊંચો કરીને ચાલવું જીવજંતુ વગેરે વિનાનો રસ્તો મળતો

૧ શાસ્ત્રાદિકનું વાચન-મનન કરવા માટે એકાંત જગા
૨ મૂળમાં 'વિયારભૂમી'-વિચારભૂમિ શબ્દ છે

હોય તો લાંબો હોય તોપણ તે જતે જવું પરંતુ, છેવટનું કોરવાળા ટૂંકે રસ્તે ન જવું [૧૬૪]

ભિક્ષુએ બીજે ગામ જતી વખતે માર્ગમાં ગૃહસ્થો કે બીજાઓ સાથે બકબકાટ કરતા ન ચાલવું રસ્તામાં સામા વટેમાર્ગુ મળે અને પૂછે કે આ ગામ કે શહેર કેવડું છે ત્યાં કેટલા ઘોડા હાથી ભિખારી કે મનુષ્યો રહે છે ત્યાં ભાતપાણી માણસ ધાન્ય વગેરે થોડાં છે કે ઘણાં છે'- તો તેનો ભિક્ષુએ કાંઈ જવાબ ન આપવો તેમજ જાતે પણ તેમને તેવું કાંઈ પૂછવું નહિ [૧૨૩ ૧૨૬]

બીજે ગામ જતાં સાથે આચાર્ય ઉપાધ્યાય કે પોતાનાથી અધિક ગુણવાળા સાધુ હોય તો તેમના હાથપગ સાથે પોતાના હાથપગ અથડાય નહીં તેવી રીતે સંભાળ-પૂર્વક ચાલવું અને સામા વટેમાર્ગુઓ મળે અને પૂછે કે 'તમે કોણ છો ક્યાંથી આવો છો કે ક્યાં જાઓ છો?'— તો તેનો જવાબ પોતે ન આપતાં આચાર્યાદિકને આપવા દેવો અને તેઓ જવાબ આપતા હોય ત્યારે વચ્ચે ન બોલવું [૧૨૮]

માર્ગમાં કોઈ વટેમાર્ગુ સામો મળે અને પૂછે કે 'સામા તમે અમુક મનુષ્ય પ્રાણી કે પંખી જોયું છે કે અમુક કંદ મૂળ કે વનસ્પતિ કે અગ્નિ પાણી કે ધાન્ય જોયું છે જો જોયું હોય તો કહો અને બતાવો'— તો તેને કાંઈ ન કહેવું કે બતાવવું તેના પ્રશ્નની ચૂપ રહી ઉપેક્ષા જ કરવી અને જાણવા છતાં 'હું જાણું છું' એમ પણ કહેવા ન જવું એ જ પ્રમાણે કોઈ પડાવ નાખીને પડેલા લશ્કરની

બાબતમા પૂછે, કે હવે કયુ ગામ આવશે એમ પૂછે કે અમુક ગામ જવાનો રસ્તો કેટલો લાંબો છે એવુ પૂછે તો તે બધા પ્રશ્નોની બાબતમા પણ એ પ્રમાણે જ સમજવુ [૧૨૯]

માર્ગમા, કાદવથી ખરડાયેલા પગ સાફ થાય તે કારણે, પગ વડથી આપાપાછા થઈ થાય કે લીલોતરી તોડવા લાવવાના કે કચરવા ન ચાલવુ પરતુ પહેલેથી તપાસી ખેલ તથા થોડી લીલોતરીવાળા ભાગમા જ સભાળપૂર્વક ચાલવુ [૧૨૫]

માગમા કિલ્લા, ખાઈ, ગઢ, દરવાજા વગેરે ઊતરવાના આવતા હોય તો બીજો રસ્તો હોય ત્યા સુધી તેવે ટૂકે રસ્તે પણ ન જવુ બીજો રસ્તો ન હોવાથી ત્યા થઈને જ જવુ પડે તો ઝાડ, ગુચ્છા ગુમ લતા વેલા, તૃણ, ઝાડવા કે તેવી કોઈ પણ વનસ્પતિ પકડીને ઊતરવુ અથવા કોઈ વટેમાર્ગુ જતો હોય તો તેના હાથની મદદ માગવી અને એ રીતે સભાળપૂર્વક ઊતરીને આગળ ચાલવુ [૧૨૫]

માર્ગમા ધાન્ય ગાડા રથ તથા દેશના કે પરદેશના સૈન્યનો પડાવ દેખીને બીજો રસ્તો હોય તો તેવા ટૂકે રસ્તે પણ ન જવુ બીજો રસ્તો ન હોવાથી ત્યા થઈને જ જવુ પડે અને સૈન્યનો કોઈ માણસ આવીને કહે કે, 'આ તો જાસૂસ છે, માટે તેને પકડીને ખેચી લાવો ' તો તેવે વખતે વ્યાકુળ થયા વિના તથા મનને બહાર જવા દીધા વિના પોતાની જાતને એકાગ્ર કરી, સમાધિન રહેવી [૧૨૫]

જે માર્ગમા મ હદ Cપ ના વિવિધ પ્રકારના ચોગેના મ્લેચ્છોના[1] તથા અનાર્યો[2] વોરના સ્થાનો આવતા હોય, કે જ્યાના લોકોને ધમભાન ક રાવવુ મુશ્કન અને અશક્ય છે તથા જે લોકો અમાજે ખાવાપીવા તથા સૂવા વગેરેનો વ્યવહ કે છે — તે માર્ગે બીજ સારા સ્થળો અને પ્રદેશ ના છતા વિચરવા ન જવુ તે જ પ્રમાણે જે માર્ગે રાજ વિનાના કે ગણસત્તાક કે નાની વયના નવાગા ક બે રાજાવાળા કે કોઈ પણ જાતના રાજ્ય વિનાના કે અરસપરસ વિરોધવાળા સ્થળ આવતા હોય તે માર્ગે પણ ન જવુ કારણ કે ત્યાના મૂર્ખ લોકો તેને ચોર જાસુસ કે સામા વસતો માણસ ધારી મારે ધમકાવે કે તેના વસ્ત્રાદિ લૂટવી ને કે તોડીફાડી નાખે [૧૧૫ ૬]

જે માર્ગે જતા નામો વગડાઉ રસ્તો પાર કરવાનો હોય — જ એક દિવસે બે દિવસે કે ત્રણ ચાર કે પાચ દિવસે પણ પાર ન થાય કે ન થાય — તેવે માર્ગે બીજા સારા પ્રદેશો હોવા છતા ન જવુ કારણ કે અધવચ્ચ વરસાદ આવી પડે તો રસ્તો જીવજતુ લનિયાળો કે પાણીવાળો થઈ જાય અને જમીન પણ ભીની સજ્જવ થઈ જાય [૧૧૭]

માર્ગે ચાલતા કિલ્લા ખાઈ કોટ ગુફા પર્વત ઉપ ના ઘરો (કૂટાગાર) ભોયરાઓ વૃક્ષગૃહો પર્વતગૃહો ચૈત્યવૃક્ષ સ્તૂપ મુસાફરખાના કે ઉદ્યાનગૃહો વગેરે આવાસો અને

---

૧ અમર, શબર, પુલિંદ આદિ મ્લેચ્છો–ટીકા૦

૨ આર્યઅનાર્યની જૈન કલ્પના માટે જુઓ ભગવાન મહાવીરની ધર્મકથાઓ પા ૨૦૫

ભવને હાથ ઊંચો કરીને કે આગળી કરીને કે ઊંચાનીચા થઈને જેવા નહિ પણ સાવધાનીથી સીધે માર્ગે ચાલ્યા જવુ તે જ પ્રમાણે જળાશયો[1] વગેરેની બાબતમા પણ સમજવુ કારણ કે તેમ કરવાથી ત્યા જે પશુપખી વગેરે સ્થળચર, ખેચર કે જળચર પ્રાણીઓ હોય તે ' આ શ્રમણ અમને વાર છે એમ માની, ત્રાસ પામી, નાહક વાડ વગેરે સતાવાની જગા તરફ દોડે [૧૨૧]

માર્ગમા વકરેનો આખનો સિંહ વાઘ કે દીપડો વગેરે દેખીને તમનાથી બી જઈ માર્ગ છોડી ઉમાર્ગે ન જવુ કે વન ગહન તથા બીજી દુર્ગમ જગામા ન પેસી જવુ કે ઝાડ ઉપર ન ચડી જવુ કે ઊંડા પાણીમા કૂદી ન પડવુ કે વાડ હથિયાર કે તેવુ બીજુ કોઈ શરણ ન ઇચ્છવુ પરંતુ જરા પણ ગભરાયા વિના સ્વસ્થ રીતે સયમપૂર્વક ચાલ્યા જવુ તે જ પ્રમાણે માર્ગમા લૂટારુઓનુ ટોળુ મળે ત્યારે પણ સમજવુ તે લૂટારુઓ, પાસે આવી કપડા વગેરે માગે કે કાઢી આપવાનુ કહે, તો તેમ ન કરવુ તેઓ જાતે ઝૂટવી લેવા પડશે' એમ માની, જાતે ઉતારી તે તો પડી તેમને નમસ્કાર, અજલિ કે કાનાવાના કરી તે બધુ પાછુ ન માગવુ પરંતુ ધર્મકથનપૂર્વક માગવુ અથવા ચૂપચુપ ઉપેક્ષા કરવી વળી, ચોરોએ તેને જે

[1] મૂળમા બાડા, ચરા નદી મધ્યેના બેટ, રણ, અરણ્ય પવન કૂવા તળાવ, ધરા નદી, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા (રમવા વસવા કરી), ગુંજાલિકા (લાંબુ, ગભીર કુટિલ જલાશય), સરોવરો અને સરોવરોની પંક્તિઓ છે

કાઈ માગ઼ૂક કરી હોય, તે ગામમા કે રાજ રબારમા ન ફેલાવવી તથા કોઈને જઈ ને એમ ન કહેવુ કે હે આયુષ્મન્! આ ચોરોએ મને આમ કયુ, કે તેમ કર્યું તથા મનમા એવો મ ક પ પણ ન કરવો પરંતુ વ્યાકુળ થયા વિના સ્વસ્થ ચિત્તે સાવધાનીથી ચા યા જવુ [૧-૧]

પાણીમા કેવી રીતે ઊતરવુ ?

એક ગામથી બાજે ગામ જતા માર્ગમા ડ બરાબર પાણી આવતુ હોય તો પહેલા પગથી માથા સુધીનુ શરીર જીવજતુ તપાસી સાફ ક રુ પછી એક પગ પાણીમા અને બાજો પગ જમીન ઉપર — એ પ્રમાણે સભાળપૂર્વક પોતાના હાથપગ બાજાના હાથપગ સાથે અથડાય નહીં તેમ રૂડી રીતે પસાર થવુ

પાણીમાથી પસાર થતી વખતે શરીરને ઠડક માટે કે દાહ મટાડવા ઊંડા પાણીમા જઈ ઝબકોળવુ નહિ પણ

બંધ ન કરી હોય, યા સ્થળ ઉપરથી જળમાં આણી હોય અથવા જળમાંથી સ્થળ ઉપર આણી હોય, ભરેલી ખાલી કરાવી હોય, કે કાદવમાં ખૂંચેલી ઉપર આણી હોય — તેવી નાવમાં તેણે કદી ન બેસવું. પણ જે નાવ ગૃહસ્થોએ પોતે સામે પાર જવા તૈયાર કરી હોય તે નાવને તેવી જાણી, ભિક્ષુએ તે ગૃહસ્થોની પરવાનગી લીધા બાદ એકાંતમાં ચાલ્યા જવું અને પોતાનાં વસ્ત્રપાત્રાદિ તપાસી લઈ તથા તેમને એક બાજુ મૂકી માથાથી પગ સુધીના શરીરને લૂછી સાફ કરવું પછી, (સામે પાર પહોંચાય ત્યાં સુધી) માનપાનનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા[1] લઈ, અને એક પગ પાણીમાં તથા બીજો પગ જમીન ઉપર, એમ સમાધાનપૂર્વક વહાણ ઉપર ચડવું.
[૧૧૮]

નાવ ઉપર ચડીને તેણે નાવના આગલા ભાગ ઉપર જઈને ન બેસવું, છેડે પણ ન બેસવું કે મધ્ય ભાગે ન બેસવું તથા વહાણના પડખાં પકડી આંગળી કરી કે ઊંચો નીચો થઈ, અંદર કશું જોવું નહીં. નાવવાળો જો તેને આવીને કહે કે 'હે આયુષ્મન્! તું આ વહાણને સામે ખેંચ કે ધકેલ, કે આ વસ્તુ તેમાં નાખ કે તેને દોરડું પકડી ખેંચ,' તો તેણે તેના તરફ ધ્યાન ન આપવું પણ ચૂપ રહેવું. પેલો એમ કહે, 'તારાથી એમ ન થઈ શકે તો અમને નાવમાથી દોરડું કાઢી આપ જેથી અમે ખેંચીએ,' તો પણ તેણે કાંઈ

---

૧ મુદ્દો એવો હોય છે કે સામે પાર જીવતો પહોંચે, તો એ પ્રતિજ્ઞા પૂરી થાય પણ અધવચ મરી જાય, તો મરતા પહેલાં અનશન સ્વીકાર્યાનું ફળ મળે. મૂળમાં તેને માટે સાગારિક ભક્ત-પ્રત્યાખ્યાન શબ્દ છે.

ન નુ તેનો એમ કે તુ નાવને હનેસુ ચાગ્ગે ગમ ક રવા નઈને ચનાવ તો પણ તેણે કાંઈ ન કરવુ પેના એમ કહે કે તુ ાાવમા ભાના પાણીને હાથ પગ, વામ ાનથી ઉનય તા પા તેણે કાઈ ન કરવુ પેનો એમ કહે કે નાવના આ છિ ે તુ નાગ હાથ પગ વગેરે નગ્વોની (નાવમા હેના તેવા ગાઈ મ યન વડે કે) વસ્ત્ર માટી ઉમળપન ક કુરુવિ ઘાસ વડ ટાળી રાખ તો પણ તેણે કાઈ ન કરવુ મુનિએ, છિ મા થઈને પાણી ભરાતુ જાઈને તથા ઉપ ઉપરી નાવને ડૂબતુ જોઈને નાવિકને જઈને એમ ન કહેવુ કે આ પાણી ભરાય છે તેમજ પોતાના મનમા પણ તે વાત ઘૂટવા ન દેવી પરતુ વ્યાકુળ થયા વિના તથા ચિત્તને બહાર જવા દીવા વિના, પોતાની જાતને એકાગ્ર કરી સમાહિત કરવી પેનો નાવિક આવીને તને બીજુ કાઈ કામ બતાવે જેમ કે આ છત્ર પકડ કે અમુક શસ્ત્ર પકડ કે આ છોકરા છોકરીને દૂધ કે પાણી પીવરાવ — તો તેની વાત તેણે કબૂલ ન કરવી આથી ચિડાઈને કોઈ એમ કહે કે, આ સાધુ તો નાવ ઉપર નકામો બોજો જ છે માટે એને પકડી પાણીમા ફેકી દો તો એ સાભળી તે મુનિએ તરત ભારે વસ્ત્રો અલગ કરી હલકા વસ્ત્ર શરીરે કે માથે વીટી લેવા અને પેલા કૂરકર્મી લોકા તેને હાથ વડે પકડી પાણીમા નાખવા આવે તો તેણે તેમને કહેવુ કે આયુષ્માન ગૃહસ્થ! મને હાથ પકડી ફેકવાની કાઈ જરૂર

१ મૂળમા અવલક નામના તેવા નાવ હકારવાના સાધનનું નામ વાપર્યુ છે

નથી ; પોતે જ પાણીમાં ઊતરી પડીશ એમ કહેવા છતાં પેલા તેને પકડીને ફેંકી દે તો પણ તેણે મન ન બગાડવું, કે તેમની સામા ન થવું પણ વ્યાકુળ થયા વિના સાવધાનીથી તે પાણી તરી જવું [૧૨૧]

ભિક્ષુ પાણીમાં તરતી વખતે હાથ પગ વગેરે ન ઉગાળે[1], તેમજ ડૂબકીઓ ન માર કરતા કે તેમ કરવાથી પાણી કાનમાં પેસી નાહક વિનાશ પામે મુનિ પાણીમાં તરતા થાકી જાય તો તે પોતાના બધા કે થોડા વસ્ત્રાદિ જતા કરે તેમાં મમતા ન રાખે પછી જ્યારે કાંઠે પહોંચે ત્યારે શરીર સૂકવવા તેને લછે નહિ તપાવે નહિ પણ આપોઆપ તેની ભીનાશ ઊડી જાય ત્યારે તેને લૂછી કરીને આગળ ચાલે [૧૨૨]

ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે કે તે બધી બાબતમાં હમેશાં રાગદ્વેષરહિત તથા પોતાના કલ્યાણમાં તત્પર હોને સાવધાનતાપૂર્વક વર્તે

---

[1] મૂળમાં તો અવયવો એક બીજા સાથે ન 'आसादयत्' — અડકાડે — એવું છે તરતી વખતે એવું કાંઈ કરાતું હોય એવું તાણમાં નથી.

૪

ભાષા

ભિક્ષુએ અહીં વર્ણવેલા વાણીના આચારો સાંભળીને જાણવું કે નીચેના વાક્પ્રયોગો અનાર્ય રૂપ છે તથા તેમને સત્પુરુષોએ આચર્યા નથી તે જેવા કે ક્રોધથી બોલવું માનથી બોલવું માયાથી બોલવું લોભથી બોલવું, જાણીજોઈને કઠોર બોલવું, અજાણતાં કઠોર બોલવું વગેરે વિવેકી પુરુષે આ બધા દોષયુક્ત વાક્પ્રયોગોનો ત્યાગ કરવો [૧૦]

સાધુએ (જાણ્યા વિના કે ખાતરી કર્યા વિના) નિશ્ચયપૂર્વક નહિ બોલવું જેમકે આમ યોગ્ય છે કે આમ યોગ્ય નથી જ (અમુક સાધુને) આહારપાણી મળશે જ કે નહિ મળે તે ખાઈ લેશે જ કે નહિ જ ખાય ને અમુક આવ્યો છે જ કે નથી જ આવ્યો અવે જ છે કે નથી જ આવતો આવશે જ કે નહિ જ આવે જરૂર પડે સાધુએ વિચાર કરીને તથા ખાતરી કરીને જ નિશ્ચયપૂર્વક કાંઈ કહેવું [૧૦]

એકવચન, દ્વિવચન, બહુવચન, નારીજાતિ, નરજાતિ, નાન્યતરજાતિ, પહેલો પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષ કે બીજો-ત્રીજો મિશ્ર કે ત્રીજો-બીજો મિશ્ર[1] ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ, પ્રત્યક્ષ અને પરોક્ષ — એ સોળ પ્રકારમાંથી કોઈ પણ વાપરતી વખતે, વિચારપૂર્વક ખાતરી કરીને સાવધાનતાથી સંયમપૂર્વક તથા ઉપર જણાવેલા દોષોનો ત્યાગ કરીને બોલવું. [૧૦૭]

ભિક્ષુએ નીચે પ્રમાણે વાણીના ચાર પ્રકારો જાણવા: સત્ય, અસત્ય, કંઈક સત્ય અને કંઈક અસત્ય, ન સત્ય કે ન અસત્ય.[2] [૧૩૭]

---

૧ ટીકામાં 'અનુચાલન'નો અર્થ 'પહેલો પુરુષ ન કરતાં બીજું કહેવા જતાં મનની વાત નીકળી પડે તે' — એવો કર્યો છે; તથા 'ઉપનીત'નો અર્થ 'પ્રશંસાવચન' કર્યો છે અને 'અપનીત'નો અર્થ 'પ્રશંસાથી વિરુદ્ધ' — એવો કર્યો છે. તે જ પ્રમાણે મિશ્રનું પણ સમજવું.

૨ ચોથો પ્રકાર એ રોજના વ્યવહારમાં બોલાતી વાણીનો, એટલે કે કોઈને બોલાવવી-આજ્ઞા કરતી વખતે વપરાતી વાણીનો છે. મૂળમાં આની પછી નીચેનાં વાક્ય છે: 'વાણીના આ ચાર પ્રકાર ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળના તીર્થંકરોએ કહ્યા છે, કહે છે અને કહેશે. એ ચારે પ્રકારની વાણીના પરમાણુઓ અચિત્ત તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત, તથા વધઘટ અને વિવિધ પરિણામ પામનારા છે એમ પણ તીર્થંકરોએ કહ્યું છે. વાણી બોલતા પહેલાં અને બોલ્યા પછી વાણી નથી હોતી, પણ બોલાતી હોય છે.' આમ બોલાતી વખતે જ તે વાણી કહેવાય છે. સંભવ છે કે શબ્દ નિત્ય છે એવું માનનાર વાદીઓને જવાબરૂપે એ ભાગ હોય.

આ ચાર પ્રકારની વ ણીઓમાંની જે ચોથી વાણી સ ા ા મ મ ધન કરાવનાર ક્રકશ કડવી નિષ્ઠુર અનર્થકારી પ્રા ણીઓના છેદનભેદન તથા તેમને ઉપદ્રવ રહિત ન કરનારી ય તે ચારીને ન બોલવી પણ ર વા ા સત્ય સૂક્ષ્મ[1] નહિ સત્ય કે નહિ અસત્ય તથા ઉપર જણાવેલ દોષોથી રહિત હોય તે ચારીને બોલવી [૧]

ભિક્ષુ ા ને મે ન નતા ર ન અને તેન સાંભળે ત તેને મ ન ત રવ ક્ર વાડ ન ત ા ચે વિનાગ જૂદા વગ ર મ મ ધનથી ન ઉદ્દેશાને તમ તેના મ ત પિતાને ન તેવા વિચાર નગારી તને ન મ સંબોધવો પ ણ કે અમુક અથવા હે આયુષ્માન કે નાર હે ઉપા ક હે ધાર્મિક કે હે ધર્મપ્રિય એમ કહીને સંબોધન કરવું સ્ત્રીની બાબતમાં પ ા અમ જ સમજવું [૨ ૪]

ભિક્ષુએ આ ન શ ગર્જના અને વીજળીને દેવ ન હેવા તેમજ દેવ ન મ્યા છે વ વરસાદનો ધ થયો એમ પ ા ન કહેવું વળી વ મ પડો યા ન પડો ધાન્ય નીપજો ય ન નીપજો ાત્ર અજવાળી થાઓ યા ન થાઓ સૂર્ય ઊગો યા ન ઊગે ગજા તા યા ન ઇતા–એમ પ ન બોલવું આકાશ વિ ર્ાં ડવનું હોય તે તેને નમે ર કે એવું

---

[1] ઉપરથી અસ ય દેખાતી પ ા ક્ષમાબુદ્ધિથી જેનારને સત્ય લાગતી.

[2] મૂળમાં ડેન ાન ાા (સે ગા માગાાનો) ાાા દમોબાજ — એ વિ ષ્ણા વરાારે છે

ગાઈ કહેવાને બદલે, અંતરિક્ષ[1]–એમ કહેવું તેમજ, દેવ વરસ્યો એમ કહેવાને બદલે વાદળ એકઠું થયું કે વરસ્યું એમ કહેવું [૧૩૫]

મુનિ અથવા આર્યાએ કેટલાક હીન રૂપ જોઈને તેમને તેવા જ ન કહેવા જેમકે સૂજેલા પગવાળાને હાથીપગો ન કહેવો કે કોઢવાળાને કોઢિયો ન કહેવો વગેરે[2] ટૂંકમાં જે કહી બતાવવાથી સામો માણસ ગુસ્સે થાય તેવી વાણી ચાહીને ન બોલવી

ભિક્ષુએ કેટલાક રૂડાં રૂપ જોઈને તેમને તેવા જ કહેવા જેમકે ઓજસ્વીને ઓજસ્વી તેજસ્વીને તેજસ્વી યશસ્વીને યશસ્વી વગેરે ટૂંકમાં જે કહી બતાવવાથી સામો માણસ ગુસ્સે ન થાય, તે ચાહીને બોલવું

ભિક્ષુએ રાંધેલા પદાર્થોને જોઈને એમ ન કહેવું કે આ સારું કર્યું છે, કે કલ્યાણકારી છે કે કરવા જેવું છે પરંતુ જરૂર પડે તો એમ કહેવું કે એ હિંસાપૂર્વક બનાવેલું છે દોષપૂર્વક સાધેલું છે કે પ્રયત્નપૂર્વક બનાવેલું છે અથવા દેખાવડાને દેખાવડું કહેવું અને બેડોળને બેડોળ કહેવું [૧૩૬]

તે જ પ્રમાણે તૈયાર કરેલા ખાનપાનની બાબતમાં પણ સમજવું [૧૩૭]

---

૧ મૂળમાં 'ગુજ્ઝાણુચરિય' – દેવોનું વિચરવાનું સ્થાન એ વિશેષણ વધારે છે

૨ મૂળમાં મધુમેહવાળાને તથા તૂટેલા હાથ, પગ, નાક, કાન અને હોઠવાળાના દાખલા વધારે છે

[illegible] ... આ પ્રમાણે, [illegible] ... એમ ન કહેવું કે [illegible] ... [illegible] ... કહેવું કે [illegible] ... અથવા તેના બાંધ મજબૂત [illegible] ... પ્રમાણ તે પરિશુદ્ધ [illegible]

[illegible] ... એમ ન કહેવું [illegible] ... છે કે [illegible] ... એમ કહેવું કે [illegible] ... છે કે [illegible] ... અથવા [illegible] ... કે [illegible]

[illegible] ... એમ ન કહેવું કે આ [illegible] ... ના કામના છે કે [illegible] ... ના કામના છે કે ઘર [illegible] ... તેવી [illegible] ... ના કામના છે. પણ એમ કહેવું કે [illegible] ... છે [illegible] ... છે [illegible] ... છે કે [illegible] છે.

એ જ પ્રમાણે વૃક્ષને ફળ જોઈને એમ ન કહેવું કે આ ફળ પાકાં છે કે પરાળીને ખાવા જેવાં છે, કે હમણાં જ ખાવા જેવાં છે કે કૂમળાં છે કે [illegible] ... પણ [illegible] ફળનાં [illegible] દેખીને એમ કહેવું કે [illegible] ભારથી આ ઝાડ લચી ગયાં છે, કે તેમને ઘણાં ફળ બેઠાં છે કે ફળનું રૂપ બંધાયું છે.

મુનિએ ખેતરમાં ઊગેલું ધાન્ય પાકેલું દેખી એમ ન કહેવું કે તે પાકી ગયું છે કે લીલું છે કે શેકવા યોગ્ય છે

કે પોદ પાડવા યોગ્ય છે પણ એમ કહેવું કે તે ઊગ્યું છે, કે વધ્યું છે, કે કઠણ થયું છે કે રસયુક્ત છે કે દાણા બેસે છે કે ભગાયા છે [૧૩૮]

ભિક્ષુએ વિવિધ શબ્દો સાંભળીને એમ ન કહેવું કે આ સારો યા ખોટો છે પણ સ્વરૂપ બતાવવા પૂરતો સુશબ્દ ને સુશબ્દ કહેવો અને દુશબ્દ ને દુશબ્દ કહેવો તે જ પ્રમાણે રૂપ ગંધ અને રસ વગેરે બાબતમાં પણ સમજવું [૧૩૯]

ભિક્ષુએ ક્રોધ માન માયા અને લોભનો ત્યાગ કરી, વિચારપૂર્વક ખાતરીયુક્ત બોલનાર થવું સાંભળવા પ્રમાણે કહેનાર થવું તથા ઉતાવળા થયા વિના, વિવેક કરીને સમભાવપૂર્વક સાવધાનીથી બોલનાર થવું [૧૪૦]

ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે કે, તે બધી બાબતમાં હમેશાં રાગદ્વેષરહિત તથા પોતાના કલ્યાણમાં તત્પર રહીને સાવધાનતાપૂર્વક વર્તે

૫

વસ્ત્ર

નિગ્રંથ કે નિગ્રંથીને વસ્ત્રની જરૂર પડે તો નીચે ના રેશમ, શણ, તાડપત્રાદિ, કપાસ કે રૂંવાટાના કરી શકે. જે મુનિ સશક્ત, નીરોગી અને મજબૂત બાંધાનો હોય તે એક જ વસ્ત્ર રાખે, બે નહિ; અને જે સાધ્વી હોય તે ચાર વસ્ત્ર પહેરે: એક બે હાથનું, બે ત્રણ હાથના અને એક ચાર હાથનું. એવી વસ્ત્રોની ન મળે તો ને સાંધીને કરે. [૧૪૧]

ભિક્ષુ અથવા ભિક્ષુણીએ વસ્ત્ર માટે અર્ધા યોજનથી વધારે દૂર જવાની ઇચ્છા ન કરવી. [૧૪૨]

જે વસ્ત્ર ગૃહસ્થે એક કે અનેક સાધર્મી (જૈન) ભિક્ષુ કે ભિક્ષુણીઓ ઉદ્દેશીને કે અમુક ગણતરીના શ્રમણ બ્રાહ્મણ વગેરેને ઉદ્દેશીને જીવજાળની હિંસા કરીને તૈયાર કર્યું

હોય, ખરીદ્યું હોય કે ઉછીનું આણ્યું હોય[1] તે વસ્ત્રને સદોષ જાણી ભિક્ષુએ ન સ્વીકારવું.

વળી જે વસ્ત્ર અમુક ગાતઝીમધ નહિ પણ ગમે તે શ્રમણ માટે । વળી માટે ઉપર પ્રમાણે તૈયાર કરવામાં આવ્યું હોય પણ તે હજુ બીજાએ પોતાનું ગણી વાપર્યું ન હોય તો તે વસ્ત્ર પણ સદોષ જાણી ભિક્ષુએ ન સ્વીકારવું. પણ જે વસ્ત્ર બીજાએ પોતાનું ગણી વાપર્યું હોય તેને નિર્દોષ જાણી સ્વીકારવું. [૧૪૩]

તે જ પ્રમાણે જે વસ્ત્ર ગૃહસ્થે ભિક્ષુ માટે ખરીદ્યું હોય, ધોયું હોય, રંગ્યું હોય, સુગંધી કર્યાં અને સ્વાધ્યમાં ઘસી મસળીને સાફ કર્યું હોય અથવા ધૂપ આપી સુવાસિત કર્યું હોય તો જ્યાં સુધી બીજાએ પોતાનું ગણી વાપર્યું ન હોય, ત્યાં સુધી તે ન લેવું. પણ બીજાએ પોતાનું ગણી વાપર્યું હોય તો લેવું. [૧૪૪]

ભિક્ષુએ બહુ મોંઘા મૂલનાં કપડાં[2] મળે તો પણ ન લેવાં. [૧૪૫]

---

૧. 'કરડી આણ્યું હોય (અધિકારી નાકરીનું કોઈ બળાત્) રજા વિના મેળવ્યું હોય, કે મુનિને સામે લઈને નિવેદિત કર્યું હોય — વગેરે વિશેષણો પિંડૈષણા (પા. ૮૦) પ્રમાણે જ સમજવાં. દરેક બાબતની વસ્તુ માટે આ તથા પહેલો નિયમ સામાન્ય જ હોય છે.

૨. તેની વિગતો મૂળમાં આ પ્રમાણે છે : આજિન (અમુક જાતના ઉંદરના ચામડામાંથી બનાવેલાં) સહિણ (સૂક્ષ્મ), બારીક તથા ચિત્રવિચિત્ર, આયક (અમુક દેશમાં ગૃહસ્થ વાળિવાળી બકરી થાય છે તેની ઊનના) કાયક (અમુક દેશના ઉત્તમ

[illegible] નિયમ [illegible]
[illegible] એરને અનુસરી [illegible]

[illegible] સેન [illegible] કોઈ [illegible]
[illegible] અથવા [illegible]
[illegible]

[illegible] ગૃહસ્થને [illegible] સ્થાન [illegible]
[illegible] નિયમ

[illegible] કે ઉપ [illegible] વસ્ત્ર
[illegible] માગવું અથવા [illegible] નિયમ
[illegible]
[illegible] નિયમથી [illegible] વસ્ત્ર માગવું અથવા
[illegible] નિયમ

આ ચારમાંથી [illegible] પણ એક નિયમ અનુસરનાર
એમ કદી ન માનવું કે પોતે જ સાચો નિયમ લીધો
અને બીજાએ ખોટો નિયમ લીધો છે।

[illegible] કપાસ થાય છે તેના) કૌમિક ([illegible]) દુકૂલ (એ
દેશના વિશેષ કપાસના) પટ્ટ ([illegible]) મલય (મલય દેશમાં
થતા સૂતરના) વલ્કલના તંતુઓના (પત્તુન) [illegible] ([illegible])
[illegible], [illegible] કામળ તથા પ્રાવર (મોટેં
કામળ) નીચેના ચામડાંના બનેલાં [illegible] ઉન
(એ નામના સિંધુ દેશમાં થતા માછલાંના) પેસ (એ નામના સિંધુ
દેશના બારીક રુંવાટીવાળા પશુઓના) પેસલ (તે પશુઓની
રુંવાટીના) [illegible] મૃગના ચામડાંના,
વ્યાઘ્રચર્મના

એ નિયમો અનુસાર વસ્ત્ર મ ગવા જનાર ભિક્ષુને ગૃહસ્થ એમ કહે કે, તમે મહિના ગા , કે દશ કે પાચ દિવસ બાદ, અથવા કાલે કે પ મ દિવસે આવજો ત્યારે અમે તમને વસ્ત્ર આપીશુ ' તો ભિક્ષુએ તેને કહેવુ કે, હે આયુષ્મન્ અથવા બહેન મ ગથી એવો મ કેત કબૂલ ાખી શકાય તેમ નથી માટે તમારે જે આપવુ હોય તો હમણા જ આપો ' તે સાભળી પેલો એમ કહે કે ભને થોડી વાર ટીને જ આવજો તો પણ તેને ઉપર પ્રમાણે જ કહેવુ આ સાભળી પેલો પોતાના ઘ મા કોઈને કહે કે, હે ભાઈ અથવા બહેન અમુક વસ્ત્ર લાવો તે વસ્ત્ર આપણે સાધુને આપી દઈએ અને આપણે માટે બીજુ લાવીશુ ' તો એ વસ્ત્ર સદે ષ જાણી સાધુએ ન લેવુ

અથવા, તે ગૃહસ્થ પોતાના ઘરના માણસને એમ કહે કે અમુક વસ્ત્ર લાવો આપણે તેને સુગ ધી દ્રવ્ય[૧] કે ક્વાથ વડે ઘસી, મ દ કરીને કે સુગ ધિત કરીને સાધુને આપીએ અથવા ઠ ડા કે ગરમ પાણીથી ધોઈને આપીએ કે તેમાના ક દ લીલોતરી વગેરે કાઢી લઈને આપીએ તો સાધુએ તેને ત ત જ કહી દેવુ કે, હે આયુષ્મન્ અથવા બહેન તમારે આપવુ જ હોય તો તેમ કર્યા વિના જ આપો અને ઽતા જે તે ગૃહસ્થ તેમ કરીને જ આપે તો તેને સદોષ જાણી ન લેવુ

ગૃહસ્થ મુનિને કોઈ વસ્ત્ર આપવા માડે તો મુનિએ તેને કહેવુ કે 'હે આયુષ્મન ્ એ વા તમારા વસ્ત્રને

---

૧ મૂળમા તેને માટે सिणाणेण (સ્નાનેન) શબ્દ છે ટીકાકાર તેનો અર્થ સુગધી દ્રવ્યથી (પ્રસગ) એમ કરે છે

[illegible]

[illegible]

બિન જ પાત્ર રંગ નકું નહીં એમ કહેલું કે ... નવે સુનથી ... [૧૪૭]

[ભિક્ષુને વસ્ત્ર ન કે સૂકવવાની જરૂર પડે તો તેમને ખીંતી કે ઉંચે રહેતુ(?) જમીન ઉપર ન સૂકવવાં તેમજ ખાંભી ઉપર ખાંડણિયા નાખવાનો ખાડો કે તેવી જમીનથી અધ્ધર તેવી અધ્ધર ... બાંધેલી ન હોવાથી આમતેમ હાલતી જગાઓ ઉપર ન નાખવાં તે જ પ્રમાણે કોટ, ભીંત, શિલા, ઢેફાં, સ્તંભ, માંચો, માળ કે આગાસી જેવી જમીનથી ઊંચે રહેતી કે હાલતી જગાઓનું પણ સમજવું ... વસ્ત્ર લઈ તેણે એકાંતમાં જવું, અને

ત્યા મળેલી જમીન વગેરે ઉપાજતુ વિનાનુ સ્થળ જોઈ-તપાસી સાફ કરી તેના ઉપર તેમને સૂકવવા [૧૮૮]

ભિક્ષુએ પોતે સ્વીકારી શકે તેવા વસ્ત્રો માગવા અને જેવા મળે તેવા પહેરવા તેમને ધોવા યા રગવા નહિ તેમજ ધોયેલા યા રગેલા વસ્ત્ર ધારણ કરવા નહિ ગામતરે જતા કોઈ લઈ લેશે એવી બીકે તેમને છુપાવવા નહિ તેમજ કોઈ લૂટવાનુ મન ન કરે એવા વસ્ત્ર જ ધારણ કરવાં આ વસ્ત્રધારી મુનિનો સપૂર્ણ આચાર છે

ગૃહસ્થને ઘેર જતા તેણે પોતાના વસ્ત્ર સાથે લઈને જ જવુ આવવુ તે જ પ્રમાણે શૌચ જતા કે સ્વાધ્યાય કરવા જતા પણ કરવુ પરતુ વરસાદ વગેરેને[1] વખત બધા વસ્ત્ર સાથે લઈને ન જવુ આવવુ [૧૮૮]

કોઈ સાધુ બીજે ગામ જતી વખતે થોડા વખત માટે ઉછીનુ વસ્ત્ર લઈ આવે અને પછી પરગામથી પાછો આવી તે વસ્ત્ર મૂળ માલિકને આપવા માંડે, તો તે તેણે પાછુ ન લેવુ લઈને બીજાને ન આપી દેવુ કે કોઈને ઉછીનુ ન આપવુ તેનો બદલો ન કરવો કે બીજાને જઈને એમ ન કહેવુ 'હે આયુષ્મન્ શ્રમણ! તારે આ વસ્ત્ર જોઈએ છે?' વળી, તે મજબૂત હોય છતા તેને ફાડીને ફેંકી ન દેવુ પરતુ, વાપરીને રોળાયલુ તે વસ્ત્ર ઉછીનુ લઈ જનારને જ આપી દેવુ —પોતે ન વાપરવુ ભિક્ષુઓનો આવો આચાર સાભળી, કોઈ ભિક્ષુ એવા વિચાર કરે કે હુ થોડા વખત માટે વસ્ત્ર ઉછીનુ લઈ આવુ અને પછી

1 જુઓ પા ૮૬

મારગ મર્યાદા બહાર આવી તેને પગ અડવા કરેલ લઈ રે
ન લેય નહિ. એજ રીતે માંડુ જ થાર —ના તેન દેવ
આવે ત્યારે તેનો ભંગ ન કરે. [૧૫૦]

[એ જ 'પુણ્ય કરવા વિરમવું' ન કરવા કે વિરમવુંને
વળગી રહે વા ભોગ અગારની કે થી પોતાનું રક્ષ
નારાન આવી ન દે કે ભીખવું કરીનું ન લેવું કે તેના
પત્ન ન કરે કે પતાવી અ, અમવું વળ કરી અથવા
બીજાને વધ કરે એમ ન કહેવું કે ત્યારે આ વગ કરે તેને
કે બીજાને મરવું ન દેખાવું તેમ માર અવળુ
વનો શાબીન કરી દેવું. માટે જતાં કેર કાર તેને
માટે તાતનો બીજે પોતાના રક્ષ બચાવવા ખાતર
તેણે C માન કરી લેવું કે અમુક માન વૃદ્ધો
વમ ક એમ જાણી બીજે આપે ન પણ લેવું કે તે આમ
આવીને માગે તો આપી પણ ન દેવા પણ આગમ (પા
૧૨૯ ૧) બતાવ્યા પ્રમાણે કરવું. [૧૫૧]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ
સૂચના છે વગેરે પા ૮૨ મુજબ

૬

પાત્ર

ભિક્ષુ અથવા ભિક્ષુણીને પાત્રની જરૂર પડે ત્યારે તેણે તુંબીનું કે લાકડાનું કે માટીનું કે એવી જાતનું કોઈ પાત્ર માગવું જે મુનિ બળવાન, નીરોગી અને મજબૂત બાંધાવાળો હોય, તેણે એક જ પાત્ર રાખવું બે નહિ

પાત્ર માગવા તેણે બે ગાઉથી વધારે દૂર જવાની ઇચ્છા ન કરવી

જે પાત્ર ગૃહસ્થે એક કે અનેક સ્વધર્મી (જૈન) ભિક્ષુ કે ભિક્ષુણીને ઉદ્દેશીને તૈયાર કર્યું હોય કે ખરીદ્યું હોય તે સદોષ જાણી ન લેવું [વગેરે બે ફકરા પા ૧૦૯ પ્રમાણે]

ભિક્ષુએ, બહુ મોંઘા મૂલનાં પાત્ર મળે તો પણ ન લેવાં [1]

---

૧ મૂળમાં 'સીસું તાંબું ચાંદી સોનું, પિત્તળ પોલાદ મણિ, કાચ કાંસું શંખ, શીંગ, દાંત કપડાં, પથ્થર ચામડાં વગેરેનાં ગણાવ્યાં છે

[illegible] નિયુએ નીચેના સાત નિયમે માગી પાત્ર અનુસરી [illegible]

૧ [illegible] માગીનું [illegible] કોઈ એક [illegible] અથવા આપે તો [illegible] પહેલો નિયમ

૨ [illegible] જોઈને [illegible] આપે તો [illegible] બીજો નિયમ

૩ [illegible] કે [illegible] એ ત્રણ પાત્રા [illegible] એક [illegible] આપે તો લેવું એ ત્રીજો નિયમ

૪ [illegible] કે જેને બીજા કોઈ વાચક ના ભિખારી લેવા ન ઇચ્છે, તેવું જ પાત્ર [illegible] અથવા આપે તે [illegible] એ ચોથો નિયમ આ સાતમાથી કોઈ એક નિયમ [illegible] બીજા ની અવગણના ન કરવી [વગેરે આગળ પા ૧ ૭ મુજબ]

એ પ્રતિજ્ઞાઓ અનુસાર પાત્ર માગવા જનાર ભિક્ષુને ગૃહસ્થ [illegible] આયત પાત્રને તેલ, ઘી ચરબી વગેરે ચોપડીને કે ધુપ [illegible] કે ઠંડુ પાણી વગેરેથી ધોઈ લાવીને આપવાનું કહે તો તે [illegible] ન [illegible] [વગેરે પા ૧૪૧ મુજબ]

ગૃહસ્થ ભિક્ષુને એમ કહે કે તમે ઘડી વાર થોભો તો અમે રસોઈ વગેરે તૈયાર કરી લઈએ ત્યારબાદ અન્નપાન ભરીને તમને પાત્ર આપીશું ખાલી પાત્ર શ્રમણને આપવું તે ઠીક નથી તો ભિક્ષુએ પહેલેથી જ ના પાડી દેવી અને છતાં, ગૃહસ્થ તેમ કરીને જ આપવા માંડે તો તે ન સ્વીકારવું

ગૃહસ્થ પાસેથી પાત્ર લેતા પહેલા ભિક્ષુએ તેના દેખતા તપાસીને પછી લેવું કારણ કે, અંદર જીવજંતુ વનસ્પતિ બીજ વગેરે હોય

[પછીના બે ફકરા આગળ વસ્ત્રૈષણા[1] (પા ૧૨૨) મુજબ જ છે. માત્ર જ્યાં મૂકવવાની વાત છે ત્યાં 'તેલ ઘી નવનીતથી ખરડેલું પાત્ર હોય, તો નિર્જીવ જમીન જોઈ-તપાસી સાફ કરી ત્યાં સાવધાનીથી તેને ઘસી લેવું' એમ સમજવું] [૧૫૨]

ભિક્ષુએ ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા જતા પાત્રને પ્રથમ જોઈ તપાસી સાફ કરવું જેથી અંદર જીવજંતુ કે ધૂળ ન રહે [૧૫૩]

ભિક્ષુ ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા ગયો હોય અને ગૃહસ્થ પાત્રમાં ઠંડું પાણી ભરી લાવીને તેને આપવા માંડે તો પહેલેથી જોયું હોય તો તેને સદોષ જાણી ન લેવું પણ અચાનક લેવાઈ જાય, તો તેને પાછું (તેના વાસણના) પાણીમાં રેડી દેવું (અને ન રેડવા દે તો કૂવા વગેરેના પાણીમાં) અથવા ભીનાશવાળી જમીનમાં રેડી દેવું તેમ ન બને તેવું હોય, તો તે પાણી સહિત પાત્ર જ પરઠવી દેવું

ભિક્ષુએ પોતાના ભીના વાસણને લૂછવું કે તપાવવું નહિ

[ભિક્ષુએ ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા જતી વખતે પાત્ર સાથે લઈને જવું વગેરે વસ્ત્રૈષણા મુજબ પા ૧૪૩]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે વગેરે પા ૮૨ મુજબ]

---

૧ સૂત્ર ૧૪૭-૮

મુડામે[1]

શરીરના સંગ ... ઘરમાં ... ચિન્તો ... પન-કુમાર-
પુત્રના ... તથા ... રોકનું અન્ન પાન ... લઈ
ને પાપકર્મ ... નહિ ... હે ભગવન! ...
દિક આરોગી એવી કોઈ પણ ... (કે ...)
લાગવાનો હું નિયમ લઉં છું

આવી પ્રતિજ્ઞાવાળા મુનિએ પછી ગામ નગર કે
રાજધાનીમાં ગયા બાદ બીજા એ નહિ આરોગી કોઈ પણ
ચીજ મફતનું ન લેવી બીજાને ... ન લેવડાવવી કે કોઈ
કરતો હોય તો અનુમતિ ન આપવી પોતાની સાથે
પ્રવ્રજ્યા લેનાર સાધુઓની પણ ... કોઈ
પણ વસ્તુ તેમની રજા માગ્યા વિના કે (૨૦૧ ...)
જોયા તપાસ્યા વિના કે સાફ કર્યા વિના ન લેવી [૧૫૫]

---

૧ મૂળમાં ... શબ્દ છે તેનો અર્થ, 'પોતાની
માલિકીની ચીજ – પરિગ્રહ' તેમજ 'નિવાસ સ્થાન' એમ બંને થાય
આ અધ્યયનમાં પણ બંનેને લગતા વિધાનો છે

ભિક્ષુએ સભાગૃહ-ખાના વગેરે સ્થળે જઈને પહેલાં તે સ્થળ પોતાને યોગ્ય છે કે નહિ તે વિચારીને પછી ત્યાંના માલિક કે અધિપતિ પાસે, ત્યાં રહેવાની આગળ જણાવ્યા પ્રમાણે (પા. ૧૪૫) રજા માગવી.

રહેવાની જગા મળ્યા બાદ તે મકાનમાં જે બીજા શ્રમણબ્રાહ્મણાદિ અગાઉથી ઊતર્યા હોય, તેમની ખાનપાન વગેરે વસ્તુઓ આઘીપાછી ન કરવી. તથા તે ઊંઘતા હોય તો તેમને ન જગાડવા. ટૂંકમાં તેમને પીડાકર કે પ્રતિકૂળ એવું કાંઈ જ ન કરવું. [૧૫૯]

ઉતારો કર્યા બાદ ત્યાં પોતાના સમાનધર્મી કે સહભોગી જે સદાચારી સાધુઓ આવે, તેમને પોતે માગી આણેલાં ખાનપાન મૂકાબેસવાનાં પાટિયાં પથારી પાથરણું વગેરે માટે નિમંત્રિત કરવા. પરંતુ બીજાએ આણેલાં અન્નપાન વગેરે માટે નહિ; આગ્રહ કરીને નિમંત્રિત ન કરવા. [૧૫૮-૯]

ત્યાં ગૃહસ્થો કે તેમના પુત્રો વગેરે પાસેથી સોય, અસ્તરો, કાન-ખોતરણું કે નરણી વગેરે વસ્તુઓ પાછી આપવાની શરતે, પોતાના એકલાના ઉપયોગ માટે માગી આણી હોય તો તે એકબીજાને આપવી નહિ; પણ પોતાનું કામ પૂરું થતાં, તેને લઈ ગૃહસ્થ પાસે જવું અને તેને ખુલ્લા હાથમાં રાખીને કે જમીન ઉપર મૂકીને, 'આ રહી, આ રહી' એમ કહેવું. મતલબ કે પોતે તેના હાથમાં ન મૂકવી.[1] [૧૫૭]

---

1. બીજા અનુચિત વસ્તુની લેવડદેવડ નથી કરી એવું બીજાઓ જોઈ શકે તે માટે (?)

કાઈ આચાર વિના ભિન્ન મેળ ... અને કરી આપની ... તો જે કેરી ... વગેરે ... તમાર અને ... કરી, ભિક્ષુ ... ના ... ભિક્ષુ ... મરે પણ સમ...

તે જ રીતે ... ના ઉતારો ... ત્યારે પણ ... [૧૬]

ભિક્ષુએ ઉપર જણાવેલા ... ની નીચેના ચાર તમામાંથી કોઈ એક નિયમ અનુસાર મુકામ મેળવવો

૧ મુસાફરખાના વગેરેમાં તે ... પોતાને માટે ... છે કે નહિ તેનો વિચાર કરી તેના માલિકની આજ્ઞા જણાવ્યા પ્રમાણે રજા માગી, મુકામ મેળવવો એ પહેલી પ્રતિજ્ઞા

૨ હું બીજા ભિક્ષુ માટે મુકામ માગીશ ... બીજાએ માગેલા મુકામમાં રહીશ એ બીજી પ્રતિજ્ઞા

૩ હું બીજા ભિક્ષુ માટે મુકામ માગીશ પણ ... નાએ માગેલામાં રહીશ નહિ એ ત્રીજી પ્રતિજ્ઞા

૪ હું બીજા માટે મુકામ માગીશ નહિ, પણ બીજાએ માગેલામાં રહીશ એ ચોથી પ્રતિજ્ઞા

---

૧ મુકામ માલિકની રજા મેળવવાનો ... પણ રામ ... છે

૫ હું એમના મારે માટે મુકામ માગીશ બીજા બે ત્રણ કે ચાર પાંચ માટે નહિ માગું, એ પાંચમી પ્રતિજ્ઞા

૬ જેને મકાને હું મુકામ સ્વીકારીશ, તેની પાસેથી જ તૃણ વગેરેનું[1] પાથરણ સ્વીકારીશ, નહિ તો ઉભડક કે પલાઠી વાળીને બેસીને જ રાત કાઢીશ એ છઠ્ઠી પ્રતિજ્ઞા

૭ જેને મકાને ઉતારો કર્યો હશે તેને ત્યાં પથ્થર કે લાકડાની પાટ જેવું કાંઈ તૈયાર મળી આવશે તો તેના ઉપર સૂઈશ, નહિ તો ઉભડક કે પલાઠી વાળીને બેસીને જ રાત કાઢીશ એ સાતમી પ્રતિજ્ઞા

[આ સાતમાંથી કોઈ એક નિયમ લેનારે બીજાની અવગણના ન કરવી વગેરે પા ૧૦૭ મુજબ[2]] [૧૬૧]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે વગેરે પા ૮૨ મુજબ] [૧૬૨]

---

૧ જુઓ પા ૧૧૮-૯

૨ આ ફકરા પછી મૂળમાં બીજો ફકરો છે ભગવાને એવું કહેલું મેં સાંભળ્યું છે કે સ્થવિર ભગવંતોએ પાંચ પ્રકારના અવગ્રહ (એટલે કે, માલિકીની વસ્તુ કે મકાન) ગણાવ્યા છે (૧) લોકમધ્યવર્તી રુચક દક્ષિણાર્ધ એ દેવેન્દ્રનો અવગ્રહ ગણાય છે (૨) ભરત વગેરે ક્ષેત્ર તે ચક્રવર્તી રાજાનો અવગ્રહ ગણાય છે (૩) ગામ વૃક્ષ ઉદ્યાન ગિરિ કંદરા દેવમંદિર પરબ વગેરે ગૃહપતિ (તે સ્થળનો રાજા-જાગીરદાર) નો અવગ્રહ ગણાય (૪) જેને ઘેર ઉતારો કર્યો હોય તે ગૃહસ્થનું ઘર વગેરે તે ગૃહસ્થ (સાગારિક) નો અવગ્રહ ગણાય અને જે જગાએ સમાનધર્મી સાધુ વગેરે મહિનો માસ ઉતારો કરી રહ્યા હોય તે જગા વગેરે તે સાધર્મિકનો અવગ્રહ કહેવાય

૮

ઊભા રહેવાનું સ્થાન[1]

ભિક્ષુ અથવા ભિક્ષુણીને ઊભા રહેવા માટે સ્થાનની જરૂર પડે ત્યારે તેણે ગામ નગર કે રાજધાનીમાં જઈને ત્યાં જે સ્થાન ઈંડાં જીવજંતુ વગેરેવાળું જણાય તે સદોષ હોઈ મળ્યા છતાં ન લેવું [વગેરે બધું આગળ પા ૧૦-૧૧[2] મુજબ સમજવું]

ભિક્ષુએ એ બધા દોષ ત્યાગી નીચેની ચાર પ્રતિમાઓમાંથી કોઈ એક મુજબ ઊભા રહેવાનું નક્કી કરવું

૧ અચિત્ત સ્થાનમાં ઊભા રહેવું અચિત્ત વસ્તુનું અવલંબન લેવું હાથ પગ લાંબા ટૂંકા કરવા તથા થોડું ફરવાનું રાખવું એ પહેલી પ્રતિમા

---

૧ અહીંથી માંડીને ચૌદમા અધ્યયન સુધીનાં સાત અધ્યયનો બે ભાગ ચૂડા છે

૨ સૂત્ર ૬૪ તથા તે પછીનો કંદમૂળ સુધીનો ભાગ

૨ બીજુ બધુ ઉપર પ્રમાણે, પા। ફેરવાનુ ન નાખવુ એ બીજી પ્રતિમા

૩ બીજુ બધુ બીજી પ્રતિમા પ્રમાણે પણ અવલબન કરવાનુ ન રાખવુ, એ ત્રીજી પ્રતિમા

૪ અચિત્ત સ્થાન ઉપર ઊભા રહેવુ, અવલબન કરાવુ ન કરવુ હાથપગ પા। લાબા ટૂકા ન કરવા હરવુ ફરવુ પણ નહિ તથા શરીર કેશ દાઢી મૂછ અને નખોની દરકાર તજીને (પરિમિત કાળ સુધી) હાલ્યાચાલ્યા વિના ઊભા રહેવુ, એ ચોથી પ્રતિમા

[આ ચાર માની કોઈ એક નિયમ લેનાર બીજાની અવગણના ન કરવી વગેરે આગળ પા ૧૦૭ મુજબ]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સપૂર્ણતા છે વગેરે પા ૮૨ મુજબ [૧ ૩]

૯

સ્વાધ્યાય માટેની જગા[1]

ભિક્ષુ અથવા ભિક્ષુણીને સ્વાધ્યાય કરવા માટે કોઈ જગાની જરૂર પડે ત્યારે તેણે ગામ નગર કે રાજધાનીમાં જવું, અને ઈંડાં કે ઉધઈ વગેરે વિનાનું સ્થળ પસંદ કરવું [વગેરે બધું આગળ પા ૧૮ ૧૧[2] મુજબ સમજવું]

ત્યાં જો બે ત્રણ ચાર કે પાંચ જણા સ્વાધ્યાય માટે જાય તો તે સૌએ અન્યોન્ય શરીરને આલિંગન ન કરવું, ચુંબન ન કરવું, કે દાંત અને નખથી ક્ષત ન કરવાં

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે વગેરે પા ૮૨ મુજબ] [૧૬૪]

---

૧ મૂળ નિશીથિકા
૨ સૂત્ર ૬૪ તથા તે પછીનો કંદમૂળ સુધીનો ભાગ

૧૦

મળમૂત્રની જગા

ભિક્ષુ કે ભિક્ષુણીને મળમૂત્રની પીડા થાય અને તેની પાસે શૌચનું[1] ન હોય તો પોતાના સહધર્મી પાસે માગી લે અને તેમાં ઝાડોપેશાબ કરી, જીવજંતુ વગેરે વિનાની જગાએ નાખી આવે

જે સ્થળ ગૃહસ્થે એક કે અનેક સ્વધર્મી (જૈન) ભિક્ષુ કે ભિક્ષુણીને ઉદ્દેશીને તૈયાર કર્યું હોય કે ખરીદ્યું

---

1 મૂળમાં પાયપુંછણ શબ્દ છે પાયપુંછણનો અર્થ સામાન્ય રીતે રલેયણુ જ લેવાય છે અહીં ટીકાકાર પાદપુંછન સમાધ્યાદી એવો અર્થ કરીને જણાવે છે કે સ્વાધ્યાય કરતા બેઠા પછી અચાનક પ્રબળ શંકા થઈ આવે, તો વાસણમાં મળમૂત્ર કરવા, પછીથી જ બહાર જવાય તેમ હોય, તો નિર્જીવ જગાએ જઈ મળમૂત્ર કરવાં ને કે ઉત્તરના ભાગમાં (સૂ ૧૬૭) તો હમેશાં ભલે પાત્રમાં જ પ્રથમ ઝાડોપેશાબ કરી પછી બહાર ફેંકવા જવું એવું વિધાન છે, એમ લાગે છે

હોય તે સ્થાન જાણી તેમાં મળમૂત્રનો ત્યાગ ન કરવો [વારંગે ૧૮૦ પા ૨૮ સૂ ૧૪૦ પ્રમાણે સમજવા]

જે જગા સાધુ માટે ગૃહસ્થે તૈયાર કરી કે કરાવી હોય સમર્પો કરાવી હોય કે ધૂપથી સુવાસિત કરી હોય તેવી જગામાં સાધુએ મળમૂત્ર ન કરવાં

જે જગામાંથી ભિક્ષુ માટે ગૃહસ્થ કે તેના પુત્રો વગેરે કંદ મૂળ હરિયાળી વગેરેને આગાપાછા ખસેડે તેવી જગામાં ભિક્ષુએ મળમૂત્ર ન કરવાં

ભિક્ષુએ થાંભલા પાટ માચા માળ અગાસી કે મહાલી જેવી જગાઓમાં મળમૂત્રનો ત્યાગ ન કરવો

ભિક્ષુએ ઉજ્જડવાળી ભીની, ધૂળવાળી કે કાચી માટી સમજાતી જમીન ઉપર તથા સજીવ શિલા ઢેફાં કે કીડાવાળા લાકડા ઉપર તથા એવા જીવજંતુવાળા સ્થાનમાં મળમૂત્ર ન ત્યાગવાં [૨૮]

જે જગા ઉપર ગૃહસ્થો વગેરેએ કંદ મૂળ, બીજ વગેરે પાથર્યાં હોય, પાથરતા હોય કે પાથરવાના હોય તેવા સ્થાનમાં ભિક્ષુએ મળમૂત્રનો ત્યાગ ન કરવો

જે જગાએ ગૃહસ્થોએ ડાંગર મગ અડદ તલ કુળથી જવ તથા જવજવ વગેરે વાવ્યા હોય વાવતા હોય કે વાવવાના હોય તે જગાએ ભિક્ષુએ મળમૂત્ર ન ત્યાગવાં

ભિક્ષુએ ચરાના ઢગના ઉપર બહુ કે થોડી ફાટેલી જમીન ઉપર કાદવવાળી જમીન ઉપર ઠૂંઠાવાળી જમીન ઉપર, જવાર વગેરેની કણસલાની જમીન ઉપર ગેરડીના કાંટાવાળી જમીન ઉપર તથા ખાડા ઝુંડ કોટડા વગેરેવાળી ઊંચીનીચી જમીન ઉપર મળમૂત્ર ન ત્યાગવાં

જ્યાં માણસો માટે ગાળવા કરવાનું કામ થતું હોય, કે ભેંસ, પાડા, ઘોડા કબૂતર વગેરે પશુપખી રાખવામાં આવતા હોય તેની જમીન ઉપર ભિક્ષુએ મળમૂત્ર ન ત્યાગવાં

જે ઠેકાણે માણસો કોઈ કામનાથી ફાંસો લેતા હોય કે પોતાની જાતને ગીધ ! પાસે ફાડાવી દેતા હોય કે ઝાડ કે પર્વત ઉપરથી ઝંપાપાત કરતા હોય વિષભક્ષણ કરતા હોય અથવા અગ્નિપ્રવેશ કરતા હોય, તેવી જગાએ ભિક્ષુએ મળમૂત્રનો ત્યાગ ન કરવો

ભિક્ષુએ આરામ ઉદ્યાન, વન ઉપવન દેવમંદિર સભાગૃહ કે પરબ જેવી જગાઓમાં મળમૂત્રનો ત્યાગ ન કરવો

ભિક્ષુએ કિલ્લાનો બુરજ (કોઠો) કિલ્લા અને નગર વચ્ચેનો માર્ગ દરવાજે અને ગોપુર વગેરે સ્થળોએ મળમૂત્રનો ત્યાગ ન કરવો

ત્રણ રસ્તા કે ચાર રસ્તા ભેગા થતા હોય, તેવા ચૌટા ચોક વગેરે સ્થળમાં ભિક્ષુએ મળમૂત્રનો ત્યાગ ન કરવો

નિભાડો ચૂનાની ભઠ્ઠી સ્મશાન સ્તૂપ ચૈત્ય નદી ઉપર નાહવાનાં તીર્થ[1], નદીકિનારાનાં મહત્ત્વ[2] નાં ધાવનાં નાળાં[2] પાણીની નીક, માટીની નવી ખાણ, નવું ગોચર, ખાણ,

---

૧ જ્યાં લોકો તીર્થ જાણી આળોટતા હોય —ટીકા૦

૨ પરંપરાથી પૂજ્ય ગણાતાં આવેલાં સ્થળ (आयतनानि) —એવો અર્થ પણ થાય

ઘાસવાળી તથા પાન, પુષ્પ, ફળ, બીજ અને લીલોતરીવાળી જમીનમાં[1] ભિક્ષુએ મળમૂત્ર ન ત્યાગવાં [૧]

ભિક્ષુએ પોતાનું કે બીજાનું પાત્ર લઈ ખુલ્લા વાડામાં[2] કે ઉપાશ્રયમાં એકાંત જગાએ કોઈ જુએ નહિ તેમ તથા જીવજંતુ વગેરે વિનાના નિર્જીવ સ્થળમાં જવું; અને ત્યાં મળમૂત્ર કરી, તે પાત્ર લઈ ખુલ્લા વાડામાં કે બળેલી જમીન ઉપર કે એવી નિર્જીવ જગાએ એકાંતમાં કોઈ જુએ નહિ તેવે ઠેકાણે જતન સાવધાનીથી નાખી આવવાં. [૧૬૩]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે વગેરે નં ૮૯ મુજબ.]

---

૧. મૂળમાં બીજક, શાલ, ધાવડો, કેતકી, આંબા, અશોક, નાગ, પુંનાગ અને ચૂલક — એટલી વિગત છે.

૨. મૂળમાં આરામ શબ્દ છે. ઉપવન, વાડો, એવો તેનો અર્થ થાય.

૧૧

શબ્દ

ભિક્ષુ અથવા ભિક્ષુણીએ ચારે પ્રકારના[1] વાદ્યોનો અવાજ સાંભળવાની ઇચ્છાથી ક્યાંય જવું નહિ [૧૬૮]

ભિક્ષુ અથવા ભિક્ષુણીએ વિવિધ સ્થળોએ થતા[2] વિવિધ પ્રકારના શબ્દો સાંભળવા જવું નહિ

---

૧ મૃદંગ નાંદીમૃદંગ ઝાલર વગેરે વિતત — મઢેલાં વાદ્યો (૧) વીણા, વિપંચી, બધીસક, તુનક, પણવ, તુંબીવીણા, ઢંકુણ વગેરે તત — તાર ખેંચેલાં — તંતુવાદ્યો (૨) તાલ, કંસતાલ, લત્તિકા ગોધિકા, કિરિકિરિઆ, એ તાલ (અથવા ઘન) વાદ્યો (૩) શંખ વેણુ વગેરે ખરમુખી પિરિપિરિયા — એ શુષિર (ફૂંકીને વગાડવાના પોલા) વાદ્યો (૪)

૨ મૂળમાં તો 'કોટ કે ખાઈ વગેરે શબ્દો એટલા જ પાઠ છે ટીકાકાર 'ત્યાં થતા અમુક અવાજો અથવા ત્યાં કરાતા અંગ ચેષ્ટા વગેરે અવાજો સાંભળવા ન જવું એમ અર્થ કરે છે મૂળમાં તે સ્થળોની વિગતો આ પ્રમાણે છે કોટ કે ખાઈ, સરોવર, ઝાડી, વન પર્વત, ગામ, નગર, રાજધાની, બગીચા ઉપવન, મંદિર સભા, પરબો પચોટી ચાચર ચોક હાથીખાના, તબેલા, અને પશુપંખીના વાડા

ભિક્ષુ અથવા ભિક્ષુણીએ પાડા, બળદ, ઘોડા હાથી કે કપિંજલ પક્ષીની સાઠમારીઓના અવાજ સાંભળી ત્યાં ન જવું. તેમજ વરકન્યાના લગ્નમંડપોમાં કે વધામંડપોમાં પણ ન જવું. તે જ પ્રમાણે હાથીઘોડા વગેરેની કસરતોમાં કે જ્યાં નાચ ગાન થતાં હોય ત્યાં ન જવું [૧૬૯]

જ્યાં વરવહુ મળતાં હોય, શોભાવેલી હતી હોય કે ... વાદ્યો વાગતાં હોય ત્યાં ન જવું.

નાની છોકરીને રાજગાદી ઉપર બેસાડી તેની આજુબાજુ ... જતા હોય કે કોઈ પુરુષને દેહાંતદંડ આપવા વધસ્થાને લઈ જવામાં આવતો હોય ત્યાં પણ ન જવું.

જ્યાં અનેક ગાડાં ... તથા ગરદન ઉપરના લોકોના ગાળા હોય, મેળાઓ હોય ત્યાં પણ ન જવું.

જ્યાં અનેક સ્ત્રીપુરુષ વૃદ્ધો બાળકો તથા જુવાનો સુંદર આભૂષણો પહેરી ગાતા બજાવતા તથા નાચતા હોય હાસ્યક્રીડા કરતા હોય તથા ખાનપાન વગેરેથી ઉજાણી કરતા હોય તેવા મહોત્સવના સ્થળોએ પણ ન જવું.

ટૂંકમાં ભિક્ષુએ આ લોકના કે પરલોકના, સાંભળેલા કે ન સાંભળેલા, દેખેલા કે ન દેખેલા શબ્દોમાં આસક્ત કે મોહિત ન થવું [૧૭૦]

[ભિક્ષુ અથવા ભિક્ષુણીના આચારની એ જ સંપૂર્ણતા છે વગેરે પાન ૮૨ મુજબ]

૧૩

રૂપ

ભિક્ષુ અથવા ભિક્ષુણીએ વિવિધ રૂપો — જેવાં કે, ગૂંથીને કરેલાં, વીંટીને કરેલાં, ભરીને કરેલાં, સાંધીને કરેલાં, લાકડાં કોતરીને કરેલાં, કાપીને કરેલાં, ગાંઠીને કરેલાં મણિ વગેરેથી, હાથીદાંતથી માળાઓથી કે પાંદડાં કાપીને કરેલાં — જોવા માટે ક્યાંય ન જવું [૧૩]

[અહીંથી આગળ 'શબ્દ' અધ્યયનના બધા ફકરા, 'શબ્દ'ને બદલે 'રૂપ'નો ફેરફાર કરીને સમજવા]

૧૦

પુત્રિયા

[illegible] ધર્માને અમની ગુરુ મૈત્રે કરેલા નીચેની કમાવધિના [illegible] કેમ ના [illegible] કરવી [illegible] નેમ અટકાવવી પન [illegible]

જ્યારે કોઇ દરદી દુનિયા પણ ભૂત આપે કે હમે નગન ઉપર દયા કરો તેમને એ તેનનું તન [illegible] ની [illegible] મન [illegible] તે બધું પણ ઉપર એ પા ના પગને સેમે [illegible] [illegible] કે વનું [illegible] આવડે ના તેમને [illegible] કે [illegible] નાખાથી

૧ મૂળમાં 'ન [illegible]' છે ટીકાકાર એનો અર્થ શરીર અને વળી નહિ [illegible] પારો કરાવવી પણ નહિ એવો કરે છે પરંતુ ત [illegible] નથી સાધનો [illegible] અદશ્ય પોતે અમુક બંધુ કરતો આવે, તો તે બાબતમાં કેમ વર્તવું તેનો અહીં આદેશ છે "સાધુએ પારે કમને ઇચ્છવી નહિ (ન [illegible] ૧) પણ બીજા એના કર કે બાગમાં માટે તેનું ફળ તે [illegible] (સૂ ૧૩૩) પ્રો. જેકોબી અને પ્રો. રવજીભાઈ પણ ટીકાકારનો અર્થ કબૂલ નથી રાખતા.

પખાળે કે ધુએ, તેમને કશાનો લેપ કરે કે ધૂપ કરે, પગમાંથી ખીલી કે કાંટો કાઢી નાખે, કે તેમાંથી પરુ લોહી વગેરે કાઢી તેને ચોખ્ખો કરે — તો તેણે તે ઇચ્છવું પણ નહિ, તેમ અટકાવવું પણ નહિ.

એ જ પ્રમાણે શરીરની બાબતમાં, તેમજ તેમાં થતા વ્રણ, ગડગૂમડ, ચાંદી, ભગંદર વગેરેની બાબતમાં પણ સમજવું.

કોઈ ગૃહસ્થ મુનિના શરીરનો પરસેવો, મેલ, આંખ કાન અને નખનો કચરો સાફ કરે, કે કોઈ તેના વાળ, રોમ, ભવાં, બગલ કે ગુહ્યપ્રદેશના વાળ લાંબા દેખી કાપી નાખે, કે નાના કરે તો તે તેણે ઇચ્છવું પણ નહિ, તેમ અટકાવવું પણ નહિ.

કોઈ ગૃહસ્થ મુનિના માથામાંથી લીખ કે જૂ વીણી કાઢે, કે તેને ખોળામાં કે પલંગમાં સુવાડી તેના પગ વગેરે દાબે-મસળે, કે હાર, અર્ધહાર, ઉરસ્થ છાતીનાં અને ગળાનાં આભરણો તથા મુકુટ, માળા કે સોનાનો દોરો વગેરે તેને પહેરાવે તો તે તેણે ઇચ્છવું પણ નહિ, તેમ અટકાવવું પણ નહિ.[1]

*

---

૧ આ બધા ઉપરથી શું સમજવું? પરાણે કે એકાંતમાં લઈ જઈ ગૃહસ્થ આ બધું કરે છે? ભિક્ષુએ તે ઇચ્છવું નથી તથા ભિક્ષા તરીકે તે વસ્તુઓ તેણે સ્વીકારી નથી અને તે પહેરીને બહાર જવાનું તો ન જ હોય. ટીકાકારે અર્થ બેસાડી લઈએ કે, 'મને ઇચ્છવું નહિ કે કરાવવું નહિ' તો પણ એ પ્રશ્ન રહે જ કે નિષેધ તો અમુક કરવામાં આવતી વસ્તુનો હોય. તો શું ભિક્ષુઓ ગૃહસ્થને આમ ઘરેણાં પહેરાવવાનું કહે?

એ જ રીતે મુનિને બગીચામાં કે ઉદ્યાનમાં લઈ જઈને તેના પગ વગેરે દાબે મસળે તો પણ સમજવું [૧૭]

કોઈ ગૃહસ્થ શુદ્ધ કે અશુદ્ધ વચન (મંત્રો કે મંત્ર) બળથી, અથવા કંદ મૂળ છાલ કે લીલોતરી ખોદી કઢાવીને મુનિની ચિકિત્સા કરવા ઈચ્છે તો તે તેણે ઈચ્છવું પણ નહિ તેમ અનુમોદવું પણ નહિ

રે જીવ પોતે કરેલાનું ફળ ભોગવે છે એમ

૧૪

અન્યોન્યક્રિયા

[ઉપરના અધ્યયનમાં જે ક્રિયાઓ ગૃહસ્થ મુનિને કરતા હતા, તે જ ભિક્ષુઓ અન્યોન્ય કરે તો તે બાબતમાં પણ, ૧૩ મા અધ્યયનમાં જણાવ્યા પ્રમાણે જ સમજવું] [૧૭૪]

૧૫

ભાવનાઓ[1]

૧

ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતોની જે ભાવનાઓ ઉપદેશી છે તે કહેવા માટે પ્રથમ ભગવાનનું જીવનચરિત્ર કહેવામાં આવે છે[2]

ભગવાન મહાવીરના જીવનમાંના મુખ્ય પ્રસંગોમાંથી પાંચ પ્રસંગોએ ઉત્તરાફાલ્ગુની[3] નક્ષત્ર હતું જેમકે

---

૧ અહીંથી ત્રીજી ચૂલા શરૂ થઈ ગ્રહણ કરેલાં વ્રતો જીવનમાં ઊતરે તે માટે દરેક વ્રતને અનુકૂળ થઈ પડે તેવી કેટલીક પ્રવૃત્તિઓ સ્થૂળ દૃષ્ટિએ ખાસ ગણાવવામાં આવી છે તે ભાવના નામે પ્રસિદ્ધ છે

૨. આ વાક્ય મૂળનું નથી

૩ મૂળમાં તેને માટે હત્થુત્તરા (हस्त उत्तर यासाम्) શબ્દ છે

દેવલોકમાંથી બ્રાહ્મણી માતાના ગર્ભમા આવ્યા ત્યારે બ્રાહ્મણી માતાના ગર્ભમાથી ક્ષત્રિયાણી માતાના ગર્ભમા ફેરવાયા ત્યારે જન્મતી વખતે સંયમ લેતી વખતે, અને કેવળજ્ઞાન[1] થયુ ત્યારે માત્ર ભગવાનનુ નિર્વાણ સ્વાતિ નક્ષત્રમા થયુ [૧૩૫]

ભગવાન, આ યુગના[2] પહેલા ત્રણ હિસ્સા[3] વીતી ગયા અને ચોથામા માત્ર ૭૫ વર્ષ અને સાડા નવ માસ બાકી રહ્યા ત્યારે, ઉનાળાના ચોથા માસે[4] આઠમા પક્ષે, અષાઢ શુદિ છઠે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમા, દશમા દેવલોકમાના[5] પોતાના પુષ્પોત્તર નામના વિમાનમાથી[6] પોતાનુ દેવ તરીકેનુ આયુષ્ય[7] પૂરુ કરી, જમ્બુદ્વીપમા,[8] ભરતક્ષેત્રના દક્ષિણાર્ધમા,

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૧

૨ મૂળમા તેને માટે અવસર્પિણી શબ્દ છે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૨

૩ મૂળમા 'આરા' શબ્દ છે તેવા ૬ આરા દરેક અવસર્પિણીમા હોય છે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં ૨

૪ આ ગણતરી પૂનમે મહિનો પૂરો થતો ગણીને આપેલી છે પછીના ઉલ્લેખોમા પણ તેમજ છે

૫ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ૩

૬ તેના બીજા નામ મૂળમા આ પ્રમાણે છે મહાવિજય, સિદ્ધાર્થ પ્રવરપુંડરીક તથા દિશાસૌવસ્તિક તેનુ મહાવિજય પુષ્પોત્તરાવતંસક એવુ નામ પણ પ્રસિદ્ધ છે કેટલાક મહાવિજયને તથા પ્રવરપુંડરીકને વિશેષણ માને છે

૭ તેની સંખ્યા મૂળમા '૨૦ સાગરોપમ વર્ષ' આપેલી છે જુઓ ટિપ્પણ નં ૨

૮ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ૪

[illegible] કુ [illegible] પ્રાગ વિભાગમાં [illegible] ત બ્રાહ્મણને [illegible] ત્રગોત્રની દેવાનંદા બ્રાહ્મણીની કૂખે, [illegible] મચ્ચ્યની પેઠે અવતર્યા.

[illegible] (ઇંદ્રની આજ્ઞાથી તેના પાયદળ સેનાના [illegible] હરિણૈગમેષિ) ને (તીર્થંકર ક્ષત્રિયાણીને પેટે [illegible] જ) આચાર છે એમ માની વર્ષાઋતુના [illegible] પાંચમા પખે આસો વદ તેરસ ૮૨ દિવસ [illegible] ૮૩મા દિવસે કુંડપુરના દક્ષિણ તરફના બ્રાહ્મણ [illegible] ભાગમાંથી ભગવાન મહાવીરના ગર્ભને ઉપાડી કુંડપુરના [illegible] તરફના ક્ષત્રિયવિભાગમાં જ્ઞાતવંશી ક્ષત્રિયોમાંના [illegible] ગોત્રી સિદ્ધાર્થ ક્ષત્રિયની વસિષ્ઠ ગોત્રવાળી ત્રિશલા [illegible] ક્ષત્રિયાણીની કૂખમાં અશુભ પરમાણુઓ કાઢી નાખી તેમની જગાએ શુભ [illegible] દાખલ કરીને મૂકી દીધો અને [illegible] ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ હતો તેને દેવાનંદા બ્રાહ્મણીની [illegible] મૂકી દીધો.[3]

---

૧ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ૫.

૨ મહાવીરે પોતાના આગલા કોઈ જન્મમાં [illegible] કર્યો હતો, તેની શિક્ષારૂપે તેમને બ્રાહ્મણીના પેટમાં રહેવું પડ્યું બાકી તીર્થંકર વગેરે, અંત્ય [illegible] (શૂદ્રાદિકના) અધમકુળોમાં, તુચ્છકુળોમાં [illegible] કૃપણકુળોમાં, ભિક્ષુકકુળોમાં, બ્રાહ્મણકુળોમાં અવતરી શકે જ નહિ. પ્રકરણને અંતે જુઓ ટિપ્પણ ન. ૬.

૩ દેવાનંદાને પણ આવા ગર્ભરત્નની હાનિ થઈ, તેના કારણમાં તેનું પૂર્વ જન્મનું [illegible] બતાવવામાં આવે છે: દેવાનંદા અને ત્રિશલા બન્ને પૂર્વ જન્મમાં જેઠાણી દેરાણી હતાં. તે વખતે દેવાનંદાએ ત્રિશલાના રત્નનો કરંડિયો ચોરી લીધો હતો. માટે આ જન્મમાં આ રત્ન તેને ગુમાવવું પડ્યું.

નવ માસ ઉપર સાડા સાત દિવસ વીત્યા બાદ, ત્રિશલા ક્ષત્રિયાણીએ ઉનાળાના પહેલા મહિનામાં બીજા પખવાડિયામાં, ચૈત્ર સુદ તેરસે સમય ભગવાન મહાવીરને ક્ષેમકુશળપણે જન્મ આપ્યો તે વખતે દેવદેવીઓએ અમૃત ગંધ ચૂર્ણ, પુષ્પ તથા રત્નોની મોટી વૃષ્ટિ કરી તથા ભગવાનનો અભિષેક તિલક, બ્લામ વગેરે કર્યા [1]

જ્યારથી ભગવાન ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખે આવ્યા, ત્યારથી તેમનું કુળ ધન, ધાન્ય, સોનારૂપુ વગેરે થી ઘણી વૃદ્ધિ પામવા લાગ્યું આ વાત તેમના માતપિતાના લક્ષમાં આવતાં તેમણે ના દિવસ પૂરા થયે તથા (નાળ વધેરવા વગેરેની) અશુચિ દૂર થયા બાદ, ઘણું ખાનપાન તૈયાર કરાવી મગાવહાલાંને નિમંત્રણ આપ્યું અને તેમને તથા બીજા યાચકગણને ખૂબ જમાડી કરી બધાને મહાવીરના ગર્ભમાં આવ્યા બાદ થતી કુળની વૃદ્ધિની વાત જણાવી, કુમારનું 'વર્ધમાન' એવું નામ પાડ્યું

ભગવાન મહાવીર માટે પાંચ દાઈઓ રાખવામાં આવી હતી તે આ પ્રમાણે દૂધ ધવરાવનાર સ્નાન કરાવનાર વાઘાઘાલનાર રમાડનાર અને ખોળામાં રાખનાર એ પાંચે ધાત્રીઓ વડે વીંટળાયેલા તથા એક ખોળામાંથી બીજા ખોળામાં જતા એવા ભગવાન જેમ પર્વતની ગુફામાં ચંપક વૃક્ષ વૃદ્ધિ પામે, તેમ પિતાના રમ્ય મહેલમાં અનુક્રમે મોટા થવા લાગ્યા

---

1 મૂળમાં ભગવાનનું કૌતુકકર્મ (તિલક વગેરે મંગળાચાર), ભૂતિકર્મ (રક્ષાબંધન ૬૭), અને તીર્થંકરાભિષેક ના એમ છે

નાન્માવસ્થા પૂરી થતા, સર્વકલાકુશળ એવા મહાવીર ભગવાન અનુત્સુકપણે પાચ પ્રકારના ઉત્તમ માનુષિક કામભોગો ભોગવતા વિહરવા લાગ્યા [૧૭]

ભગવાનનાં આ પ્રમાણે ત્રણ નામ હતાં માતાપિતાએ આપેલું વર્ધમાન, પોતાના વૈરાગ્યાદિ સહજ ગુણોથી મળેલું શ્રમણ, અને ભોગ ભય તથા નગ્નત્વ આદિ મહાદુઃખો સહન કરવાને કારણે દેવોએ આપેલું શ્રમણ ભગવાન મહાવીર

ભગવાનના પિતાનાં પણ ત્રણ નામ હતાં સિદ્ધાર્થ, શ્રેયાંસ, જસંસ (યશસ્વી?) ભગવાનની માતાનાં પણ ત્રણ નામ હતાં ત્રિશલા, વિદેહદિન્ના, પ્રિયકારિણી ભગવાનના કાકાનુ નામ સુપાર્શ્વ હતું મોટાભાઈનું નામ નંદિવર્ધન[2] હતું અને મોટા બહેનનુ નામ સુદર્શના હતુ

---

૧ મૂળમાં 'પરિષહ' શબ્દ છે સ્વીકારેલા ધર્મમાર્ગમાં ટકી રહેવા, અને કર્મબંધનોને ખંખેરી નાખવા માટે જે જે વિપત્તિ સમભાવપૂર્વક સહન કરવી પડે છે તે પરિષહ કહેવાય છે ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નત્વ અરતિ સ્ત્રી નિદ્રા સત્કાર વધ યાચના, અજ્ઞાન વગેરે કુલ ૨૨ પરિષહો ગણાય છે જુઓ ઉત્તરાધ્યયન અ ૨.

૨ તેમનુ લગ્ન તેમના મામા અને વૈશાલીના પ્રધાન અધિપતિ ચેટકની પુત્રી સાથે થયુ હતુ

તેમનુ લગ્ન ક્ષત્રિયકુંડપુરમાં જ થયુ હતુ અને તેમને જમાલિ નામનો પુત્ર હતો તેને મહાવીરની પુત્રી પ્રિયદર્શના વેરે પરણાવ્યો હતો પોતાની પત્ની તથા બીજા પણ અનેક લોકો સાથે તેણે ભગવાન મહાવીર પાસે સંન્યાસ ગ્રહણ કર્યો હતો પરંતુ

ભગવાનની ભાર્યા યશોદા ગૌત્રિય ગોત્રની હતી. તેનાથી ભગવાનને થયેલ પુત્રીના બે નામ હતાં: અનવદ્યા અને પ્રિયદર્શના. ભગવાનની દૌહિત્રી કૌશિક ગોત્રની હતી. તેને પણ બે નામ હતાં: શેષવતી અને યશોમતી. [૧૭૭]

ભગવાનનાં માતપિતા પાર્શ્વનાથના[1] પંથના શ્રમણોના અનુયાયી (ઉપાસક) હતા. તેઓએ ઘણાં વર્ષ શ્રમણોપાસકનો આચાર પાળી અને છ જીવનિકાયના જીવોની રક્ષાને નિમિત્તે, અન્નપાન છોડી દેહત્યાગ કર્યો.[2] ત્યાર બાદ તેઓ અચ્યુત નામના બારમા સ્વર્ગમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં છેલ્લા ઉચ્છ્વાસ વખતે સિદ્ધ બુદ્ધ અને મુક્ત થઈ નિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત લાવશે. [૧૭૮]

પછી મહાવીર સાથે મતભેદ થતાં, તે તેમના સંઘથી જુદો થઈ ગયો અને અનેક વર્ષ મહાવીર વિરુદ્ધ હિલચાલ ચલાવી છેવટે પંદર દિવસના ઉપવાસ કરી મરી ગયો.

૧ મહાવીરની પહેલાંના ૨૩મા જૈન તીર્થંકર. તે ઈ. સ. પૂર્વે ૮૧૭માં બનારસમાં જન્મ્યા હતા.

૨ આ પ્રકારના દેહત્યાગને અપશ્ચિમ મારણાન્તિક સંલેખના કહે છે. અપશ્ચિમ એટલે આખરનું; મારણાન્તિક એટલે મરણ વખતનું; સંલેખના એટલે શરીર અને કષાયોનું સંલેખન – તેમને ક્ષીણ કરવાં તે – તપ. તેનો વિધિ મૂળમાં આ પ્રમાણે છે: પૂર્વે કરેલાં પાપ યાદ કરી, ગુરુ આગળ નિવેદન કરી (આલોચના), તેમની નિંદા કરી, ફરી ન કરવાનો નિશ્ચય કરી (પ્રતિક્રમણ), યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરી, દાભની પથારી પર બેસી, અન્નત્યાગ કર્યો.

ભગવાન મહાવીર[1] ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહી, ગર્ભમાં કરેલી પોતાની પ્રતિજ્ઞા[2] સમાપ્ત થઈ જાણી પોતાના વડીલ બંધુ નંદિવર્ધન વગેરે પાસેથી રજા લઈ હેમંત ઋતુના પહેલા પખવાડિયામાં માગસર વદ દશમીને દિવસે પ્રવ્રજ્યા લેવાનો નિશ્ચય કર્યો.

દીક્ષા લેવાના પહેલાં આખું એક વર્ષ તેમણે આ પ્રમાણે દાન આપ્યા કર્યું: સૂર્યોદય થતાં જ દાન આપવાનું શરૂ કરે, તે ભોજનના સમય સુધીમાં એક કરોડ અને આઠ લાખ સોનામહોરો આપી દે. એ રીતે આખા વર્ષમાં ત્રણસો અઠ્યાસી કરોડ અને એંસી લાખ સોનામહોરો દાનમાં આપી દીધી. તે બધું ધન કુબેરની આજ્ઞાથી વૈશ્રમણ (કુબેર ભંડારી) અને તેના દેવો મહાવીરને પૂરું પાડતા.

પંદર કર્મભૂમિમાં જ ઉત્પન્ન થનાર તીર્થંકરને જ્યારે દીક્ષા લેવાનો સમય નજીક આવે છે, ત્યારે પાંચમા કલ્પ

---

૧ મૂળમાં અહીં મહાવીરના, જ્ઞાતવંશી, વિદેહ, વિદેહદિન્ન (વિદેહદિન્ના ત્રિશલાના પુત્ર), વિદેહજચ્ચ (વિદેહ – ત્રિશલાથી થયું છે શરીર–અર્ચા જેનું), વિદેહસૂમાલ (વિદેહસુકુમાર) એટલા વિશેષણો છે. વિદેહનો અર્થ અહીં અમુક વિશિષ્ટ પ્રકારના બાંધાયુક્ત શરીરવાળા — એવો લેવાય છે, તે ખાસ ધ્યાન માટે આવશ્યક છે.

૨. તેમના જીવતાં સંન્યાસ ન લેવાની.

– મહાવીર ૨૮ વર્ષના થયા ત્યારે તેમનાં માતપિતા મરણ પામ્યાં. ત્યાર પછી મોટાભાઈના આગ્રહથી તે વધુ બે વર્ષ સંસારમાં રહ્યા. આ બે વર્ષ તેમણે નિર્દોષ નિર્જીવ આહાર જ ગ્રહણ કર્યો, ઠંડા સચિત્ત પાણીનો ત્યાગ કર્યો અને પૂર્ણ બ્રહ્મચર્ય પાળ્યું.

બ્રહ્મલોકમાં રહેનારા વિમાનોમાં રહેતા લોકાંતિક દેવો[1] તેમને આવીને કહે છે 'હે ભગવન્ સકળ જગતના જીવોને હિતકર એવું ધર્મતીર્થ તમે પ્રવર્તાવો તે પ્રમાણે ૨૯ મા વર્ષમાં, તે દેવોએ આવી ભગવાનને વિનતિ કરી

વાર્ષિક દાન પૂરું થતાં ત્રીસમે વર્ષે ભગવાને દીક્ષા લેવાની તૈયારી કરી તે વખતે બધા દેવોએ પોતપોતાની તમામ સમૃદ્ધિ સાથે પોતપોતાના વિમાનોમાં બેસી કુંડપુરની ઉત્તરે આવેલા ક્ષત્રિયોના વાસની ઈશાની બાજુએ આવી પહોંચ્યા

પછી હેમંત ઋતુના પ્રથમ મહિને પ્રથમ પક્ષે, માગશર વદ દશમને સુવ્રત નામે દિવસે વિજય નામના મુહૂર્તે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને યોગે છાયા પૂર્વ તરફની તથા બરાબર પુરુષ જેટલી લાંબી થતાં, ભગવાનને શુદ્ધ[2] જળથી સ્નાન કરાવવામાં આવ્યું[3] અને ઉત્તમ

---

[1] તેમની આઠ જાતિઓ છે સારસ્વત આદિત્ય, વહ્નિ અરુણ ગર્દતોય તુષિત અવ્યાબાધ, અને અરિષ્ટ તેઓ વિષયરતિ વિનાના હોવાથી દેવર્ષિ કહેવાય છે તેઓ ત્યાંથી ચ્યુત થઈ મનુષ્યજન્મ લઈ, મોક્ષ પ્રાપ્ત કરે છે

[2] દીક્ષા વખતે તીર્થંકરને કાચા પાણીથી સ્નાન કરાવવાનો આચાર છે પછી જૈન મુનિ સદૈવ ગળાયેલું ઠંડું પાણી વાપરી જ ન શકે

[3] મૂળ સૂત્રમાં, શક્ર દેવે પોતાના પ્રભાવથી (વૈક્રિય સમુદ્ઘાત કરીને) કેવી રીતે મનોહર દેવચ્છંદક (ઘુમ્મટદાર છતવાળું આસન સ્થાન) બનાવ્યું અને મહાવીરને સિંહાસન ઉપર બેસાડી શતપાક અને સહસ્રપાક તેલો વડે અભ્યંગન આદિ કરી સ્નાન તથા વિલેપન

[illegible] જાગા મે વસ્ત્રો તથા આભૂષણો પ[illegible] વામા આવ્યાં [illegible] તેમને [illegible] પ્રભા[illegible] નમની મોટી સુશોભિત પાલખી [illegible] આવી [illegible] ભગવાન નિમ[illegible] શુભ [illegible] તે વખતે તેમને [illegible] વસ્ત્ર ધારણ [illegible] ઉપવાસ કર્યા હતા પછી તેમને [illegible] ક્ષત્રિયાના ઉદ્યાનમાં[2] [illegible] આવ્યા

[illegible] આવી [illegible] પૂર્વાભિમુખ બેસી બધા [illegible] ઉતારી નાખ્યાં[3] તથા પાંચ મૂઠીઓ ભરી [illegible] દર્યા [illegible] અને [illegible] હાથથી [illegible] એમ [illegible] ઉખાડી નાખ્યા[4] પછી સિદ્ધોને નમસ્કાર કરી

કર યા વસ્ત્રાભૂષણ પહેરાવ્યા તથા પછી પોતે જ કેવી રીતે [illegible] પ્રભાવથી [illegible] જાણું [illegible] તેવી [illegible] તથા ચિત્રવિચિત્ર [illegible] નામની શિબિકા બનાવી તેનું વર્ણન છે કલ્પસૂત્રના [illegible] જણાવ્યું છે કે, [illegible] બધી જ [illegible] મનુષ્યોએ [illegible] બધી [illegible] તેથી કશું બેવડાવું નહિ

૧ મૂળમાં [illegible] છે તેનો [illegible] એવો અર્થ પણ થાય આ વસ્ત્રના બીજા વિશેષણો [illegible] જેવા છે [illegible] પણ [illegible] તેવું, ઉત્તમ નગર [illegible] બનેલું કુશળ પુરુષોએ વખાણેલું, [illegible] જેવું [illegible] ઉપર ઉત્તમ કારીગરોએ (ઉકાચારોએ) સોનાની [illegible]

૨ તેમાં જ તેમનું [illegible] નામનું [illegible] હતું

૩ તેમને વૈશ્રમણ દેવે [illegible] ધરી, વસ્ત્રમાં લઈ લીધા, [illegible] મૂળમાં છે

૪ તેમને શક્ર દેવે [illegible] ધરી હીરાના થાળમાં લઈ

'હવેથી હુ કોઈ પણ પાપ નહિ કરુ' એવો નિયમ લઈ, ઉત્તમ ચારિત્રનો[1] સ્વીકાર કર્યો તે વખતે બધા દેવ મનુષ્યો, ચિત્રામણમા ચીતરેલાની પેઠે સ્તબ્ધ બની, જોઈ રહ્યા

ભગવાનને ચારિત્ર[2] લીધા બાદ મનઃપર્યવજ્ઞાન[3] પ્રાપ્ત થયુ તેથી તે મનુષ્યલોકની અંદરના પચેન્દ્રિય અને વ્યક્ત મનવાળા[4] પ્રાણીઓના મનોગત ભાવોને જાણવા લાગ્યા

પ્રવ્રજ્યા લીધા બાદ ભગવાન મહાવીરે મિત્ર જ્ઞાતિ સ્વજન અને સમગ્ર વર્ગને પાછો વિદાય કર્યો અને પોતે એવો નિયમ લીધો 'હવેથી સા ૧૨ સુધી હુ કાયાની સારસભાળ કે મમતા રાખ્યા વિના જે કોઈ વિઘ્નો અને સકટો આવી પડશે તે બધા અડગપણે સહન કરીશ અને તે તે વિઘ્નો નાખનાર પ્રત્યે સમભાવ રાખીશ' આવો

---

1 મૂળમા સામાયિક ચારિત્રનો શબ્દ છે 'સમભાવમા—સામાયિક શુદ્ધ દશામા—સ્થિર રહેવા, બધી અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો, તે સામાયિક ચારિત્ર

2 મૂળમા ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર એવો શબ્દ છે 'ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે, કે જે કર્મના ઉદયમા નહિ આવેલા અંશના ઉપશમથી અને ઉદયમા આવેલા અંશના ક્ષયથી પ્રગટ થાય છે જ્યારે, ઉદયમા આવેલ કે ન આવેલ તમામ કર્મના સબધ અત્યત છૂટી જવાથી થતી આત્માની વિશુદ્ધિ એ ક્ષાયિક કહેવાય

3 મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણે જ્ઞાન તેમને જન્મથી જ પ્રાપ્ત હતા આ બધા જ્ઞાનોની સમજણ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૧

4 આ તથા બીજા વિશેષણોની સમજૂતી માટે જુઓ ટિ ન ૧

નિયમ નહીં. મહાવીર ભગવાન એક મહિનો જેટલો દિવસ બાકી રહ્યા ત્યારે કુમાર ગામ[1] આવી પહોંચ્યા.

ત્યાં આગળ, ભગવાન શરીરની મમતા કરવી છોડી [illegible] પર્યંત સાધનસામગ્રી, તપ, સંયમ, બ્રહ્મચર્ય, ક્ષાંતિ, ત્યાગ, સંતોષ વગેરે બાબતમાં[2] સર્વોત્તમ પરાક્રમ દાખવતા તથા [illegible] ફળવાળા નિર્વાણ–મુક્તિ–માર્ગ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

તે વખતે તે ઉપકાર–અપકાર, સુખ–દુઃખ, લોક–પરલોક, જીવન–મૃત્યુ, માન–અપમાન વગેરેમાં સમબુદ્ધિ રાખતા, સંસારસમુદ્રને પાર કરવા નિરંતર પ્રયત્ન કરતા અને કર્મરૂપી શત્રુનો સમુચ્છેદ કરવામાં તત્પર રહેતા.

---

૧ વૈશાલી (કુંડગ્રામ)થી નાલંદા જતા રસ્તામાં ૧૭–૧૮ માઈલ ઉપર કુરમર ગામ છે. તે કુમાર હોવાનો સંભવ છે.

૨ મૂળમાં નિવાસસ્થાન, વિહાર, સંયમ, ઉપકરણ, સંવર, તપ, બ્રહ્મચર્ય, ક્ષાંતિ, ત્યાગ, સંતોષ, સમિતિ, ગુપ્તિ, સ્થાન, કર્મ વગેરે — એટલી ગણતરી છે. તેમાં, વિહાર એટલે એક જગાએ સ્થિર ન રહેતાં વિચર્યા કરવું તે. સંયમના સત્તર પ્રકાર છે: પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, પાંચ અવ્રતનો ત્યાગ, કામ ક્રોધ માયા લોભ એ ચાર કષાયોનો જય, અને મનવાણી તથા કાયાની વિરતિ. સંવર એટલે જેનાથી કર્મ બંધાય તેવી પ્રવૃત્તિઓ (આસ્રવ)નો નિરોધ કરવો તે. સમિતિ એટલે સમ્યક્ પ્રવૃત્તિ, તેના પાંચ પ્રકાર: કાળજીપૂર્વક ચાલવું, બોલવું, જીવનનિર્વાહ કરવો, વસ્તુઓ લેવી મૂકવી અને અનુપયોગી વસ્તુઓ ફેંકી આપવી. મન વાણી અને કાયાને કુમાર્ગે જતાં રોકવાં તે ગુપ્તિ. સ્થાન એટલે એક ઠેકાણે ઊભા રહેવું.

એ પ્રમાણે વિચરતા ભગવાનને દેવ, મનુષ્ય કે પશુપંખી તરફથી જે જે વિઘ્નો નડ્યા તે બધા તેમણે મનને મેલું થવા દીધા વિના, અવ્યથિત રીતે તથા અદીનપણે સહન કર્યા અને મન-વચન-કાયાને પૂરેપૂરા વશમાં રાખ્યા.

આમ બાર વર્ષ પૂરા થયા ત્યાર બાદ તેરમા વર્ષમાં, ઉનાળાના બીજા મહિનામાં, ચોથા પખવાડિયામાં વૈશાખ સુદ ૧૦ના સુવ્રત નામના દિવસે વિજય નામના મુહૂર્તે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને યોગે છાયા પૂર્વ તરફની તથા પુરુષ જેટલી લાંબી થતાં, જૃંભક નામના ગામની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તર કિનારે, શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમાં વૈયાવત્ત નામના ચૈત્યના ઈશાન ખૂણામાં શાલવૃક્ષની પાસે ભગવાન ગોદોહાસને-ઊંચણ ઊંચા અને માથું નીચે, એ પ્રમાણે-ઉભડક બેસી ધ્યાનમગ્ન અવસ્થામાં તડકો તપી રહ્યા હતા તે વખતે તેમને છ ટંકના નિર્જળા ઉપવાસ થયા હતા, અને શુક્લધ્યાનમાં[1] તેમની સ્થિતિ થઈ હતી તે વખતે તેમને નિર્વાણરૂપ,

---

[1] આખા જગતના ભિન્નભિન્ન વિષયોમાં અસ્થિરપણે ભટકતા મનને કોઈ પણ એક વિષય ઉપર લાવી સ્થિર કરવામાં આવે અને પછી એક વિષય ઉપર સ્થિરતા આવતા છેવટે મન પણ તદ્દન શાંત-નિષ્પ્રકંપ બની જાય, ત્યારે જ્ઞાનના બધા આવરણો વિલય પામી સર્વજ્ઞપણું પ્રગટે છે તે શુક્લ ધ્યાનની છેવટની સ્થિતિ છે તે વખતે શ્વાસપ્રશ્વાસ જેવી સૂક્ષ્મક્રિયાઓ પણ અટકી જઈ આત્મપ્રદેશનું સર્વથા અકંપપણું પ્રગટે છે

સપૂર્ણ[1] પ્રતિપૂર્ણ અવ્યાહત નિરાવરણ અનત અને સર્વોત્તમ એવું કેવળ જ્ઞાન[2] ઉત્પન્ન થયું

હવે ભગવાન અર્હત્[3] જિન કેવલી સર્વજ્ઞ તથા સર્વભાવદર્શી થયા અને દેવ મનુષ્ય અને અસુર વગેરે આખા લોકના વિવિધ ભાવો[4] જાણવા તથા દેખવા લાગ્યા

ભગવાનને કેવળજ્ઞાન થયું, તે વખતે દેવદેવીઓની આવજાથી અતરિક્ષમા ધમાલ મચી રહી પછી ભગવાને પોતાના તેમજ લોકને બરાબર તપાસીને પ્રથમ દેવોને[5] ધર્મ કહી સભળાવ્યો, અને પછી મનુષ્યોને મનુષ્યોમા

૧ સપૂર્ણ એટલે સર્વ વસ્તુઓને જણાવનાર પ્રતિપૂર્ણ એટલે સર્વ વસ્તુઓના સપૂર્ણ ભાવોને જણાવનારુ અવ્યાહત એટલે કશાથી રોકાય નહિ તેવુ અને નિરાવરણ એટલે તમામ આવરણોથી રહિત

૨ અહી જ્ઞાન પ્રથમ પહેલુ મૂકયુ છે, અને દર્શન બીજુ મૂકયુ છે, તેનુ કારણ એ છે કે સામાન્ય મનુષ્યને પહેલુ દર્શન (વસ્તુનુ સામાન્ય ભાન) અને પછી જ્ઞાન (તેનુ વિશેષ જ્ઞાન) થાય છે પરંતુ જ્ઞાનીને પહેલુ જ્ઞાન અને પછી દર્શન થાય છે

૩ અર્હત્ એટલે ત્રિભુવનની પૂજાને યોગ્ય જિન એટલે રાગદ્વેષાદિ ઉપર જય મેળવનાર કેવલી એટલે કેવળજ્ઞાની

૪ મૂળમા તેની વિગતો આમ છે ‘જીવની આ લોકમા આગતિ (આવવુ) ગતિ (જવુ) સ્થિતિ (રહેવુ) કે પરલોકમા દેવ-નરક-ભૂમિમા જન્મવુ કે ત્યાથી આવવુ તેનુ ખાધુ પીધુ કર્યુ કરાવ્યુ ભોગવ્યુ સેવ્યુ બોલ્યુ ચિંતવ્યુ તથા તેના તમામ ગુપ્ત અને પ્રગટ કાર્યો—’

૫ જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૬

ભગવાને ગૌતમાદિ[1] શ્રમણનિર્ગ્રંથોને ભાવનાઓ સાથે પાંચે મહાવ્રત નીચે પ્રમાણે કહી સંભળાવ્યાં

પહેલું મહાવ્રત : સર્વ ભૂત પ્રાણીની હિંસાનો યાવજ્જીવન ત્યાગ કરું છું સ્થૂલ સૂક્ષ્મ સ્થાવર કે જંગમ કોઈ પણ પ્રાણીની મન વચન અને કાયાથી હું જાતે હિંસા નહિ કરું બીજા પાસે નહિ કરાવું કોઈ કરતો હશે તેને અનુમતિ નહિ આપું હું તે પાપમાંથી નિવૃત્ત થાઉં છું તેને નિંદું છું ગ છું[2] અને મારા આત્માને તેમાંથી છૂટો કરું છું

તે મહાવ્રતની આ પ્રમાણે પાંચ ભાવનાઓ છે

૧ લી ભાવના તે નિર્ગ્રંથ કોઈ જંતુને ત્રાસ ન થાય તે રીતે સાવધાનતાપૂર્વક[3] ચાલે કારણ કે બેદરકારીથી ચાલે, તો જીવજંતુની હિંસા થાય

૨ જી ભાવના તે નિર્ગ્રંથ પોતાનું મન તપાસે[4] તેને પાપયુક્ત સદોષ, સક્રિય, કર્મબંધન ઉપજાવનાર તથા પ્રાણીઓના વધ છેદ ભેદ અને કલહ, પ્રદ્વેષ કે પરિતાપ યુક્ત ન થવા દે

૩ જી ભાવના તે નિર્ગ્રંથ પોતાની વાણી તપાસે તથા તેને (ઉપર પ્રમાણે) પાપયુક્ત કે સદોષ તથા કલહ પ્રદ્વેષ અને પરિતાપયુક્ત ન થવા દે

---

૧ મહાવીરના પ્રશિષ્ય જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ ન ૭
૨ નિંદા પોતાની સાખે અને ગર્હા બીજાની સાખે—ટીકા
૩ ચાર હાથ આગળ નજર રાખીને
૪ મૂળમાં 'પરિજ્ઞા' ધાતુ છે તેનો અર્થ પરિભાષામાં 'જાણીને ત્યાગવું' એવો થાય છે

ચોથુ મહાવ્રત . મૈથુનનો યાવજ્જીવન ત્યાગ કરુ છુ દેવ મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુન હું નહિ સેવું બીજા પાસે નહિ સેવડાવુ સેવનારને અનુમતિ નહિ આપુ (વગેરે ઉપર મુજબ)

એ મહાવ્રતની આ પાંચ ભાવનાઓ છે

૧ લી ભાવના તે નિગ્રંથ વારંવાર સ્ત્રી સંબંધી વાતો ન કરે ... ચિત્તની શાંતિનો ભંગ થાય અને શીલથી અને ધર્મથી ભ્રષ્ટ થવાય

૨ જી ભાવના તે નિગ્રંથ સ્ત્રીઓનાં મનોહર અવયવો જુએ ... નહિ

૩ જી ભાવના તે નિગ્રંથ સ્ત્રી સાથે પૂર્વે કરેલી કામક્રીડા યાદ ન કર્યા કરે

૪ થી ભાવના તે નિગ્રંથ પ્રમાણ ... વધારે તેમજ કામોદ્દીપક અન્નપાન ન સેવે

પમી ભાવના તે નિગ્રંથ સ્ત્રી પશુ કે નપુંસકથી સેવાયેલ આસન શયન ન વાપરે

આ રીતે કરે તો તે મહાવ્રત સમ્યગ આચર્યું ગણાય

પાંચમું મહાવ્રત . સર્વ પ્રકારના પરિગ્રહ[1] [આસક્તિ] નો યાવજ્જીવન ત્યાગ કરુ છુ હું થોડી યા ઘણી નાની યા મોટી સચિત્ત કે અચિત્ત એવી કોઈ વસ્તુમાં પરિગ્રહબુદ્ધિ નહિ રાખુ [વગેરે]

---

૧ પરિગ્રહ એટલે પદાર્થમાં રાગબુદ્ધિ જુઓ આગળ તે વ્રતની ભાવનાઓમાં ... કરેલા

તે મહાવ્રતની આ પ્રમાણે પાંચ ભાવનાઓ છે

૧ લી ભાવના તે નિર્ગ્રંથ કાનથી મનોહર શબ્દો સાંભળી તેમાં આસક્તિ રાગ કે મોહ ન કરે તેમજ અણગમતા શબ્દો સાંભળી દ્વેષ ન કરે કારણ કે તેમ કરવાથી ચિત્તની શાંતિનો ભંગ થાય અને કેવળીએ ઉપદેશેલા ધર્મથી ભ્રષ્ટ થવાય

કાનમાં શબ્દ પડતા અટકાવવા શક્ય નથી
પરંતુ તેમાં જે રાગદ્વેષ, તે ભિક્ષુએ ત્યાગવા

૨ જી ભાવના તે નિર્ગ્રંથ આંખથી મોહક રૂપો દેખી તેમાં આસક્તિ વગેરે ન કરે તેમજ અણગમતા રૂપો દેખી દ્વેષ ન કરે

આંખે રૂપ પડતા અટકાવવા શક્ય નથી
પરંતુ તેમાં જે રાગદ્વેષ તે ભિક્ષુએ ત્યાગવા

૩ જી ભાવના તે નિર્ગ્રંથ નાકથી મનોહર ગંધ સૂંઘી તેમાં આસક્તિ ન કરે તેમજ અણગમતા ગંધ સૂંઘી દ્વેષ ન કરે

નાકે ગંધ આવતો અટકાવવો શક્ય નથી
પરંતુ તેમાં જે રાગદ્વેષ તે ભિક્ષુએ ત્યાગવા

૪ થી ભાવના તે નિર્ગ્રંથ જીભથી મનગમતા સ્વાદ ચાખી તેમાં આસક્તિ ન કરે તેમજ અણગમતા સ્વાદ ચાખી દ્વેષ ન કરે

જીભે સ્વાદ આવતો અટકાવવો શક્ય નથી
પરંતુ તેમાં જે રાગદ્વેષ, તે ભિક્ષુએ ત્યાગવા

પની ભાવના તે નિર્ગ્રંથ મનગમતા સ્પર્શ અનુભવી તેમાં આસક્તિ ન કરે તેમજ ન ગમતા સ્પર્શ અનુભવી દ્વેષ ન કરે

ચામડીથી સ્પર્શ થતા અટકાવવો શક્ય નથી
પરંતુ તેમાં જે રાગદ્વેષ તે ભિક્ષુએ ત્યાગવા

આટલું તો તે મહાવ્રત સમ્યગ્ આચર્યું કહેવાય

આ પાંચ મહાવ્રતો અને તેમની પચીસ ભાવનાઓથી યુક્ત એવો સદાચારી ભિક્ષુ શાસ્ત્ર આચાર અને માર્ગ અનુસાર તેમને બરાબર પાળી જ્ઞાનીઓની આજ્ઞાનો આરાધક બનો સાચો ભિક્ષુ બને છે [૧૭૯]

ટિપ્પણો

ટિપ્પણ ન ૧ જૈનો જ્ઞાનના પાંચ પ્રકાર માને છે મતિ શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ તેમાંના પહેલાં બે પરોક્ષ છે કારણ કે તે જ્ઞાન થવાના પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મનની મદદની જરૂર રહે છે જ્યારે છેલ્લા ત્રણ ઇન્દ્રિય-મનની મદદ વિના જ આત્માની યોગ્યતાના બળથી ઉત્પન્ન થતા હોવાથી પ્રત્યક્ષ છે **મતિજ્ઞાન** એટલે પાંચ ઇન્દ્રિયો અને મન વડે થતું જ્ઞાન **શ્રુતજ્ઞાન** એટલે શાસ્ત્ર વગેરે સાધનદ્વારા થતું જ્ઞાન મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ફેર એટલો છે કે, મતિજ્ઞાન વિદ્યમાન વસ્તુમાં પ્રવૃત્ત થાય છે, અને શ્રુતજ્ઞાન ત્રૈકાલિક વિષયોમાં પ્રવૃત્ત થાય છે ઉપરાંત મતિજ્ઞાનમાં શબ્દોલ્લેખ નથી હોતો અને શ્રુતજ્ઞાનમાં હોય છે **અવધિજ્ઞાન** એટલે ઇન્દ્રિયો અને મનની મદદ વિના જ આત્માની યોગ્યતાના

અગથી યનુ, સમગ્ર લોક સુધીના રૂપી મૂત દ્રવ્યોનુ જ્ઞાન અલ્પમત, ગ્રા જ્ઞાન વસ્તુના સમગ્ર ભાવો નથી જ જાણી શકતુ **મન-પર્યવજ્ઞાન** એટલે સજ્ઞી પચેન્દ્રિય પર્યાપ્ત, અને વ્યક્ત મનવાળા પ્રાણીઓના માનસિક ચિંતનોનુ જ્ઞાન અવધિજ્ઞાન આખા લોક સુધીના સર્વ પુદ્ગલદ્રવ્યનુ ગ્રહણ કરી શકે છે પણ મન પર્યવજ્ઞાન મનરૂપ બનેલા પુદ્ગલ – અને તે પણ માનુષોત્તર ક્ષેત્રની અદરના – જાણી શકે છે આમ એનો વિષય અવધિજ્ઞાન કરતા અત્યત અલ્પ છે પણ પોતાના વિષયની સૂક્ષ્મતાઓ તે વિશેષ પ્રમાણમા જાણતુ હોવાથી તેના કરતા વિશુદ્ધતર છે તેના કેટલાક વિશેષણોની વિશેષ સમજૂતી નીચે પ્રમાણે છે હિત-પ્રાપ્તિ અને અહિતપરિહાર માટે ગુણદોષની વિચારણા તે સજ્ઞા તેની વિચારણા કરી શકે તેવુ પુદ્ગલ (ભૌતિક), દ્રવ્ય મન તે 'વ્યક્ત મન' આ વિશેષણ આપવાનુ કારણ એ છે કે દરેક ઇન્દ્રિય ભાવ અને દ્રવ્ય એમ બે રૂપે હોય છે ભાવઇન્દ્રિય એટલે તે પ્રકારની આત્માની શક્તિ અને દ્રવ્યઇન્દ્રિય એટલે એ શક્તિ જેને આધારે કામ કરી શકે, એવી પરમાણુની બનેલી વસ્તુ પર્યાપ્ત એટલે કે આહાર, શરીર ઇન્દ્રિય, પ્રાણાપાન ભાષા અને મન એ છ પર્યાપ્તિઓમાથી પોતપોતાની યોનિ અનુસાર બધી પર્યાપ્તિઓ જેણે પ્રાપ્ત કરી હોય તેવુ **કેવળજ્ઞાન** એ સર્વ વસ્તુઓ અને સર્વ ભાવોનુ સપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન છે ઉપરના ચારે જ્ઞાનો ગમે તેટલા શુદ્ધ હોય, છતા ચેતના-શક્તિના અપૂર્ણ વિકાસરૂપ હોવાથી એક પણ વસ્તુના સમગ્ર ભાવોને જાણવાને અસમર્થ હોય છે એવો નિયમ છે કે જે જ્ઞાન કોઈ એક વસ્તુના સપૂર્ણ ભાવોને જાણી શકે, તે બધી વસ્તુના સપૂર્ણ ભાવોને પણ ગ્રહણ કરી શકે અને એ જ જ્ઞાન પૂર્ણ કહેવાય છે તે જ્ઞાન વખતે બીજા જ્ઞાનો નથી રહેતા કારણ કે ઉપરની ચાર જ્ઞાનશક્તિઓ આત્માના સ્વાભાવિક નથી પણ કર્મના આવરણ અનુસાર આવેલી છે જ્યારે, કેવળજ્ઞાન તો કર્મનુ આવરણ સર્વથા દૂર થયા બાદ

યત હોવાથી કર્મજન્ય વ્યાપાધિક ગતિઓનો અવકાશ જ રહ્યો નથી

ટિપ્પણ નં ૨ જૈનો કાળચક્રના બે ભાગ પાડે છે એક નીચે જતો, અને એક ઉપર જતો પહેલો તે અવસર્પિણી અને બીજો તે ઉત્સર્પિણી તે દરેક ભાગ ૧૦×(૧ કરોડ×૧ કરોડ) સાગર વર્ષનો બને છે અને તે દરેકના છ ભાગ છે તે આરા કહેવાય છે અવસર્પિણીના છ આરા આ પ્રમાણે છે સુખમાસુખમા, સુખમા દુખમા સુખમા દુખમાસુખમા, દુખમા દુખમા દુખમા. ઉલટાથી ગણતા તે ઉત્સર્પિણીના આરા છે એટલે કે અવસર્પિણીમા સુખ વગેરે ઘટતા જાય છે અને ઉત્સર્પિણીમા વધતા જાય છે

સાગર વર્ષની ગણતરી આ પ્રમાણે છે એ હજાર કોસનુ એક યોજન એવો ૧ યોજન પહોળો અને ૧ યોજન ઊંડો ખાડો હોય તેને ઉત્તર ભોગભૂમિમા થતા તથા જેને જન્મે ૭ દિવસ થયા છે એવા ઘેટાના વાળ કે રૂના ટુકડા સુવાળા છે તેવા કાતરીને તેના વડે ઠોકીને ભરે પછી દર સો વર્ષે એમાથી વાળનો એક ટુકડો કાઢે એ રીતે આખો ખાડો ખાલી થતા જે સમય લાગે, તે વ્યવહાર પલ્ય કહેવાય એવા અસંખ્ય વ્યવહાર પલ્યનો એક અદ્ધાપલ્ય થાય તેવા ૧૦×(૧ કરોડ ×૧ કરોડ) અદ્ધાપલ્યનો એક સાગર થાય

અવસર્પિણીના છ આરાનુ માપ આ પ્રમાણે છે

પહેલો આરો ૪×(૧ કરોડ ×૧ કરોડ) સાગર વર્ષ
બીજો આરો ૩×( ) ,
ત્રીજો આરો ૨×(,, ,)
ચોથો આરો ૧×(, ,,) ,
પાચમો આરો ૨૧૦૦૦ વર્ષ
છઠ્ઠો આરો ૨૧૦૦૦ વર્ષ

ટિપ્પણ નં ૩ જૈનોની માન્યતા પ્રમાણે દેવની ચાર જાતિઓ છે ભવનપતિ (અસુર નાગ વગેરે) વ્યંતર (કિન્નર, ગાંધર્વ,

યક્ષ, ભૂત, પિશાચ વગેરે) જ્યોતિષ્ક (સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે), અને વૈમાનિક વૈમાનિક દેવો એ પારિભાષિક નામ છે કારણ કે બીજા વર્ગોના દેવોને પણ વિમાન હોય છે વૈમાનિકોના બે ભેદ છે કલ્પોપપન્ન અને કલ્પાતીત સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ બાર કલ્પો છે તેમાં રહેનારા કલ્પોપપન્ન કહેવાય છે તેમની ઉપર ૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવવિમાનો છે તેમની ઉપર મુક્ત જીવોનું સિદ્ધક્ષેત્ર છે સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, અંતઃકરણની વિશુદ્ધિ, ઇન્દ્રિયવિષય અને અવધિવિષયમાં ઉપર ઉપરના દેવો અધિક હોય છે અને ગતિ, શરીર, પરિગ્રહ તથા અભિમાનમાં ઉપર ઉપરના દેવો હીન હોય છે ગતિ ઓછી હોવાનું કારણ, ઉપરઉપરના દેવોમાં ઉત્તરોત્તર મહાનુભાવતા અને ઉદાસીનતા અધિક હોવાથી તેમની દેશાંતર વિષયક ક્રીડા કરવાની રતિ ઓછીઓછી થતી જાય છે, એ છે

ટિપ્પણ નં ૪ જૈનોની માન્યતા પ્રમાણે લોકના અધો, મધ્યમ અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ છે અધોલોક અને ઊર્ધ્વ-લોકમાં અનુક્રમે નારકીઓ અને દેવોનાં સ્થાન છે મધ્યલોકમાં મનુષ્ય વગેરેનાં સ્થાન છે તેમાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો છે તે ક્રમથી દ્વીપની આસપાસ સમુદ્ર અને સમુદ્રની આસપાસ દ્વીપ, એ રીતે ગોઠવાયેલા છે અને તેમની રચના ઘંટીના પડ અને થાળા જેવી છે જંબુદ્વીપ બધાની મધ્યમાં હોવાથી તેનો આકાર થાળી જેવો છે ત્યારે, બીજા બધા દ્વીપો ચૂડી જેવા છે

જંબુદ્વીપને સાત ક્ષેત્રો (વર્ષ, વશ, વાસ્ય) માં વહેંચી નાખવામાં આવ્યો છે પહેલું ક્ષેત્ર ભરત છે તેની ઉત્તરે અનુક્રમે હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હિરણ્યવત અને ઐરવત ક્ષેત્રો આવેલાં છે તે સાતેને એક બીજાથી જુદા પાડનાર છ પર્વતો છે તે વર્ષધર કહેવાય છે તેમનાં નામ અનુક્રમે હિમવાન, નિષધ, નીલ, રુક્મી અને શિખરી છે

કોઈએ પ્રતિબોધ પામી, વ્રત અંગીકાર કર્યાં નહિ. તીર્થંકરનો ઉપદેશ ખાલી જાય, એ એક આશ્ચર્ય ગણાય છે. આ અવસર્પિણીમાં એવાં દશ આશ્ચર્યો બન્યાં છે. તેમાંના મહાવીરના જીવનને લગતાં બીજાં આશ્ચર્યો આ છે: કેવળજ્ઞાન થયા પછી કેવળીને ઉપસર્ગ – સંકટ – હોય નહિ, પણ મહાવીરને મારવા ગોશાલે તેજોલેશ્યાનો પ્રયોગ કર્યો હતો. કોઈ તીર્થંકરને ગર્ભ બદલવા પડતા નથી, પણ મહાવીરને બદલવો પડ્યો હતો. સૂર્યચંદ્ર પોતાનાં મૂળ વિમાનો સાથે મહાવીરને કૌશાંબીમાં વંદન કરવા આવ્યા હતા. અને મહાવીરના શરણના પ્રભાવથી ભુવનપતિ દેવોમાંનો ચમરેંદ્ર સૌધર્મ દેવેંદ્રનો નાશ કરવા, ઉપલા દેવલોકમાં જઈ ગયો હતો અને હાર્યા છતાં જીવતો રહી શક્યો હતો.

ટિપ્પણ નં. ૭ અપાપા નગરીમાં સોમિલ બ્રાહ્મણે યજ્ઞ કર્યો હતો, અને તેમાં તેણે યજ્ઞકર્મમાં કુશળ ગણાતા ગૌતમ, સુધર્મા વગેરે ૧૧ દ્વિજોને બોલાવ્યા હતા. યજ્ઞ ચાલતો હતો તે વખતે મહાવીર તે ગામમાં આવ્યા. તેથી દેવો યજ્ઞમાં ન જતાં તેમનો ઉપદેશ સાંભળવા ગયા. તેથી ગુસ્સે થઈ, ગૌતમ વગેરે મહાવીરને હરાવવા તેમની પાસે ગયા અને જાતે જ હારી બેઠા. વધુ માટે જુઓ 'મહાવીરસ્વામીનો સંયમધર્મ', પા. ૩ તથા ૨૮૦

૧૬

વિમુક્તિ[1]

પવનમ અવ ગ ની પુરુષન આ ઉપદેશ માણીને આત્મ ત્યા ન કાઉઅ ક ચર અતિમા જાણી અનિત્ય વા ા નજ પાન છે અમ વિચારી ડાહ્યો પુરુષ ધ નુ બધન છેદી ક ે સંયુક્ત પ્રવૃત્તિઓ અને (તેમના કારણ રૂપ) આસક્તિના નિભયપણે ત્યાગ કરે

તે પ્રકાર ધ મા ની આસક્તિનો તથા અનંત રૂવે ની હિંસાનો ત્યાગ કરી સંયમ એવા ભિક્ષાચર્યાથી વિચરતા વિજ્ઞાન ભિક્ષુને મિથ્યાદૃષ્ટિ લોકો સંગ્રામમા હાથીને બાણોથી વાધે તેમ કડવા વચનોથી વીંધે છે તથા બીજા ઉપદ્રવો કરે છે તેવે પ્રકારે કઠોર શબ્દો અને દુ ખોથી પીડાતા છતા તે જ્ઞાની મનને કલુષિત થવા દીધા વિના તે સઘળુ સહન કરે અને ગમે તેવા પવનમા અકપ હતા પર્વતની પેઠે અડગ રહે

---

૧ આ છેલ્લુ અધ્યયન સોથી ચૂલા કહેવાય છે

ભિક્ષુ સુખદુઃખમાં સમભાવ રાખી, નાની મુરુઓની સોબતમાં રહે અને અનેક પ્રકારના ...ોથી દુઃખી એવા સ્થાવર, જંગમ પ્રાણીઓને પોતાની કોઈ પણ ક્રિયાથી પરિતાપ ન આપે એ પ્રમાણે કરનારો તથા પૃથ્વીની પેઠે બધું સહી લેનારો મહા મુનિ ઉત્તમ શ્રમણ કહેવાય છે

ઉત્તમ ધર્મપદને અનુસરનારા તૃષ્ણારહિત ધ્યાન અને સમાધિથી યુક્ત તથા અગ્નિની જ્વાળા જેવા તેજસ્વી — એવા તે વિદ્વાન ભિક્ષુના તપ પ્રજ્ઞા અને યશ વૃદ્ધિ પામે છે

સર્વ દિશાઓમાં ક્ષેમકર મહામોટા નિષ્કિંચન[1] કર્નારા તથા અંધારાને દૂર કરી તેજની પેઠે ત્રણે બાજુએ[2] પ્રકાશનારા મહાવ્રતો, સર્વજ્ઞ રક્ષણ કરનારા અનંત જિને પ્રગટ કર્યાં છે

બધા બંધાયેલાઓમાં તે ભિક્ષુ અબદ્ધ થઈને વિચરે, સ્ત્રીઓમાં આસક્ત ન થાય, અને સત્કારની અપેક્ષા ન રાખે આ લોક તથા પરલોકની આશા ત્યાગનારો તે પંડિત કામ-ગુણોમાં ફસાય નહિ

એ પ્રમાણે કામગુણોથી મુક્ત થઈ વિવેકપૂર્વક આચરણ કરતા તે ધૃતિમાન તથા સહનશીલ ભિક્ષુના, પૂર્વે કરેલા બધા પાપકર્મ, અગ્નિથી ચાંદીનો મેલ દૂર થઈ જાય તેમ દૂર થઈ જાય છે વિવેકજ્ઞાનને અનુસરનારો, આકાંક્ષા વિનાનો અને મૈથુનથી ઉપરત થયેલો તે બ્રાહ્મણ, જેમ

---

૧ મૂળ નિ...કર, — સર્વ કર્મો તથા મળને દૂર કરનારા
૨ ઉપર નીચે અને મધ્યમાં

सुभाषितो

अणेगचित्ते खलु अयं पुरिसे से केयणं अरिहइ पूरित्तए ।
(३ ११३)

જગતના લોકોની કામનાનો પાર નથી તેઓ ચાળણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે

कामा दुरतिक्कमा, जीवियं दुप्पडिवूहगं, कामकामी खलु अयं पुरिसे, से सोयइ जूरइ तिप्पइ परितप्पइ (२ ९२)

કામો પૂર્ણ થવા અશક્ય છે અને જીવિત વધારી શકાતું નથી કામકામી મનુષ્ય શોક કર્યા જ કરે છે, તથા ઝૂર્યા કરે છે

आसं च छंदं च विगिंच धीरे ! तुमं चेव तं सल्लमाहट्टु, जेण सिया तेण नो सिया । (२ ८४)

[illegible] તુ [illegible] [illegible] તે બેનુ [illegible] [illegible] ખનુ સાધન [illegible] છે

[illegible] तुमंपि तेसिं नालं [illegible] सरणाए वा । [illegible] दुक्खं पत्तेयं सायं अणभिक्कंतं [illegible] वयं [illegible] [illegible] सोयपरिण्णाणेहिं अपरिहायमाणेहिं आयट्ठं सम्मं समणुवासिज्जासि—त्ति बेमि । (२ ६८-७२)

[illegible] વિષયભોગો [illegible] રક્ષણ [illegible] નથી તેમજ [illegible] કરી [illegible] નથી [illegible] તેમને બચાવી શકતો [illegible] પોતાના સુખ દુ:ખ [illegible] જ ભોગવવા પડે છે [illegible] સુધી પોતાની ઉમર હજુ મૃત્યુથી ઘેરાઈ નથી તથા [illegible] ઇંદ્રિયાનુ [illegible] તેમજ પ્રજ્ઞા સ્મૃતિ મેધા વગેરે કાયમ છે ત્યા સુધી અવસર ઓળખી, ડાહ્યા પુરુષે પોતાનુ કલ્યાણ સાધી લેવુ જોઈએ

विमुत्ता हु ते जणा, जे जणा पारगामिणो । लोभं अलोभेण दुगुञ्छमाणे लद्धे कामे नाभिगाहइ । (२ ७४)

જેઓ કામગુણોને ઓળગી જાય છે તેઓ ખરેખર મુક્ત છે અકામથી કામને દૂર કરતા તેઓ, પ્રાપ્ત થયેલા કામગુણોમા પણ ખૂચતા નથી

सयय मूढ धम्म नाभिजाणइ। उयाहु वीरे अप्पमाओ महामोहे। अल कुसलस्स पमाएण सतिमरण सपेहाए, भेउरधम्म सपेहाए (२ ८४)

કામભોગોમા સતત મૂઢ હોતો માણસ ધર્મને ઓળખી શકતો નથી વીર ભગવાને કહ્યુ છે - તે મહા મોહમા બિલ્કુલ પ્રમાદ ન કરવો શાતિના સ્વરૂપનો અને મરણનો વિચાર કરીને, તથા શરીરને નાશવત જાણીને કુશળ પુરુષ કેમ પ્રમાદ કરે?

सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा, पियजीविणो, जीविउकामा, सव्वेसिं जीविय पिय। सएग निप्पमाएण पुढो वय पकुव्वइ, जसिमे पाणा पव्वहिया, पडिलेहाए नो निकरणाए, एस परिन्ना पवुच्चइ, कम्मोवसन्ती। से स समुज्झमाणे आयाणाय, समुट्ठाय तम्हा पावकम्म नेव कुज्जा न कारवेज्जा। (२ ८०,९६-७)

બધા પ્રાણોને આયુષ્ય અને સુખ પ્રિય છે, તથા દુખ અને વધ અપ્રિય તથા પ્રતિકૂળ છે તેઓ જીવિતની કામનાવાળા અને જીવિતને પ્રિય માનનારા છે બધાને જીવિત પ્રિય છે પ્રમાદને લીધે પ્રાણોને અત્યાર સુધી જે વ્યથા આપી છે તેને બરાબર સમજીને, ફરીથી તેવુ ન કરવુ, તેનુ નામ ખરી સમજ છે અને એ જ કર્મોની ઉપશાતિ છે ભગવાને આપેલી આ સમજને સમજતો અને સત્ય માટે ઉદ્યમવત થયેલો મનુષ્ય કોઈ પણ પાપકર્મ કરે

નહિ ` ક વે નહિ (પરમ કે પાપકમ માત્રમા કોઈને કોઈ જીવનમૅની હિસા ક ભેદ હેના જ)

से मेहावी जे अणग्घायणस्स खेयन्ने, जे य बंधपमोक्खमन्नेसी (५ १०२)

જે અહિંસામા કુશળ છે અને જે બંધથી મુક્તિ મેળવવાની તત્પરમા હે છે, તે સાચો બુદ્ધિમાન છે

जं पमत्ते गुणट्ठिए, से हु दण्डे पवुच्चइ त परिनाय मेहावी, 'इयाणिं नो जमहं पुव्वमकासी पमाएण'। (१ ३४-६)

પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમા આસક્તિ એ જ હિંસા છે માટે બુદ્ધિમાને પ્રમાદથી જે મે પહેલુ કર્યું, તે હવેથી નહિ કરું એવો નિશ્ચય કરવો જોઈએ

पहू य एजस्स दुगुन्छणाए। आयवंदसी 'आहय' ति नच्चा॥
जे अज्झत्थं जाणइ, से बहिया जाणइ, जे बहिया जाणइ, से अज्झत्थ जाणइ एय तुल्लं अन्नेसिं । इह सन्तिगया दविया नावकंखन्ति जीविउं । (१ ५५ ७)

માણસ વિવિધ પ્રાણોની હિસામા પોતાનું જ અનિષ્ટ જોઈ શકે છે તે તેનો ત્યાગ કરવા સમર્થ થઈ શકે છે

જે માણસ પોતાનું દુખ જાણે છે તે બહારનાનું દુખ જાણે છે અને જે બહારનાનું જાણે છે તે પોતાનુ

દુખ પણ જાણે છે શાંતિને પામેલા સંયમીઓ બીજાની હિંસા કરીને જીવવા નથી ઇચ્છતા

से वेमि—न य मय लाग अभाटक्खना, नेव अत्ताण अभाटक्खज्जा । जे लोग अभाटक्खइ, से अत्ताण अभाटक्खइ, जे अत्ताण अभाटक्खइ, स लाग अभाटक्खइ । (१ ७२)

મનુષ્યે અન્ય જીવોની બાબતમા બેદરકાર ન રહેવુ જે અન્ય જીવની બાબતમા બેદરકાર રહે છે તે પોતાની બાબતમા પણ બેદરકાર રહે છે તથા જે પોતાની બાબતમા બેદરકાર રહે છે તે અન્ય જીવની બાબતમા પણ બેદરકાર રહે છે

जे गुण से आवट्टे जे आवट्टे से गुण उड्ढ अह तिरिय पाईण पासमाण रूवाइ पासइ, सुणमाणे सद्दाइ सुणइ, उड्ढ अह तिरिय पाईण मुच्छमाण रूवेसु मुच्छइ सद्देसु यावि । एथ अगुत्त अणाणाए । एस लाए वियाहिए पुणो पुणो गुणासाए वक्रसमायारे पमत्ते गारमावसे । (१ ४० ४)

હિંસાના મૂળરૂપ જે કામગુણો જ સંસારના હેતુ છે સંસારના હેતુ છે તે કામગુણોનુ બીજુ નામ જ છે બધી બાજુ અનેક પ્રકારના રૂપો જોતા અને શબ્દો સાભળતો મનુષ્ય, તે બધામા આસક્ત થાય છે તેનુ નામ જ સંસાર છે એવો માણસ મહાપુરુષોને બતાવેલે માર્ગે ચાલી શકતો નથી પરંતુ, ફરીફરીને કામગુણોનો આસ્વાદ લેતો હિંસાદિ વક્રપ્રવૃત્તિઓ કરતો પ્રમાદપૂર્વક ઘરમા જ મૂર્છિત રહે છે

जे पज्जवजायसत्थस्स खेयन्न, से असत्थस्स खेयन्न, जे असत्थस्स खेयन्न, से पज्जवजायसत्थस्स खेयन्न। (३ १०९)

જે મનુષ્ય શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને જાણવામાં કુશળ છે તે અહિંસાને સમજવામાં કુશળ છે અને જે અહિંસાને સમજવામાં કુશળ છે તે શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને સમજવામાં કુશળ છે

समय परिजाणओ समारं परिन्नाण भवइ, समय अपरिजाणओ समारं अपरिन्नाण भवइ (५ १४३)

વિષયાના સ્વરૂપને જે મનુષ્ય જાણે છે તે સમારંભને બરાબર જાણે છે અને જે વિષયોનું સ્વરૂપ નથી જાણતો તે સમારંભનું સ્વરૂપ પણ નથી જાણતો

से सुय च मे अज्झत्थ च मे ।
बंधप्पमोक्खो तुज्झत्थेव ॥ (५ १५०)

से सुपडिबुद्ध सूवणीय ति नचा पुरिसा ! परमचक्खू विप्परक्कम एएसु चेव बम्भचेर ' ति बेमि ।

મેં સાંભળ્યું છે અને મને અનુભવ છે કે બંધનથી છૂટા થવું એ તારા જ હાથમાં છે માટે જ્ઞાનીઓ પાસેથી સમજ પ્રાપ્ત કરીને, હે પરમચક્ષુવાળા પુરુષ! તું પરાક્રમ કર એનું જ નામ બ્રહ્મચર્ય છે એમ હું કહું છું

इमेण चेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ? जुद्धारिहं खलु दुल्लहं । (५ १५३)

હે ભાઈ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું? એના જેવી યુદ્ધને લાયક બીજી વસ્તુ મળવી દુર્લભ છે

पुरिसा! तुममेव तुम-मित्त, किं बहिया मित्तमिच्छसि?
पुरिसा! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमोक्खसि।
(३ ११७–८)

હે ભાઈ! તું જ તારો મિત્ર છે. બહાર કેમ મિત્ર શોધે છે? તારી પોતાની જાતને નિગ્રહમાં રાખ, તો બધાં દુઃખોમાંથી મુક્ત થઈ જઈશ.

सव्वओ पमत्तस्स भय, सव्वओ अप्पमत्तस्स नत्थि भय।
(३ १२३)

પ્રમાદીને બધે પ્રકારે ભય છે અપ્રમાદીને કોઈ પ્રકારે ભય નથી

स आरुस्तु न निहे, न निक्खिवे, जाणित्तु धम्म जहातहा।
दिट्ठेहिं निव्वेय गच्छेज्जा, नो लोगस्सेसण चरे॥ (४ १२०)

ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને સ્વીકારીને મૂકી ન દેવો, પણ પ્રાપ્ત થયેલા ભોગપદાર્થોમાં વૈરાગ્ય પામી, લોકપ્રવાહને અનુસરવું નહિ

इहागम परिन्नाय अप्पमत्तो परिव्वए। निट्ठियट्ठी वीरे
आगमेण सया परक्कमेज्जासि—त्ति बेमि॥ (५ १६८)

જગતમાં જ્યાં ત્યાં આગમ દ્વારા સમજીને ત્યાંથી દૃષ્ટિ હટાવીને સંયમી પુરુષે ... વિચરવું

જે પાનાના કાર્યો સાધવા ઇચ્છે છે તેવા વીર પુરુષે હમેશા નાનીના અ[illegible] પ્રમાણે પરાક્રમ કરવું એમ હું કહું છું

नायस्स वियावाए एस सयानसीन विग्राहिए । स द्दु पारगमे मुणी ।

अविहम्ममाणे फलगावयट्ठी कालोवणीए कंखेज्ज कालं जाव सरीरभेउ-त्ति बेमि ॥ (६ १९६)

સયમીન શરીર રહેના સુધી ઘુમગ્રામને મોખરે ત્રુત્રના [illegible] વી પુરુષની [illegible] સમા અ[illegible] છે એવા જ મુનિ પારગામી થઈ ય છે કાઈ પણ પ્રમારના કષ્ટથી ન ડગતો અને વહેરવા છતા પાટિયાની જેમ સ્થિર રહેનો તે સયમી, શરીરના ભેદ સુધી કાળની વાટ જેયા કરે પણ અભરાઈ પાછો ન હટે એમ હું કહું છું

न सक्का फासमवएउ फासविसयमागय । रागदोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए (अ० १६)

ઇંદ્રિયોના સ સંધમાં આવેના વિષયને ન અનુભવવો એ શક્ય નથી પરંતુ તેમાં જે રાગદ્વેષ તેનો ભિક્ષુ ત્યાગ કરે

उद्देसो पासगस्स नत्थि । कुसले पुण नो बद्धे नो मुक्के । से ज्जं च आरभे जं च नारभे । अणारद्धं च नारभे । छणं छणं परिनाय लोगसन्नं च सव्वसो । (२ १०३)

જે જ્ઞાની છે તેને માટે કશો ઉપદેશ નથી કુશળ પુરુષ કાંઈ કરે અથવા ન કરે તેથી તે બદ્ધ પણ નથી

અને મુક્ત પણ નથી તોપણ લોકરુચિને બધી રીતે બરાબર સમજીને, અને સમયને ઓળખીને, તે કુશળ પુરુષ પૂર્વેના મહાપુરુષોએ ન આચરેલા કર્મો આચરતો નથી

जमिणं अन्नमन्न–वितिगिच्छाए पडिलेहाए न करेइ पावं कम्मं किं तत्थ, मुणी कारणं सिया ? समयं तत्थुवेहाए अप्पाणं विप्पसायए । (३ ११५)

અરસપરસની શરમથી કે ભયથી પાપકર્મ ન કરનાર શું મુનિ કહેવાય ? ખરા મુનિ તો સમતાને બરાબર સમજીને પોતાના આત્માને નિર્મળ કરનારા હોય છે

अणगारं उज्जुकडं, नियागपडिवन्नं अमायं कुव्वमाणं वियाहिए । जाए सद्धाए निक्खंतो, तमेव अणुपालिया, वियहित्तु विसोत्तियं पणया वीरा महावीहिं । (१ १८-२०)

જે સરળ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય તે જ સાચો અનગાર છે જે શ્રદ્ધાથી માણસ ગૃહત્યાગ કરે, તે જ શ્રદ્ધાને શંકાઓ અને આસક્તિ છોડી હંમેશા ટકાવી રાખવી જોઈએ વીર પુરુષો એ મહામાર્ગે જ ચાલેલા છે

उवसमाणं कुसलेहिं सवंमे,
अकसाइ वियणगिद्धी सद्दरूवेसु अमुच्छिए झाइ ।
छउमत्थो वि परक्कममाणो न पमायं सइं पि कुव्वित्था ॥

उवरमाण कुसलेहिं सव्वे,
अक्कन्तुक्खी तसथावरा दुहा ।
अलूसए सव्वसहे महामुणी,
तहा हि से सुस्समणे समाहिए ॥ (अ० १६)

સુખદુઃખમાં સમભાવ રાખી, જ્ઞાની પુરુષોના સંગમાં રહેવું, અને અનેક પ્રકારનાં દુઃખથી દુઃખી એવા સ્થાવર-જંગમ પ્રાણીઓને પોતાની કોઈ પણ ક્રિયાથી પરિતાપ ન આપવો. આમ કરનારો તથા પૃથ્વીની પેઠે બધું સહી લેનારો મહા મુનિ ઉત્તમ શ્રમણ કહેવાય છે.

सिउ नए धम्मपय अणुत्तर,
विणीयतण्हस्स मुणिस्स झायओ ।
समाहियस्सऽग्गिसिहा व तयसा,
तवो य पन्ना य जसो य वड्ढइ ॥ (अ० १६)

ઉત્તમ ધર્મપદને અનુસરનાર, તૃષ્ણારહિત ધ્યાન અને સમાધિયુક્ત તથા અગ્નિની શિખા જેવા તેજસ્વી એવા તે વિદ્વાન ભિક્ષુના તપ, પ્રજ્ઞા અને યશ વૃદ્ધિ પામે છે.

तहा विमुक्कस्स परिन्नचारिणो,
धिईमओ दुक्खसहस्स भिक्खुणो ।
विसुज्झई जसि मलं पुरेकडं
समीरियं रुप्पमलं व जोइणा ॥ (अ० १६)

એ પ્રમાણે કામગુણોમાંથી મુક્ત થઈ વિવેકપૂર્વક આચરણ કરતા તે ધૃતિમાન અને સહનશીલ ભિક્ષુનાં પૂર્વે કરેલાં તમામ પાપકર્મ અગ્નિથી જેમ ચાંદીનો મેલ દૂર થઈ જાય તેમ સાફ થઈ જાય છે.

इमंमि लोए परए य दोसुवि,
न विज्जइ बंधणं जस्स किंचिवि ।
से हु निरालंबणमप्पइट्ठिए,
कलंकलीभावपहं विमुच्चई त्तिबेमि ॥ (अ० १६)

આ લોક અને પરલોક બન્નેમાં જેને કશું બંધન નથી, તથા જે બધા પદાર્થોની આશામાંથી રહિત, નિરાલંબ અને અપ્રતિબદ્ધ છે તેવો તે મહામુનિ ગર્ભમાં આવવા-જવાથી મુક્ત થાય છે એમ હું કહું છું

સૂચિ